દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 128 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 31 May 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૩૧ મે ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ભારતનો આર્થિક વિકાસદર ચીન કરતાં ઘણો વધી ગયો

નવી દિલ્હીઃ ભારતનો આર્થિક વિકાસદર ગયા જાન્યુઆરીથી માર્ચ સુધીના સમયગાળામાં ૭.૪ ટકા રહ્યો હતો, જ્યારે ચીનનો આર્થિક વિકાસદર ૨૦૨૫ના પ્રથમ ત્રણ મહિનામાં ૫.૪ ટકા રહ્યો હતો.

આમ છતાં, ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે નબળી કામગીરીને લીધે દેશનો આર્થિક વિકાસદર ૨૦૨૪-૨૫માં ઘટીને ચાર વર્ષના તળિયે ૬.૫ ટકા રહ્યો હતો.

ભારતનું અર્થતંત્ર વધીને અંદાજે ૩.૯ ટ્રિલ્યન ડૉલરનું થયું હતું અને આગામી થોડા વર્ષમાં તેને પાંચ ટ્રિલ્યન ડૉલરનું કરવાનો લક્ષ્યાંક રખાયો છે. આગલા વર્ષે એટલે કે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં આર્થિક વિકાસદર ૯.૨ ટકા રહ્યો હતો.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસે બહાર પાડેલા આંકડા મુજબ ભારતનો આર્થિક વિકાસદર ૨૦૨૫ના જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૭.૪ ટકા, ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીના સમયગાળામાં ૬.૪ ટકા, ૨૦૨૪ના જુલાઇથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ૫.૬ ટકા અને ગયા નાણાકીય વર્ષના એપ્રિલથી જૂનના ત્રિમાસિક ગાળા દરમિયાન ૬.૫ (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 87,660/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


ત્રાસવાદની 'ફેણ' પગતળે કચડી નાખીશું: મોદી ૧૧


મનન અભ્યાસ મંડળ — જાહેર આમંત્રણ

અધ્યયન વર્ગ મુંબઈ

| વાર /તારીખ | સમય | વિષય | સ્થળ |
|---|---|---|---|
| સોમવાર ૨-૬-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | શ્રીમદ્ ભગવદ્ગીતા | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૩-૬-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | પંચદશી (પ્ર.૧૦) નાટકદીપ | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૩-૬-૨૫ | સાંજે ૬ થી ૭ | પંચદશી (પ્ર.૬) ચિત્રદીપ | કે.ઈ.એસ.ઈન્ટરનેશનલ સ્કૂલ, હેમૂ કલાની ક્રોસ રોડ-૪, કાંદિવલી (પ.), મુંબઈ-૬૭ |
| બુધવાર ૪-૬-૨૫ | સાંજેઃ ૪.૦૦ થી ૫.૩૦ | શ્રીમદ્ ભગવદ્ગીતા, સંસ્કૃત વર્ગ | પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, ચૌપાટી, મલબાર હિલ, મુંબઈ- ૪૦૦ ૦૦૭ |
| ગુરૂવાર ૫-૬-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | યોગવશિષ્ઠ મહારામાયણ | પરમ કેશવ બાગ, નવરોજી લેન, દેરાસર પાસે, ઘાટકોપર-(પશ્ચિમ). |
| શનિવાર ૭-૬-૨૫ | સવારે ૮ થી ૯ | શ્રીમદ્ ભગવદ્ગીતા | IES નાબર ગુરૂજી અસેમ્બ્લી હૉલ નં.૨, કિંગ જ્યોર્જ સ્કુલ ગેટ-૨, સર ભાલચંદ્ર રોડ, હિંદુ કૉલની, દાદર(ઈ) |
| શનિવાર ૭-૬-૨૫ | સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ | શ્રીમદ્ ભાગવત મહાપુરાણ | શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ, ૧૦ મો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લા-(પશ્ચિમ), મુંબઈ |

પ્રવક્તાઃ પરમ પૂજ્ય માતાજી તન્મયાનંદ સરસ્વતી

આપ સૌ સાધક ભાઇ બહેનોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

સંપર્કઃ તરુણ ત્રાલસાવાલાઃ ૯૩૨૦૦૦૬૪૨૩ • વિજય મહેતાઃ ૯૮૨૧૦૮૬૧૪૫










LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એરફોર્સ ચીફે જાહેરમાં ફરિયાદ કરવી પડે એ શરમજનક કહેવાય

**ભારતે** પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના અડ્ડાઓનો ખુરદો બોલાવવા હાથ ધરેલા ઓપરેશન સિંદૂરના નશામાં આખો દેશ ઝૂમી રહ્યો છે ત્યારે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે એક ગંભીર મુદ્દા તરફ ધ્યાન દોર્યું છે. એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે એરફોર્સ માટેની ડિફેન્સ સિસ્ટમની ખરીદી અને ડિલિવરીમાં સતત થઈ રહેલા વિલંબ અંગે બળાપો કાઢતાં કહ્યું છે કે દેશનાં સંરક્ષણ દળો માટેની ડિફેન્સ સિસ્ટમ્સનો એક પણ પ્રોજેક્ટ એવો નથી જે સમયસર પૂરો થયો હોય. તેના કારણે એરફોર્સ સહિતનાં સંરક્ષણ દળોની કામગીરીને અસર થઈ રહી છે. આપણી સેના મજબૂત હોય તો યુદ્ધો જિતાય છે. આપણી સેનાની તમામ પાંખને મજબૂત બનાવવાની જવાબદારી આપણાં બધાંની છે પણ ડિલિવરીમાં વિલંબના કારણે ઓપરેશનલ તૈયારીઓ પર ગંભીર અસર પડે છે.

એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે તો એક ગંભીર સવાલ પણ કર્યો કે, આપણે એવાં વચનો કેમ આપીએ છીએ કે જે પૂરાં જ ન થઈ શકે ? એરફોર્સ ચીફના કહેવા પ્રમાણે તો ઘણી વખત કરાર પર સહી કરતી વખતે જ ખબર હોય છે કે પ્રોજેક્ટ સમયસર પૂરો થશે નહીં અને સમયસર ડીલિવરી મળશે નહીં છતાં કરાર પર સહી કરી નાખીએ છીએ. તેના કારણે આખી સિસ્ટમ બગડી જાય છે. એરફોર્સ ચીફે દેશના ઉદ્યોગ અને વ્યાપાર જગતના ધૂરંધરોની બનેલી કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ સીઆઇઆઇની વાર્ષિક વ્યાપાર સમિટમાં આ સવાલ ઉઠાવ્યા તેથી આખા દેશનું તેના તરફ ધ્યાન ખેંચાય એ સ્વાભાવિક છે.

એરફોર્સ ચીફે ઉઠાવેલો મુદ્દો ગંભીર છે ને વધારે ગંભીર વાત એ છે કે, એરફોર્સ ચીફે પહેલીવાર સિસ્ટમ સામે સવાલ કર્યા નથી. આ પહેલાં ૮ જાન્યુઆરીએ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે તેજસ ફાઇટર એરક્રાફ્ટની ડિલિવરીમાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી હતી. એ વખતે એરફોર્સ ચીફે કહ્યું હતું કે તેજસ એમકે૧એ ફાઇટર જેટ માટે ફેબ્રુઆરી ૨૦૨૧માં હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ સાથે રૂપિયા ૪૮,૦૦૦ કરોડનો કરાર કરવામાં આવ્યો હતો. તેજસની ડિલિવરી માર્ચ ૨૦૨૪થી શરૂ થવાની હતી પણ હજુ સુધી એક પણ વિમાન આવ્યું નથી. આઘાતની વાત એ છે કે, તેજસ એમકે૨નો પ્રોટોટાઇપ હજુ તૈયાર નથી. આપણે એડવાન્સ્ડ સ્ટીલ્થ ફાઇટર એએમસીએની વાત કરીએ છીએ પણ હજુ સુધી તેનો પ્રોટોટાઇપ પણ તૈયાર નથી.

એરફોર્સ ચીફે કહેલું કે, ૪૦ જેટ ફાઈટર હજુ સુધી એરફોર્સને મળ્યાં નથી અને ચીન જેવા દેશો પોતાની તાકાત વધારી રહ્યા છે ત્યારે આપણે રાહ જોઈને બેઠા છીએ. ચીને થોડા દિવસ પહેલાં જ સિક્સ્થ સ્ટીલ્થ જનરેશન લડાયક વિમાનનું પરીક્ષણ કરીને આખી દુનિયામાં સોપો પાડી દીધો હતો. દુનિયામાં અમેરિકા સહિતના દેશો હજુ ફિફ્થ જનરેશન ફાઈટર જેટ વાપરે છે ત્યારે ચીને દુનિયામાં સિક્સ્થ જનરેશન ફાઈટર જેટ બનાવનારો પહેલો દેશ બનવાની સિદ્ધિ મેળવીને સૌને ચકિત કરી દીધા હતા.

એરફોર્સ ચીફે એ સંદર્ભમાં આ નિવેદન આપેલું અને હવે પાંચ મહિના પછી તેમણે આ વાત ફરી દોહરાવવી પડી છે કેમ કે તેમની ટકોર છતાં સ્થિતીમાં કોઈ ફરક પડ્યો નથી. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ સરકારી કંપની છે અને સરકારી રાહે કામ કર્યા કરતી લાગે છે તેથી એરફોર્સ ચીફની ટકોર પછી પણ હજુ સુધી તેજસની ડિલિવરી શરૂ થઈ નથી.

એરફોર્સ ચીફની ટીપ્પણીને અત્યંત ગંભીરતાથી લેવાની જરૂર છે કેમ કે પહલગામ હુમલાને પગલે કરાયેલા ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાનના સંબંધો વધારે તણાવપૂર્ણ બન્યા છે. ભારતના આક્રમણથી બઘવાઈને પાકિસ્તાન ભલે અત્યારે ચૂપ બેસી ગયું હોય પણ એ લાંબો સમય ચૂપ નહીં રહે ને કોઈ ને કોઈ સળી કરશે જ. પાકિસ્તાનમાં નેતાઓ અને લશ્કરી અધિકારીઓની દુકાન જ ભારતીયોનાં લોહી રેડવાની કાયરતા પર ચાલે છે તેથી પાકિસ્તાન ચૂપ નહીં જ બેસે. બાંગ્લાદેશ અને ચીન પણ ભારતનાં દોસ્ત નથી એ જોતાં આપણા લશ્કરને વધારે સજ્જ કરવાની જરૂર છે જ. લશ્કરની જરૂરિયાતો પૂરી કરવી જરૂરી છે. એરફોર્સ ચીફે જાહેરમાં બે-બે વાર યોગ્ય સમયે ફાઈટર જેટની કે ડિફેન્સ સિસ્ટમની ડિલિવરી નથી મળતી એવી ફરિયાદ કરવી પડે એ શરમજનક કહેવાય. આ શરમ દૂર થવી જોઈએ અને કમ સે કમ કરારો થયા છે એ પ્રમાણે તો ડિલિવરી થવી જ જોઈએ.

આપણે ત્યાં હકારાત્મક ટીકાને પણ હકારાત્મક રીતે નહીં લેવાની ફેશન છે. કોઈ પણ ટીકા સામે ટ્રોલ આર્મી કૂદી પડે છે અને ટીકા કરનારના ઈરાદાને સમજ્યા વિના તેના પર દેશદ્રોહીનાં લેબલ લગાવવાની ઝુંબેશ શરૂ થઈ જાય છે. થોડા સમય પહેલાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરવા આવેલા વિદેશ સચિવ વિક્રમ મિસરીનો દાખલો તાજો છે. વિક્રમ મિસરી તો બિચારા સરકારે લીધેલા નિર્ણયની જાહેરાત કરવા આવેલા પણ જાણે તેમણે આ જ નિર્ણય લીધો હોય તેમ ટ્રોલ આર્મી તેમના પર તૂટી પડેલી. મિસરીની દીકરી અને પરિવાર વિશે ગંદી વાતો કરાઈ, ધમકીઓ પણ અપાઈ.

સદનસીબે એરફોર્સ ચીફની ટીકાના સંદર્ભમાં એવું કશું થયું નથી પણ એ પૂરતું નથી. એરફોર્સ ચીફે દેશની સુરક્ષા સામેના ગંભીર પડકારને લોકો સામે મૂક્યો છે ત્યારે લોકો તેને સમર્થન આપે એ જરૂરી છે. લશ્કરી શિસ્તના કારણે સામાન્ય રીતે લશ્કરી વડાઓ પોતાની તકલીફો કે સમસ્યાઓની વાત જાહેરમાં કરતા નથી. એરફોર્સ ચીફે ડિફેન્સ વેપન્સની ડિલિવરી ઝડપથી મળતી નથી તેની વાત લોકો સામે મૂકી તેનો અર્થ એ થયો કે, એ ગળે આવી ગયા છે. તેમની લાગણી સમજી શકાય એવી છે કેમ કે આધુનિક ટેકનોલોજીના જમાનામાં હથિયારો વિના દુશ્મન સામે લડી ના શકાય. અત્યારે ખાલી બહાદુરી ના ચાલે પણ બહાદુરી બતાવવા માટે હથિયારો પણ જોઈએ.

આપણા એરફોર્સે ઓપરેશન સિંદૂર વખતે બતાવેલી બહાદુરીને આખા દેશે વખાણી અને જવાનોની મર્દાનગીને સલામ કરી. એરફોર્સ ચીફની વાતનો એક અર્થ એ પણ છે કે, પૂરતાં વિમાનો સહિતનાં સાધનો નહીં હોવા છતાં એરફોર્સે જોરદાર કામગીરી કરી બતાવી છે. ભવિષ્યમાં એરફોર્સ આ રીતે જ દેશની સુરક્ષા કરે એ માટે તેને સજ્જ કરવું જરૂરી છે ત્યારે લોકોએ સોશિયલ મીડિયા પર તેમની વાતને ટેકો આપીને દબાણ પેદા કરવું જોઈએ. સરકાર સંરક્ષણ માટે પૂરતું બજેટ ફાળવે છે અને કરારો પણ કરે છે પણ તેનો ઝડપથી અમલ થાય એ પણ જરૂરી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
શનિવાર, તા. ૩૧-૫-૨૦૨૫, મહાદેવ વિવાહ (ઓરિસ્સા)

- ભારતીય દ્દિનાંક ૧૦, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૪થો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૧-૦૬ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૫-૧૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૦ (તા. ૧)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૮, રાત્રે ક. ૨૧-૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – પંચમી. મહાદેવ વિવાહ (ઓરિસ્સા), શુક્ર મેષમાં સવારે ક. ૧૧-૩૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં દસ્તાવેજ, દુકાન-વેપારના કામકાજ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેચ, ભગવાન શિવજીએ ધારણ કરેલ નાગદેવતાનું વિશેષરૂપે પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય અર્ધત્રિકોણ સર્વાંગી ઉદય, ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ વિચારો ફર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય અર્ધત્રિકોણ, ચંદ્ર-બુધ અર્ધત્રિકોણ (તા. ૧) શુક્ર અશ્વિની પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મીન/મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ભારતના સ્વદેશી શસ્ત્રોની તાકાત વિશ્વે જોઇ લીધી છેઃ મોદી

- 'પાકિસ્તાને યુદ્ધ રોકવા આજીજી કરી હતી'
- ઉત્તર પ્રદેશને ₹ ૪૭,૬૦૦ કરોડના વિકાસકાર્યની ભેટ

કાનપુર (ઉત્તર પ્રદેશ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઑપરેશન સિંદૂર હજી પૂરું નહિ થયું હોવાની અહીં શુક્રવારે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર સેનાની આ લશ્કરી કામગીરી વખતે વિશ્વે ભારતના સ્વદેશી શસ્ત્રોની તાકાત જોઇ લીધી હતી. પાકિસ્તાને યુદ્ધ રોકવા આજીજી કરવી પડી હતી.

મોદીએ ઉત્તર પ્રદેશ માટેના રૂપિયા ૪૭,૬૦૦ કરોડના ૧૫ વિકાસકાર્યનું ઉદ્ઘાટન અથવા શિલારોપણ કર્યું હતું.

વડા પ્રધાન જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા ત્રાસવાદી હુમલામાં માર્યા ગયેલા શુભમ દ્વિવેદીના પરિવારના સભ્યોને મળ્યા હતા અને સાંત્વન આપ્યું હતું. મોદીની હાજરીમાં શુભમના પરિવારના બધા સભ્ય રડવા લાગ્યા હતા. મોદીએ અહીં જાહેરસભાને સંબોધતી વખતે જણાવ્યું હતું કે કાનપુરના દીકરા શુભમ દ્વિવેદીની પણ ત્રાસવાદીઓએ પહલગામમાં હત્યા કરી હતી. આપણી દીકરી (શુભમની પત્ની) પર આવી પડેલા દુઃખ અને તેના ગુસ્સાને આપણે સૌ સમજી શકીએ છીએ. વિશ્વે ત્રાસવાદીઓ અને તેઓને સહાય કરનારા લોકો સામેનો ભારતીયોનો ગુસ્સો તાજેતરમાં જ જોયો છે. ઑપરેશન સિંદૂર હજી પૂરું નથી થયું. તેમાં આપણા લશ્કરે પાકિસ્તાનની અંદર સેંકડો માઇલ ઘૂસીને હુમલા કર્યા હતા. ભારતીય શસ્ત્રો, બ્રહ્મોસ મિસાઇલોએ દુશ્મનોના પ્રદેશમાં ઘૂસીને મોટા પાયે વિનાશ વેર્યો હતો. મોદીએ દાવો કર્યો હતો કે ભારતીય સૈનિકોની બહાદુરી અને સ્વદેશી શસ્ત્રોની તાકાત જોઇને પાકિસ્તાને યુદ્ધ બંધ કરાવવા આજીજી કરવી પડી હતી. દરમિયાન, મોદીએ કાનપુર મેટ્રો રેલના ભૂગર્ભ વિભાગનું અને ૬૬૦ મેગાવૉટના ત્રણ વીજ મથક અને થર્મલ પાવર પ્રૉજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. (એજન્સી)

# જમ્મુ-કાશ્મીરમાં વિકાસ અટકશે નહીંઃ અમિત શાહ

પૂંચ/જમ્મુઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૨૦૧૪ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો જમ્મુ અને કાશ્મીરનો વિકાસ, તાજેતરની ઉશ્કેરણીઓ છતાં અટકશે નહીં કે ધીમો પડશે નહીં, અને ચેતવણી આપી હતી કે ભારતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓને "મજબૂત અને નિર્ણાયક" જવાબનો સામનો કરવો પડશે.

સરહદી જિલ્લામાં પૂંચથી ખાતરી અને સંકલ્પનો સંદેશ આપતા શાહે કહ્યું કે તાજેતરની અશાંતિને કારણે વિકાસમાં વિરામ ફક્ત ક્ષણિક છે અને કેન્દ્રશાસિત પ્રદેશની પ્રગતિ ટૂંક સમયમાં ફરી ગતિ પકડશે.

એમણે તાજેતરના ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષ દરમિયાન એક વરિષ્ઠ અધિકારીના બલિદાનને સ્વીકારતા સશસ્ત્ર દળો અને નાગરિક વહીવટની બહાદુરી અને તત્પરતાની પ્રશંસા કરી હતી. તેમણે ગોળીબાર દરમિયાન નાગરિકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં વહીવટીતંત્રના ઝડપી પ્રતિભાવની પણ પ્રશંસા કરી હતી.

શાહે અહીં લોકોને સંબોધતા કહ્યું. શાહે કહ્યું કે ૨૦૧૪માં વડા પ્રધાન મોદીએ પદ સંભાળ્યા પછી તરત જ, નાગરિકોની સુરક્ષા માટે સરહદ પર બંકર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં ૯૫૦૦ થી વધુ બંકર બનાવવામાં આવ્યા છે, જેણે છેલ્લા ત્રણ દિવસમાં લોકોનાં જીવ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

તેમણે ઉમેર્યું હતું કે ભારત સરકાર, અહીંના વહીવટીતંત્ર સાથે સંકલનમાં, આગામી દિવસોમાં સરહદી વિસ્તારોમાં નાગરિક સુરક્ષાને વધારવા માટે વધુ બંકર બનાવશે.

સીમાવર્તી ક્ષેત્રના રહેવાસીઓ સાથે મજબૂત રીતે ઉભા રહેતા શાહે કહ્યું કે, "સમગ્ર રાષ્ટ્ર, ભારત અને જમ્મુ અને કાશ્મીરની સરકારો તમારી સાથે ખડકની જેમ ઊભા છે. આતંકવાદીઓ અને પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા કૃત્યો ભારતની સંરક્ષણ નીતિને વધુ મજબૂત બનાવશે."

આતંકવાદ પર વડા પ્રધાન મોદીના મક્કમ વલણને દોહરાવતા શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આતંકવાદ અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં. આતંકવાદ અને વેપાર એકસાથે ચાલી શકે નહીં. લોહી અને પાણી એકસાથે વહી ન શકે."

શાંતિ અને પ્રગતિ પર ભાર મૂકતા શાહે કહ્યું, "હું જમ્મુ અને કાશ્મીરના લોકોને ખાતરી આપું છું કે ૨૦૧૪માં શરૂ થયેલ વિકાસ સંપૂર્ણ તાકાતથી ફરી શરૂ થશે. જે કોઈ તેને વિક્ષેપિત કરવાનો પ્રયાસ કરશે તેને શક્તિશાળી અને યોગ્ય જવાબ આપવામાં આવશે."

એમણે કહ્યું કે પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં, ખાસ કરીને પૂંચમાં, ભારે ગોળીબાર કરીને "અત્યંત નિંદનીય કૃત્ય" કર્યું છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતે કોઈપણ નાગરિકને નુકસાન પહોંચાડ્યા વિના સરહદ પાર આતંકવાદી માળખાને ચોક્કસ રીતે નિશાન બનાવીને જવાબ આપ્યો છે.

તાજેતરના ગોળીબારને "સ્વતંત્રતા પછી પૂંચમાં સૌથી ખરાબ" ગણાવતા શાહે કહ્યું કે પાકિસ્તાન દ્વારા નાગરિક ઘરો, મંદિરો, ગુરુદ્વારા અને મસ્જિદોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

"આ એક ખૂબ જ નિંદનીય કૃત્ય છે. પાકિસ્તાને નાગરિકોનો માનવ ઢાલ તરીકે ઉપયોગ કર્યો. આ ઉશ્કેરણી પછી જ, આપણા દળોએ તાકાત અને ચોકસાઈ સાથે જવાબ આપ્યો," એમ તેમણે કહ્યું.

શાહે એકતા વ્યક્ત કરવા માટે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી અને જાહેરાત કરી હતી કે કેન્દ્ર દ્વારા ટૂંક સમયમાં નુકસાન પામેલા ઘરો, વ્યવસાયો અને ધાર્મિક સ્થળો માટે એક ખાસ રાહત પેકેજ રજૂ કરવામાં આવશે.

"અમે હુમલામાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓના પરિવારોને નિમણૂકપત્રો પહેલાથી જ આપી દીધા છે. આ ક્યારેય નુકસાનની ભરપાઈ કરી શકશે નહીં, પરંતુ તે તેમના બોજને વહેંચવાનું એક પગલું છે," એમ તેમણે કહ્યું. પ્રશાસન અને સુરક્ષા દળોના ઝડપી પ્રતિભાવની પ્રશંસા કરતા શાહે કહ્યું કે, "વરિષ્ઠ અધિકારીઓએ પણ બલિદાન આપ્યું. ઉપરાજ્યપાલ, વહીવટીતંત્ર અને પોલીસે ગોળીબારવાળા વિસ્તારોમાંથી રહેવાસીઓને બહાર કાઢવા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે અથાક મહેનત કરી છે."

### જાસૂસીને મામલે રાજસ્થાનથી ધરપકડ કરાયેલ વ્યક્તિની કબૂલાત

# પાકિસ્તાનમાં ૯૦ દિવસ રહ્યોઃ આઇએસઆઇના અધિકારીઓને મળ્યો હતો

નવી દિલ્હીઃ જાસૂસીને મામલે રાજસ્થાનથી ધરપકડ કરાયેલ વ્યક્તિએ કબૂલાત કરી હતી કે તે ૯૦ દિવસ પાકિસ્તાનમાં રહ્યો હતો અને પાક જાસૂસી સંસ્થા ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ)ના અધિકારીઓને મળ્યો હતો. ધરપકડ કરાયેલ વ્યક્તિને કાસિમ (૩૪) તરીકે ઓળખી કાઢવામાં આવી હતી. કાસિમ જાસૂસી પ્રવૃત્તિઓ માટે પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઑપરેટિવ્સ (પીઆઈઓ)ને ભારતીય મોબાઈલ સીમ કાર્ડ પહોંચાડતો હતો.

કાસિમ ઑગસ્ટ ૨૦૨૪ અને માર્ચ ૨૦૨૫ એમ બે વખત પાકિસ્તાન ગયો હતો અને ત્યાં ૯૦ દિવસ રહ્યો હતો.

પાકિસ્તાનની મુલાકાત દરમિયાન તે પાક જાસૂસી સંસ્થા આઈએસઆઈના અધિકારીઓને પણ મળ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું.

કાસિમ ડિગ જિલ્લાના ગંગોરા ગામનો વતની છે એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં અમને ગુપ્ત માહિતી મળી હતી કે ભારતીય સેના અને મહત્ત્વના સરકારી સંસ્થાનો સંબંધિત સંવેદનશીલ માહિતી એકઠી કરવા પીઆઈઓ દ્વારા ભારતીય મોબાઈલ નંબરોનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ મોબાઈલ સીમ કાર્ડ ભારતમાંથી પ્રાપ્ત કરી ભારતીય નાગરિકની મદદથી સરહદપાર મોકલવામાં આવી રહ્યા છે.

અધિકારીઓના જણાવ્યાનુસાર આ સીમ કાર્ડ મારફતે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી પીઆઈઓએ ભારતીય સેના અને સરકારી સંસ્થાનોની સંવેદનશીલ અને વર્ગિકૃત માહિતી એકઠી કરવા ભારતીય નાગરિકનો સંપર્ક સાધ્યો હતો. મળેલી બાતમીને આધારે કાયદાની યોગ્ય કલમ અંતર્ગત ગુનો દાખલ કરી તપાસ આરંભવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

તપાસ દરમિયાન કાસિમનું નામ સપાટી પર આવ્યું હતું. વધુ તપાસ કરતાં કાસિમ બે વાર પાકિસ્તા ગયો હતો અને ત્યાં લગભગ ૯૦ દિવસ રોકાયો હતો તેમ જ પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈના અધિકારીઓને પણ મળ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. (એજન્સી)

# કર્ણાટકના દરિયા કાંઠાના વિસ્તારોમાં મુશળધાર વરસાદ અને ભૂસ્ખલનથી પાંચનાં મોત

મેંગલુરુઃ કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લામાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે પાંચ લોકોનાં મોત થયાં છે. અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુરુવારે રાત્રે અહીં નજીક મોન્ટેપદાવુ કોડી થયેલા ભૂસ્ખલનના કારણે એક ઘરના પાંચ લોકો કાટમાળમાં દટાઈ ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે કાટમાળમાંથી એક મહિલા અને તેના બાળકને બચાવી લેવામાં આવ્યા હતા અને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, મહિલાનું બીજું બાળક મૃત હાલતમાં મળી આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ અને સ્થળ સુધી મર્યાદિત પહોંચને કારણે બચાવ કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. એનડીઆરએફ અને એસડીઆરએફ અને સ્થાનિક પોલીસ કાટમાળ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બચાવ અભિયાનમાં જોડાયા હતા.

# બોલિવૂડ અભિનેતા અર્શદ વારસીએ રોકાણકારો સાથે કરી છેતરપિંડીઃ સેબીએ એક વર્ષનો પ્રતિબંધ મૂક્યો

મુંબઇ : શૅરબજાર નિયમનકાર સેબીએ બોલિવૂડ અભિનેતા અર્શદ વારસી, તેમની પત્ની અને તેમના ભાઈ પર સિક્યોરિટીઝ માર્કેટમાંથી એક વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે. અર્શદ વારસી ઉપરાંત, સેબીએ ૫૮ અન્ય લોકોને પણ બજારમાંથી પ્રતિબંધિત કર્યા છે. સેબીનું કહેવું છે કે આ લોકો બજારમાં છેતરપિંડીની પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહી એક મોટા સ્ટોક કૌભાંડમાં તેમની કથિત ભૂમિકા અંગે કરવામાં આવી છે, જેમાં યુટ્યૂબ ચેનલો દ્વારા શૅરના ભાવમાં છેડછાડ કરવામાં આવી હતી. આ કેસમાં કુલ ૫૯ લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા છે, જેમણે સાધના બ્રોડકાસ્ટ લિમિટેડ (હવે ક્રિસ્ટલ બિઝનેસ સિસ્ટમ લિમિટેડ) ના શૅરના ભાવમાં કૃત્રિમ રીતે વધારો કરીને લાખો કમાયા હતા.

મીડિયા રિપોર્ટ મુજબ સેબીની તપાસ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે અભિનેતા અર્શદ વારસીએ ૧૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ ૧,૮૭,૫૦૦ શૅર ખરીદ્યા હતા, જ્યારે તેની પત્ની મારિયા ગોરેટીએ તે જ દિવસે ૨,૬૫,૦૦૪ શૅરમાં રોકાણ કર્યું હતું. આ રોકાણ પછી તરત જ, યુટ્યૂબ ચેનલો પર ભ્રામક વીડિયો અપલોડ કરવામાં આવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સાધના બ્રોડકાસ્ટ કંપની ટૂંક સમયમાં કોઈ મોટી ટેક કંપની દ્વારા હસ્તગત કરવામાં આવશે અથવા તેની પાસે લાઇસન્સ છે. આ ખોટા દાવાઓને કારણે શૅરના ભાવમાં તીવ્ર વધારો થયો હતો.

થોડા દિવસોમાં, અર્શદ વારસી અને મારિયા ગોરેટીએ તેમના શૅર વેચી દીધા અને અનુક્રમે રૂ.૪૧.૭૦ લાખ અને ₹૫૦.૩૫ લાખનો નફો કર્યો. સેબીએ આ નફાને અનૈતિક લાભ ગણાવ્યો છે. ઉપરાંત, તેમને એક વર્ષ માટે કોઈપણ પ્રકારની સિક્યોરિટીઝ ટ્રેડિંગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સેબીની તપાસમાં બહાર આવ્યું છે કે આ કૌભાંડ પંપ-એન્ડ-ડમ્પ યોજનાનો ભાગ હતું.

પ્રથમ તબક્કામાં, પ્રમોટર્સ અને તેમના સહયોગીઓએ પરસ્પર વ્યવહારો દ્વારા કૃત્રિમ રીતે શૅરની કિંમતમાં વધારો કર્યો. આ પછી, બીજા યુટ્યૂબ ચેનલો દ્વારા ભ્રામક વીડિયોઝ અપલોડ કરવામાં આવ્યા હતા. આ વીડિયોઝમાં કહેવામાં આવ્યું હતું કે કંપનીના શૅર ખૂબ જ ટૂંક સમયમાં મોટો ધમાકો કરવાના છે, જેના કારણે છૂટક રોકાણકારોએ આ શૅર ઝડપથી ખરીદ્યા.

વીડિયો દ્વારા કરવામાં આવેલા પ્રમોશનમાં કહેવામાં આવ્યું હતું કે કંપની ટૂંક સમયમાં અદાણી ગ્રૂપ જેવા મોટા જૂથ દ્વારા હસ્તગત કરવામાં આવશે અને તેનો નફો આગામી છ મહિનામાં બમણો થઈ શકે છે. આ પ્રકારના ખોટાં વચનોએ હજારો રિટેલ રોકાણકારોને ફસાવ્યા, જેમણે ઊંચા ભાવે શૅર ખરીદ્યા, જ્યારે આંતરિક લોકોએ તે સમયે ઊંચા ભાવે તેમના શૅર વેચીને મોટો નફો કર્યો.

આ કેસને સોશિયલ મીડિયા અને યુટ્યૂબ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ શૅરબજારમાં ચાલાકી કરવા માટે કેવી રીતે થઈ શકે છે તેના મોટા પાઠ તરીકે જોવામાં આવી રહ્યો છે. નાના રોકાણકારોને ચેતવણી આપવામાં આવી છે કે તેઓ કોઈપણ યુટ્યૂબ વીડિયો અથવા સોશિયલ મીડિયા પોસ્ટના આધારે તપાસ કર્યા વિના રોકાણ ન કરે.

# તમિળનાડુમાં વધુ ચાર નવી સરકારી આર્ટ્સ અને સાયન્સ કોલેજ શરૂ કરાશે

ચેન્નઇ : તમિળનાડુના મુખ્યપ્રધાન એમ.કે. સ્ટાલિને શુક્રવારે જાહેરાત કરી હતી કે તમિળનાડુ સરકાર આગામી શૈક્ષણિક વર્ષમાં વધુ ચાર નવી સરકારી આર્ટ્સ અને સાયન્સ કોલેજો ખોલવામાં આવશે. જેથી ગ્રામીણ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે.

આ સરકારી કોલેજો ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષ દરમિયાન વેલ્લોર જિલ્લાના કે વી કુપ્પમ, તિરુચિરાપલ્લી જિલ્લાના થુરૈયુર, કલ્લાકુરિચી જિલ્લાના ઉલુંદુરપેટ અને તિરુવન્નામલાઈ જિલ્લાના ચેંગમ ખાતે શરૂ કરવામાં આવશે. અહીં એક સત્તાવાર પ્રકાશમાં મુખ્ય પ્રધાનને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ નિર્ણયથી આ જિલ્લાઓના ૧૧૨૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

વધુમાં કહેવામાં આવ્યું છે કે પુડુમાઇપેન અને તમિલ પુતલાવન જેવી પાયલોટ યોજનાઓને કારણે તમિળનાડુમાં ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓની નોંધણી સતત વધી રહી છે. ઉચ્ચ શિક્ષણની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે મુખ્ય પ્રધાને ૨૬ મેના રોજ ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી સચિવાલયમાં વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ૧૧ નવી સરકારી આર્ટ્સ અને સાયન્સ કોલેજોનું ઉદ્ઘાટન કર્યું હતું. આ સંસ્થાઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી કાર્યરત થશે.

પહેલા પાનાનું ચાલુ

### ભારતનો

ટકા રહ્યો હતો. ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)નો વિકાસદર ૨૦૨૩-૨૪ના જાન્યુઆરીથી માર્ચના ત્રિમાસિક ગાળામાં ૮.૪ ટકા હતો.

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વિકાસદર ૨૦૨૩-૨૪માં ૧૨.૩ ટકા હતો, તે ૨૦૨૪-૨૫માં ઘટીને ૪.૫ ટકા થઇ ગયો હતો.

કૃષિ ક્ષેત્રે વિકાસદર ૨૦૨૩-૨૪માં ૨.૭ ટકા હતો, જે ૨૦૨૪-૨૫માં વધીને ૪.૬ ટકા થયો હતો.

મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વિકાસદર ૨૦૨૩-૨૪ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૧૧.૩ ટકા હતો, જે ૨૦૨૪-૨૫ના જાન્યુઆરીથી માર્ચના સમયગાળામાં ઘટીને ૪.૮ ટકા થયો હતો.

બાંધકામ ક્ષેત્રે ૨૦૨૩-૨૪ના અંતિમ ત્રિમાસિક ગાળામાં વિકાસદર ૮.૭ ટકા હતો, જે ૨૦૨૪-૨૫ના જાન્યુઆરીથી માર્ચ સુધીના સમય દરમિયાન વધીને ૧૦.૮ ટકા થયો હતો.

કૃષિ ક્ષેત્રે ૨૦૨૩-૨૪ના અંતિમ ત્રિમાસિક ગાળામાં વિકાસદર ૦.૯ ટકા હતો, જે ૨૦૨૪-૨૫ના તે સમય દરમિયાન વધીને ૫.૪ ટકા થયો હતો. (એજન્સી)


મજુરીના દરમાં રાહત...
0 મેકિંગ ચાર્જીસ
સોનાના દાગીનાના સિલેક્ટેડ સ્ટૉક પર
₹ 299 સોનાના દાગીનાની મજુરી પ્રતિ ગ્રામ અને તેથી વધુ
ઓલ્ડ ગોલ્ડ એક્સચેંજ
આપના જુનાં સોનાની ૧૦૦% કિંમત કોઈપણ કપાત વિના મેળવો
Hall Mark ગોલ્ડ જ્વેલરી
FVVS સર્ટિફાઇડ ડાયમંડ જ્વેલરી
Since 1993
S.Girdharlal Adenwala Jewellers
SCAN FOR MORE DETAILS
@SGADENWALAJEWELLERS
Arihant Apt., Near irla Nursing Home, S.V. Road., Vile Parle (W), Mumbai - 56. Ph : 75061 11918
www.sgajewellers.com
Valet Parking Available | Time : 10.30 am to 7.30 pm | ALL DAYS OPEN


Fitness Highway
SLIMMING BEAUTY & WELLNESS
DR. BHAVANA SHAH FITNESS CARE PVT. LTD.
www.fitnesshighway.in
VACATION WEIGHT LOSS
Walking daily and following a diet, but still not losing weight?
It's Time for a Smarter Solution
LOSE UP TO 10 KG IN JUST 2 MONTHS..!*
*Terms and Conditions Apply
Spot Reduction - Targeted Fat Loss for
Tummy, Arms, Hips & Thighs!
Advanced Technology
MULTISLIM MACHINE
VISIT FITNESS HIGHWAY
Safe, Fast, and Effective Weight Loss Solutions!
MALE-SPECIFIC Weight Loss & Tummy Tuck Center In Mumbai
*Advertisement for preliminary purposes only. Pictures representative. Results vary from person to person.
Santacruz (W) 9082171429
Borivali (W) 8779170578
Erandwane (Pune) 8390908643
*Medical advise recommend before use. Condition apply.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અકસ્માતમાં મૃત્યુ પામેલા શખસના પરિવારને ૫૯.૨ લાખ ચૂકવવાનો એમએસીટીનો આદેશ

થાણે: છ વર્ષ અગાઉ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા શખસના પરિવારજનોને ૫૯.૨ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ મોટર વેહિકલ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) આપ્યો છે. સભ્ય એસ.એન. શાહની અધ્યક્ષતામાં ટ્રિબ્યુનલે અકસ્માતમાં ઘવાયેલી મૃતકની પત્નીને પણ ૧૦ લાખ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

એમએસીટી દ્વારા ૨૧ મેના અપાયેલા આદેશમાં જણાવાયું છે કે નો-ફોલ્ટ લાયબિલિટી સાથેનું વળતર સંયુક્ત રીતે અને સંપૂર્ણ રીતે ગુનો આચરનાર વાહનના માલિક અને વીમા કંપની દ્વારા ચૂકવવાનું રહેશે. દૂધનો પુરવઠાદાર નામદેવ નારાયણ ખારિક અને તેની પત્ની કમલાબાઇ ૧૭ માર્ચ, ૨૦૧૯ના રોજ મોટરસાઇકલ પર મુંબઈ-નાશિક હાઇવે પરથી જઇ રહ્યાં હતાં ત્યારે કાર સાથે તેમની મોટરસાઇકલ અથડાઇ હતી.

પીડિત પરિવારનું પ્રતિનિધિત્વ કરનારા એડવોકેટ એસ.એમ. પવારે એમએસીટીને જણાવ્યું હતું કે એ સમયે ૪૮ વર્ષના નામદેવની માસિક આવક ૫૦ હજાર રૂપિયા હતી. નામદેવના પરિવારજનોએ દસ્તાવેજો રજૂ કર્યા હતા, જે દર્શાવે છે કે તેમની પાસે ઘણી ભેંસ હતી. કારનો માલિક સંદીપ શેંડગે એક પક્ષીય (પ્રક્રિયામાં ગેરહાજર) રહ્યો. વીમા કંપની ચોલામંડલમ એમએસ જનરલ ઇન્શ્યૂરન્સ કંપની લિમિટેડનું પ્રતિનિધિત્વ એડવોકેટ પી.ટી. સોનાર દ્વારા કરાયું હતું. તમામ રજૂઆતો સાંભળ્યા બાદ એમએસીટીએ આદેશ આપ્યો હતો કે પીડિતના પરિવારને અરજી દાખલ કર્યાની તારીખથી ચુકવણી થાય ત્યાં સુધી આઠ ટકા વ્યાજ સાથે ૫૯.૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવે, જ્યારે અકસ્માતમાં ઇજા પામેલી કમલાબાઇને પણ ૧૦.૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# નવી મુંબઈ ઍરપોર્ટનું નામ ડી. બી. પાટીલના નામ પર જ, નહીં તો...

## ઍક્શન કમિટીએ ચીમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું સંચાલન આ વર્ષના અંતમાં શરૂ થવાની ધારણા છે, ત્યારે શુક્રવારે એક સર્વપક્ષી એક્શન કમિટીએ એરપોર્ટનું નામ દિવંગત નેતા ડી. બી. પાટિલના નામ પરથી રાખવાની માગણી પર ભાર મૂક્યો હતો અને જો તે પૂર્ણ નહીં થાય તો 'અસંતોષનો વિસ્ફોટ' થવાની ચેતવણી ઉચ્ચારી હતી.

'લોકનેતે ડી. બી. પાટિલ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઓલ-પાર્ટી એક્શન કમિટી'ના અધ્યક્ષ દશરથ પાટીલે થાણેમાં યોજાયેલી એક પત્રકાર પરિષદ દરમિયાન આ માગણીનો પુનરોચ્ચાર કર્યો હતો.

'નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું નામ તાત્કાલિક ધોરણે 'લોકનેતે ડી. બી. પાટિલ'ના નામ પરથી રાખવું જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ મુદ્દે એક્શન કમિટી સાથે બેઠક કરવાની વિનંતી કરી હતી.

દાયકાઓ પહેલા જ્યારે શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ (સિડકો)એ આ વિસ્તારમાં જમીન સંપાદનની શરૂઆત કરી ત્યારે રાયગઢ જિલ્લાના પનવેલ તાલુકાની આસપાસના ખેડૂતો અને જમીનમાલિકો દ્વારા ડી.બી. પાટીલના નેતૃત્વ હેઠળ અનેક વિરોધ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

'નવી મુંબઈ એરપોર્ટને ડી.બી. પાટીલના નામ પર રાખવાનો મુદ્દો કેન્દ્ર સમક્ષ પેન્ડિંગ છે. રાજ્ય સરકારે તાત્કાલિક વડા પ્રધાન મોદી સાથે કાર્યકારી સમિતિના પદાધિકારીઓની બેઠક યોજવી જોઈએ અને નામની જાહેરાત કરવી જોઈએ. નહિંતર અસંતોષનો વિસ્ફોટ થશે,' એવી ચેતવણી તેમણે આપી હતી. 'મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોમાં (એરપોર્ટનું નામ ડી.બી. પાટીલના નામ પર રાખવા અંગે)નો ઠરાવ રજૂ કરવામાં આવ્યો છે અને કેન્દ્રને મોકલવામાં આવ્યો છે, પરંતુ તે હજુ પણ કેન્દ્ર સમક્ષ પેન્ડિંગ છે. એરપોર્ટનું બાંધકામ મોટાભાગે પૂર્ણ થયું હોવાથી અને નવેમ્બરથી ફ્લાઇટ કામગીરી શરૂ થવાની ધારણા હોવાથી, તાત્કાલિક તેનું નામ ડી.બી. પાટીલના નામ પર રાખવું હિતાવહ છે,' એમ તેમણે કહ્યું હતું.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી સાથે અગાઉ થયેલી બેઠક છતાં આ મુદ્દો પેન્ડિંગ છે, એમ જણાવતાં પાટીલે ઉમેર્યું હતું કે કેન્દ્રે તેનો ઝડપથી ઉકેલ લાવવો જોઈએ. પાટીલે એવી પણ માગણી કરી હતી કે એરપોર્ટ પર નોકરીઓમાં થાણે, રાયગઢ, પાલઘર, મુંબઈ જિલ્લાના પ્રોજેક્ટ પ્રભાવિત લોકો અને જમીનમાલિકોને પ્રાથમિકતા આપવામાં આવે.

# બાઈકરની હત્યા પ્રકરણે આરોપી મહિલાને નવજાત બાળક હોવાથી હાઈ કોર્ટે આગોતરા જામીન આપ્યા

મુંબઈ: બૉમ્બે હાઈ કોર્ટે વાહનચાલકના આક્રમક વર્તનના કેસમાં એક મહિલાને આગોતરા પૂર્વ જામીન મંજૂર કર્યા છે. કેસ અનુસાર તેણે અને તેના પતિએ બે મહિના પહેલા કથિત રીતે એક બાઈક ચાલકની મારપીટ કરતા તેનું મૃત્યુ થયું હતું. અદાલતે નોંધ્યું હતું કે મારપીટની ઘટના બની ત્યારે મહિલા સગર્ભા હતી અને આ મહિનાની શરૂઆતમાં તેણે એક બાળકને જન્મ આપ્યો હતો. ન્યાયમૂર્તિ અશ્વિન ભોબેની વેકેશન બેન્ચે મંગળવારે પસાર કરેલા આદેશમાં જણાવ્યું હતું કે મહિલાને પોલીસ કસ્ટડીમાં બોલાવી પૂછપરછ કરવાની જરૂર નથી. આરોપી મહિલા અનમ અંસારી અને તેના પતિ અહમદ અંસારી પર આ વર્ષે માર્ચ મહિનામાં મુંબઈના વાકોલા વિસ્તારમાં ઓમપ્રકાશ શર્મા પર હુમલો કરીને તેની હત્યા કરવાનો કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃતક અચાનક મોટર સાયકલ સામે આવી ઊભો રહી જતા આરોપી દંપતીની મૃતક સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી હતી. આ કેસમાં અહમદ અન્સારીની ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. ઘટના સમયે મહિલા ૩૦ અઠવાડિયાની ગર્ભવતી હતી. એપ્રિલમાં સેશન્સ કોર્ટે તેની આગોતરા જામીન અરજી નામંજૂર કરતા તેણે હાઇકોર્ટમાં અરજી કરી હતી. મહિલાના એડવોકેટ શેખરસિંહે હાઇકોર્ટમાં દલીલ કરી હતી કે મહિલાએ બાળકને જન્મ આપ્યો છે અને માત્ર ૨૫ દિવસનું હોવાથી તેને રાહત આપવી જોઈએ.

ફરિયાદી પક્ષે આ અરજીનો વિરોધ કરતાં એવો દાવો કર્યો હતો કે પેવર બ્લોક મળી આવ્યો છે, પરંતુ મહિલા દ્વારા પીડિતા પર હુમલો કરવા માટે ઉપયોગમાં લેવાયેલી ચંપલ અને હેલ્મેટ હજુ સુધી જપ્ત નથી કરવામાં આવ્યા અને ગુનો ગંભીર છે.

# 'લવ જિહાદ'માં સંડોવાયેલા ગુનેગારોને શરિયા મુજબ સજા મળવી જોઈએ: ભાજપ

ઈન્દોર: 'લવ જિહાદ'માં સામેલ થઈને કાયદાનું ઉલ્લંઘન કરનારા ગુનેગારોની આંખો બહાર ખેંચી કાઢી તેમના હાથ કાપી નાખવા જોઈએ, એમ ભારતીય જનતા પાર્ટીનાં વિધાનસભ્યે ગુરુવારે જણાવી ઉમેર્યું હતું કે પરંપરાગત ઈસ્લામિક કાયદો શરિયામાં આવા ગુનેગારો માટે આવી આકરી સજાની જોગવાઈ છે. મુસ્લિમ પુરુષો અન્ય ધર્મની મહિલાઓને લલચાવી તેમની સાથે લગ્ન કરી તેમનું ઈસ્લામમાં ધર્માંતરણ કરે છે એ પ્રવૃત્તિ માટે 'લવ જિહાદ' શબ્દનો ઉપયોગ જમણેરી સંગઠનો દ્વારા કરવામાં આવે છે. ઇન્દોર અને ભોપાલમાં લવ જિહાદના કથિત કિસ્સાઓ વિશે પૂછવામાં આવતા રાજ્યના ભૂતપૂર્વ સાંસ્કૃતિક બાબતોના પ્રધાન ઉષા ઠાકુરે જણાવ્યું હતું કે આ ઘટનાઓમાં સામેલ લોકો પોતે ભલમનસાઈનું ધાર્મિક કામ કરી રહ્યા છે એવું અત્યંત દ્વેષભાવથી કહેતા હોય છે. ઈન્દોર જિલ્લાના મહૂનું પ્રતિનિધિત્વ કરનારા શાસક પક્ષનાં વિધાનસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે માનવતા અને નૈતિકતાની વિરુદ્ધ કામ કરનારા આવા ગુનેગારોને શરિયા કાયદા મુજબ સજા થવી જોઈએ. ઉષા ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે જો આવા દુષ્ટ લોકોને (પોલીસ દ્વારા) પકડવામાં આવશે, તો તેમને બક્ષવામાં નહીં આવે. તેમના મકાનો, સંપત્તિ, બધું જપ્ત કરવામાં આવશે અને ભિખારીની જેમ રસ્તા પર ભટકવાનો વારો આવશે.

# થાણે - ઘોડબંદરથી ભાયંદર ટનલ:

## એલિવેટેડ રોડ પ્રોજેક્ટ માટેના ટેન્ડર આખરે રદ કરતી એમએમઆરડીએ

મુંબઈ: થાણે-ઘોડબંદરથી ભાયંદર ટનલ અને એલિવેટેડ રોડ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયાની પારદર્શિતા પર પ્રશ્નો ઊભા થતાં, સુપ્રીમ કોર્ટની ચેતવણીને ધ્યાનમાં લઈને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) પીછેહઠ કરી છે. એમએમઆરડીએએ પ્રોજેક્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા રદ કરવાનો નિર્ણય લીધો છે અને શુક્રવારે સુપ્રીમ કોર્ટને તેની જાણ કરવામાં આવી હતી.

મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈ, ન્યાયાધીશ ઓગસ્ટિન મસીહ અને ન્યાયાધીશ અતુલ ચાંદુરકરની ખાસ બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન એમએમઆરડીએ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કોર્ટને માહિતી આપી હતી કે પ્રોજેક્ટ માટે ચાલી રહેલી ટેન્ડર પ્રક્રિયા રદ કરવામાં આવી છે. આની નોંધ લેતા, મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે પારદર્શિતાના યુગમાં એમએમઆરડીએનો આ નિર્ણય પ્રશંસનીય છે અને વ્યાપક જાહેર હિતમાં સમગ્ર ટેન્ડર પ્રક્રિયા રદ કરવામાં આવી છે. તેમણે લાર્સન એન્ડ ટુબ્રો (એલએન્ડટી) દ્વારા ટેન્ડર પ્રક્રિયાને પડકારતી અરજીનો પણ નિકાલ કર્યો, અને સ્પષ્ટતા કરી કે તેને પેન્ડિંગ રાખવાનો કોઈ અર્થ નથી.

સુપ્રીમ કોર્ટે મોટા પાયે જાહેર માળખાગત પ્રોજેક્ટ્સમાં પારદર્શિતાની જરૂરિયાત પર ભાર મૂક્યા પછી, એમએમઆરડીએ એ ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં દાવો કર્યો હતો કે એલએન્ડટીને કાલ્પનિક કારણોના આધારે ગેરલાયક ઠેરવવામાં આવ્યા નથી.

એમએમઆરડીએ વતી દલીલ કરતી વખતે એટર્ની જનરલ તુષાર મહેતા અને રોહતગીએ કહ્યું હતું કે તેમની પાસે કંપનીના ટેન્ડરને ગેરલાયક ઠેરવવા માટે નક્કર કારણો અને અહેવાલો છે.

ઉપરાંત નવું ટેન્ડર બહાર પાડવું કે ચાલુ ટેન્ડર પ્રક્રિયાને સ્થગિત કરવી તે અંગે વિચારણા માટે સમય આપવા કોર્ટને વિનંતી કરી હતી.

# યુપીએ સરકારના કાર્યકાળમાં સર્જિકલ સ્ટ્રાઈક થઈ હોય એવું યાદ નથી: આઠવલે

મુંબઈ: મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ સરકાર દરમિયાન કરવામાં આવેલી કોઇ સર્જિકલ સ્ટ્રાઇક અંગે જાણ નથી અને તેના વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી, એમ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ ગુરુવારે જણાવ્યું હતું.

પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ઓપરેશન સિંદૂર જરૂરી હતું એમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે પડોશી દેશે આતંકવાદીઓને ટેકો આપવાનું બંધ કરવું જોઈએ અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ને ભારતને પાછું સોંપી દેવું જોઈએ.

ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)નો હિસ્સો બન્યા પહેલા આઠવલેની રિપબ્લિક પાર્ટી ઓફ ઇન્ડિયા (આઠવલે) કોંગ્રેસ દ્વારા સંચાલિત યુનાઇટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ (યુપીએ)નો હિસ્સો હતી.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા આઠવલેએ જણાવ્યું કે 'આ પહેલા નરેન્દ્ર મોદી સરકારના શાસનમાં જ બીજી એક સર્જિકલ સ્ટ્રાઇક પણ કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓ એવું કહી શકે છે કે મનમોહન સિંહના કાર્યકાળમાં સર્જિકલ સ્ટ્રાઇક કરવામાં આવી હતી, પરંતુ મારી પાસે આવી કોઈ માહિતી નથી. હું તે સમયે કોંગ્રેસ અને યુપીએનો ભાગ હતો. મારી પાસે આવી કોઈ પણ સર્જિકલ સ્ટ્રાઈકની જાણકારી નથી.

તેમણે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર જેવી કાર્યવાહી જરૂરી હતી તે આખી દુનિયા જાણે છે. આતંકવાદીઓ પાકિસ્તાનથી આવી કાશ્મીરના પહલગામમાં આપણા લોકોને મારી નાખ્યા હતા. પીએમ મોદી આ મુદ્દે રાજકારણ કરી રહ્યા હોવાના આક્ષેપોને તેમણે ફગાવી દીધા હતા.

મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ વિશે વાત કરતાં આઠવલેએ સ્પષ્ટ કર્યું હતું કે શાસક મહાયુતિ જોડાણના અન્ય પક્ષો સ્વબળે ચૂંટણી લડવાનું નક્કી કરશે તો પણ તેમનો પક્ષ - આરપીઆઈ (એ) ભાજપ સાથે જ રહેશે. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## ઉદ્ધવ-રાજ ઠાકરેની

પુત્ર અમિતને પણ જીતાડી શક્યા નહોતા.

મહારાષ્ટ્રના રાજકીય નિષ્ણાતો કહે છે કે, રાજ અને ઉદ્ધવ વચ્ચે વધતા પ્રેમને કારણે ભાજપની અકળામણ વધવી સ્વાભાવિક છે. શિવસેના તોડીને અને ઉદ્ધવ ઠાકરે પાસેથી પાર્ટીનું નામ અને ચૂંટણી ચિહ્ન છીનવી લીધા પછી પણ ભાજપ ઉદ્ધવ ઠાકરેને સંપૂર્ણપણે તોડી શક્યું નથી. પાર્ટીનું નામ અને ચૂંટણી ચિહ્ન છીનવી લીધા પછી પણ, ઉદ્ધવે લોકસભા ચૂંટણીમાં ૯ સાંસદો જીતાડીને પોતાની તાકાત બતાવી હતી. જોકે તેઓ વિધાનસભામાં એટલા સફળ થયા ન હતા, પરંતુ શિવસેના યુબીટી હજુ પણ એમવીએમાં સૌથી મોટી પાર્ટી બની છે. ઉદ્ધવને લાગતું હશે કે જો મનસે તેમની સાથે હોય તો બેઠકોની સંખ્યા વધી શકે છે. નિષ્ણાતો કહે છે કે જો મનસે અને શિવસેના (યુબીટી) મુંબઈ મનપાની ચૂંટણીમાં સાથે હોય તો ભાજપની ગણતરીઓ ઊંધી પડી શકે છે. ઉદ્ધવની છાવણીમાંથી સાંસદ સંજય રાઉત, વિધાનસભ્ય આદિત્ય ઠાકરે અને અનિલ પરબે રાજ ઠાકરેને ગઠબંધન માટે વાતચીત શરૂ કરવા અપીલ કરી છે. આ જ કારણ છે કે ભાજપે મહારાષ્ટ્ર રાજ્ય પ્રમુખ માટે રવિન્દ્ર ચવ્હાણનું નામ આગળ મૂક્યું છે. તેઓ હાલમાં કાર્યકારી પ્રમુખ છે.

મુંબઈ મનપા દેશની સૌથી ધનિક અને સૌથી મોટું બજેટ ધરાવતી મહાનગરપાલિકા છે. બીએમસીમાં કુલ બેઠકોની સંખ્યા ૨૨૭ છે. બહુમતી માટે ૧૧૪ બેઠકો જરૂરી છે. ૨૦૧૭ની ચૂંટણીમાં અવિભાજિત શિવસેનાને ૭૭ બેઠકો મળી હતી. ભાજપને ૮૨ અને એનસીપી અને કોંગ્રેસને ૧૨ અને ૩૧ બેઠકો મળી હતી. આ ઉપરાંત એનસીપીને ૯ અને મનસેને ૭ બેઠકો મળી હતી. આ ઉપરાંત એઆઈએમઆઈએમને ૨ બેઠકો મળી હતી. આ પહેલાની એટલે કે ૨૦૧૨ની ચૂંટણીઓમાં રાજ ઠાકરેની પાર્ટીએ ૨૮ બેઠકો જીતી હતી.

## કેળવેના રિસોર્ટમાં

હતું કે તેજલ ભીડે શુક્રવારે તેના બોયફ્રેન્ડ સાથે કેળવે ખાતેના રિસોર્ટમાં આવી હતી. રિસોર્ટમાં બપોરે બંદૂક સંભાળતી વખતે તેમાંથી ગોળી છૂટી હતી અને તે કરોડરજ્જુમાં વાગતાં તેજલ ઘાયલ થઇ હતી. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ કર્મચારીઓ તપાસ માટે ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. પોલીસે તેજલના બોયફ્રેન્ડને તાબામાં લીધો હતો અને રિસોર્ટની રૂમમાંથી બંદૂક જપ્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે કેળવેમાં આવેલા રિસોર્ટમાં ૨૩ મેના રોજ બોયફ્રેન્ડ સાથે ગયેલી યુવતી બપોરે ચિકન ખાતી હતી ત્યારે ટુકડો તેના અન્નનળીમાં ફસાઇ ગયો હતો, જેને કારણે તેને તકલીફ થવા લાગી હતી. શ્વાસ લેવામાં મુશ્કેલી પડતાં યુવતી જમીન પર ફસડાઇ પડી હતી. યુવતીને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં તેને મૃત જાહેર કરાઇ હતી.

## આવતા અઠવાડિયે

પાઈપલાઈનને ૯૦૦મિ.મી. વ્યાસની અન્ય પાઈપલાઈન સાથે જોડવાનું તથા ૯૦૦ મિ.મી. વ્યાસના વાલ્વ બેસાડવાનું કામ પાણીપુરવઠા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવવાનું છે. આ કામ સોમવાર, બે જૂન, ૨૦૨૫ના બપોરના ૧.૩૦ વાગ્યાથી મંગળવાર, ત્રણ જૂન, ૨૦૨૫ના સવારના ૭.૩૦ વાગ્યા સુધી કામ કરવામાં આવવાનું છે. તેથી સોમવાર બપોરથી મંગળવાર સવારના ૧૮ કલાક સુધી પાઈપલાઈનનો પાણીપુરવઠો બંધ કરવો પડેશે. સમારકામ દરમ્યાન આર-દક્ષિણ વોર્ડમાં પાણીપુરવઠો બંધ રહેશે, જેમાં મુખ્યત્વે કાંદિવલી (પૂર્વ)ના ઠાકુર વિલેજ, સમતા નગર મ્હાડા, ચિખલવાડી, જાનૂપાડા વિસ્તારોના સમાવેશ થાય છે. તકેદારીના પગલારૂપે નાગરિકોને આગલા દિવસે પાણીનો સ્ટોક કરી રાખવાનો તથા પાણી સંભાળીને વાપરવાની અપીલ કરવામાં આવી છે.

## પશ્ચિમ રેલવેમાં આજે

ટ્રેનોને ફાસ્ટ લાઈન પર વાળવામાં આવશે. બ્લોક દરમ્યાન પ્રવાસીઓને અગવડ પડી શકે છે. આ બાબતની વિસ્તૃત માહિતી સંબંધિત સ્ટેશન માસ્ટર પાસે ઉપલબ્ધ છે, તેવી માહિતી પશ્ચિમ રેલવેના મુખ્ય જન સંપર્ક અધિકારી વિનીત અભિષેકે આપી હતી.

## રવિ વર્માએ ૧૪ જહાજ

અથવા તો વોઇસ નોટ્સ દ્વારા માહિતી મોકલતો હતો. વર્મા પાકિસ્તાની એજન્ટ પાયલ શર્મા તેમ જ ઇસપ્રીતના ફેસબૂક અકાઉન્ટ પર સંવેદનશીલ માહિતી મોકલતો હતો, એવું જાણવા મળ્યું હતું. વર્માને પાકિસ્તાની એજન્ટ દ્વારા હની-ટ્રેપમાં ફસાવવામાં આવ્યો હતો, જેણે પોતાની ઓળખ પ્રીતિ જયસ્વાલ તરીકે આપી હતી. મહિલાએ નવેમ્બર, ૨૦૨૪માં વર્મા સાથે ઓનલાઇન મિત્રતા કેળવી હતી અને નૌકાદળના યુદ્ધ જહાજોના કાર્ય તેમ જ આંતરિક ગોઠવણીમાં ઊંડો રસ દાખવ્યો હતો. મહિલાએ યુદ્ધ જહાજો અને સબમરીન સંબંધિત પ્રોજેક્ટ પર કામ કરવાનો દાવો કર્યો હતો અને આ બહાના હેઠળ વર્માની મદદ માગી હતી. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પ્રત્યક્ષ મળીશું, એવી લાલચ તેને આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર વર્મા સાથે મિત્રતા કેળવ્યા બાદ પાકિસ્તાની એજન્ટે તેને લલચાવવા માટે તેના બૅંક ખાતામાં રૂપિયા પણ ટ્રાન્સફર કર્યા હતા. મૂળ ઉત્તર પ્રદેશના અયોધ્યાનો વર્મા ઘરમાં એકલો જ કમાતો હતો. વર્માએ પોતે ટીબીથી પીડાતો હોવાનો દાવો તેની માતાને કર્યો હતો. માતા થોડા મહિલા અગાઉ થાણેમાં રહેવા આવી હતી. ઉલ્લેખનીય છે કે એટીએસના થાણે યુનિટના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે બુધવારે વર્મા સહિત ત્રણને કસ્ટડીમાં લીધા હતા. ત્રણેય વિરુદ્ધ ઓફિશિયલ સિક્રેટ એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. પોલીસે બાદમાં વર્માની ધરપકડ કરી હતી, જ્યારે બાકીના બે જણને પૂછપરછ બાદ જવા દેવાયા હતા.

# હિન્દુ મરણ

કચ્છ ભુજ હાલ ઘાટકોપર સ્વ. તારાબેન છેલશંકર રાવલના સુપુત્ર તરુણકુમાર રાવલ (ઉં. વ. ૭૨) તા. ૨૯-૫-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે કચ્છ નાની ખાખરના સ્વ. રતનબેન હરિદાસ વેદાંતના જમાઇ. તે કુસુમબેનના પતિ. તે દીપેન અને જીજ્ઞાના પિતાશ્રી. મનાલી અને સાઇક્તના સસરા. સ્વ. નીલાબેન નારાયણદાસ ભટ્ટ, સતીશભાઇ, દક્ષા મુકેશ માલવિયાના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૧-૫-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. બ્રાહ્મણ સમાજવાડી, જોશી લેન, ઘાટકોપર (ઇ).

**કચ્છી લોહાણા**

અ. સૌ. મનોરમાબેન હીરાલાલ મૃગ, (ઉં.વ. ૮૪), (કચ્છ ગામ જખૌ, હાલે મુલુન્ડ) ગુરૂવાર, તા. ૨૯/૫/૨૫ ના રામચરણ પામ્યા છે. હીરાલાલભાઈ મૂળજી મૃગના ધર્મપત્ની. દર્શના સૌરભ કેસરિયાના માતા. સ્વ. કસ્તુરબેન ખટાઉ દયાળજી દૈયાના પુત્રી. તે સુરેશભાઈ ખટાઉ દૈયા, સ્વ. કાશીબેન હરિરામ ચંદનના બેન. ગોદાવરીબેન એન. ઠક્કર, વિજયસિંહ સાવિત્રીબેન જે દાવડા, જયસિંહભાઈ, અરવિંદભાઈના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભાઃ શનિવાર તા. ૩૧-૫-૨૫ ના સાંજે ૫ થી ૭. ઠે. કાલિદાસ મેરેજ હોલ પરસોતમ ખેરાજ રોડ, મુલુંડ વેસ્ટ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કંઠી ભાટિયા**

ગામ મોટી ખાવડી હાલ મુંબઈ સ્વ. ધરમશી હિરજી તથા સ્વ. કેશરબેન ના સુપુત્ર જશવંત ભાટિયા (ઉં. વ. ૮૪) તા ૨૮/૦૫/૨૫ ના શ્રીજી ચરણ પામેલ છે. તે કુસુમબેનના પતિ. ગં.સ્વ. નીતિ વિશાલ મથરાવાલાના પિતા. શિવકુમાર, સ્વ. કિશોર, ગં.સ્વ. હંસાબેન, ગં.સ્વ. હેમાબેન, ગં.સ્વ વનિતાબેનના ભાઈ. સ્વ. લક્ષ્મીદાસ ભાટિયાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર સાંઠા બ્રાહ્મણ જ્ઞાતિ**

સઢા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. શાંતાબેન અમૃતલાલ ગૌર (ઉં. વ. ૯૫) તેઓ તા. ૨૯/૦૫/૨૫ના દેવલોક પામેલ છે. તે સ્વ. દિલીપભાઈ, સ્વ. પ્રકાશભાઈ, ગીરીશભાઈ, અને વર્ષાબેન ના માતુશ્રી. ગં.સ્વ. સરસ્વતીબેન, ગં.સ્વ. વીણાબેન, વીણાબેન અને હસમુખભાઈના સાસુ. સ્વ. નવિચંદ્ર કિરપાશંકર ગૌરના ભાભી. રણાસણ નિવાસી સ્વ. કાલિદાસ મોતીરામ જાનીના દીકરી. સ્વ. ગોદાવરીબેન, સ્વ. મણીલાલ, સ્વ. જશોદાબેન, સ્વ. આનંદીબેન,ગં.સ્વ રંજનબેન, સ્વ. કનૈયાલાલના બેન. બંને પક્ષની સાદડી રવિવાર તા. ૦૧/૦૬/૨૫ સાંજે ૫ થી ૭ નિચેના સ્થળે રાખેલ છે માતૃછાયા સ્કૂલ, સી. એસ. રોડ નં. ૨, આનંદ નગર, દહિસર પૂર્વ, મુંબઈ.

**કપોળ**

ભાવનગરવાળા (હાલ ચેમ્બુરમાં) મધુસૂદન જગજીવનદાસ સંઘવીના ધર્મપત્ની જ્યોત્સનાબેન (જશીબેન). (ઉં. વ. ૮૫.) તે સ્વ. શિલ્પા જનક ગાંધી અને સંગીતાના માતુશ્રી. મલિકા અનુજ ચોકસીના નાની. પિયર પક્ષે અમરેલી વાળા રમાબેન અને વનરાવન દાસ વોરા ની પુત્રી. શુક્રવાર તા. ૩૦/૫/૨૦૨૫ ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા અને લૌકિક વહેવાર બંધ છે.

**કપોળ**

ગામ રાજુલા હાલ કાંદિવલી (વેસ્ટ) સ્વ. મનસુખલાલ શામજી દોશીના ધર્મપત્ની સ્વ. જયાલક્ષ્મી (ઉં. વ. ૮૬) તા. ૨૯-૦૫-૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે તે મુકેશભાઈ-સ્વ. ભાવનાબેન, હીના શિરીષ ભુતા, છાયા રજનીકાંત વોરા, કૃપા બંકીમ પારેખના માતુશ્રી. ઋષભ- ખ્યાતી, ધરાના દાદી. પીયર પક્ષ-નાગેશ્રીવાળા વ્રજલાલ કમળશી ગોરડીયાના દીકરી તે આકાશ- જય- ચિંતન- પાર્થ- હર્ષના નાની. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

અ. સૌ. મનોરમાબેન હીરાલાલ મૃગ, (ઉં. વ. ૮૪), (કચ્છ ગામ જખૌ, હાલે મુલુન્ડ) ગુરૂવાર, તા. ૨૯/૫/૨૫ના રામચરણ પામ્યા છે. હીરાલાલભાઈ મૂળજી મૃગના ધર્મપત્ની, દર્શના સૌરભ કેસરિયાના માતા. સ્વ. કસ્તુરબેન ખટાઉ દયાળજી દૈયાના પુત્રી. તે સુરેશભાઈ ખટાઉ દૈયા, સ્વ. કાશીબેન હરિરામ ચંદનના બેન. ગોદાવરીબેન એન. ઠક્કર, વિજયસિંહ સાવિત્રીબેન જે દાવડા, જયસિંહભાઈ, અરવિંદભાઈના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભાઃ શનિવાર તા. ૩૧-૫-૨૫ ના સાંજે ૫ થી ૭. ઠે. કાલિદાસ મેરેજ હોલ પરસોતમ ખેરાજ રોડ, મુલુંડ વેસ્ટ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન લક્ષ્મીદાસ વાઘજી દનાણી કચ્છ ગામ સુથરી હાલ ઘાટકોપરના પુત્રવધુ. તે ચત્રભુજ (મોહનલાલ)ના ધર્મપત્ની ભારતી (પુષ્પા) (ઉં. વ.૭૧) તે ઉદય, કમલેશ, કિશોર તથા નીતિનના માતુશ્રી. તે મુળજી, હરીશ, શંકર, પ્રવીણ, સ્વ. નર્મદાબેન શંકરલાલ , સ્વ. પ્રભાબેન શંભુલાલ તથા સ્વ. વિમળાબેન પ્રાગજીભાઇ રૂપારેલના ભાભી. તે સ્વ. કાંતાબેન કરશનદાસ રામજી આઇયા કચ્છ ગામ તેરા (માંડવીવાળા)ના પુત્રી. તે સ્વ. મધુ વસંતભાઇ કતીરા, સરલા ગિરીશભાઇ તન્ના તથા લતા અજયભાઇ દૈયાના બેન. તે રંજનાના સાસુજી તા. ૨૮-૫-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

હળવદ નિવાસી હાલ ખાર હરીલાલ મુલકચંદ મહેતા (ઉં. વ. ૮૪) તે પારૂલ મહેતાના પતિ. નિલેશ, દેવાંગના પિતા. દીક્ષીતા, દિપલના સસરા. ધ્રુવીન, ક્રીપા, કેવલના દાદા. સ્વ. ધનલક્ષ્મી, પ્રકાશ લક્ષ્મી, સ્વ. અશ્વીન, ચંદ્રકાન્ત, સ્વ. મુળરાજ, સ્વ. ધર્મેન્દ્રના ભાઇ તા. ૨૯-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૫-૨૫ શનિવારે એમ. એમ. પ્યુપિલ્સ હાઇ સ્કૂલ, ખાર પોલીસ સ્ટેશનની પાસે, એસ. વી. રોડ, ખાર (વેસ્ટ), સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. ઉષાબેન દિલીપભાઇ મોજાર (ઠક્કર) (ઉં. વ. ૭૩) કચ્છ કોઠારાવાળા હાલ શીરશી (કર્ણાટક) તે સ્વ. દિલીપભાઇ કરસનદાસ મોજાર (ચંદે)ના ધર્મપત્ની. તે સ્વ. લક્ષ્મીબેન નંદલાલ કોટક કચ્છ કોટડી મહાદેવપુરી હાલ મુલુંડવાળાના સુપુત્રી. તે શૈલેષ, કેતન, સ્વ. હેમંત તથા અ. સૌ. રિદ્ધિ સનમભાઇ ચંદનના માતુશ્રી. તે જીજ્ઞા શૈલેષ, પ્રેમા કેતન તથા સનમભાઇ ચંદનના સાસુજી. તે મયૂરીના દાદીમા. તે હિયાના નાનીમા મંગળવાર, તા. ૨૭-૫-૨૫ના શીરશી (કર્ણાટક) મધ્યે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ દહીસર સ્વ. શકુંતલાબેન જીતેન્દ્રભાઇ મહેતાના પુત્ર નિમેષભાઇ જીતેન્દ્રભાઇ મહેતા (ઉં. વ. ૬૨) તા. ૨૯-૫-૨૫ના ગુરૂવારના શ્રીજીચરણ પામ્યા છે. દીપાના પતિ. કૃપા અને દીશાના પિતાશ્રી. મીના લલિતકુમાર મહેતા, કલ્પના અમીતકુમાર કરવતના ભાઇ. સ્વ. કાશીબેન કાંતિલાલ ખત્રીના જમાઇ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશા નિમા**

વિરેન્દ્ર કાંતિલાલ કડકીયા (હાલોલવાળા) (ઉં. વ.૭૨) હાલ વિરાર તા. ૨૩-૫-૨૫ શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે અમીતાના પતિ. તે રોનક, ખ્યાતીના પિતાશ્રી. તે વેદના દાદા. તે અલીનાના નાના. સ્વ. વસંતભાઇ, ચંદ્રીકાબેન, કોકીલાબેન, અરવિંદભાઇ, અશ્વીનભાઇ, ભારતીબેનના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. કિન્નરી સમીર (અનમ) ઠક્કર ગામ પત્રી હાલ ચેમ્બુર (ઉં. વ. ૫૩) તા. ૨૮-૫-૨૫ના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. કિરણ કિશોરચંદ્ર હરીરામ (અનમ) ઠક્કરના પુત્રવધૂ. તે સ્વ. કુસુમબેન ચંદ્રકાન્ત ભાણજી ચંદે ગામ મઉં મોટીના સુપુત્રી. તે ચિ. મેલ્વીનના માતુશ્રી. તે સ્વ. કમલેશ અને ગં. સ્વ. કુંતલ કુમારભાઇ ગોસરના બહેન. તે અમિત અને છાયાના ભાભી. તે રાજેશ મોતીરામ કોઠારી ગામ મંજલ રેલડિયાના ભાણેજી. પ્રાર્થનાસભા, બેસણુ, તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

**નવસારી - ગણદેવી**

હોમજી રતનશા સુરતીયા (ઉં. વ. ૯૦) મરહુમ અમૂ હોમજી સુરતીયાના પતિ. તે ડોસાભાઇ રતનશા સુરતીયા, અનશા પેસ્તનજી સુરતીયા, ફિરુઝા શરનાના પુત્ર. તે રજનીશ શરનાના સસરા. તે ઇશિતા અને આર્યન શરનાના ગ્રાન્ડફાધર.તે જાલ, પિલુ, સુરતીયા નાજુ, ભાગલિયાના ભાઇ. તે અસ્મિન,શહનાઝ, કેકીના, અનાજી, ગોસ્પી, બિનાઇફરના કાકા. તે દિનશાજી વેડછાવાળા અને પિરોજા વેડછાવાળાના જમાઇ.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના કિશોર વિશનજી ગંગર (ઉં. વ. ૬૮) તા. ૨૯-૫-૨૫ના અવસાન પામેલ છે. જેતબાઇ વિશનજીના પુત્ર. રશ્મીના પતિ. ગૌરવ, કપીલના પિતા. મહેન્દ્ર, હંસા, જ્યોતિ, દિપ્તીના ભાઇ. માતુશ્રી કંકુબેન કરમશીના જમાઇ. પ્રા. શ્રી વર્ધમાન સ્થાનક જૈન શ્રા. સંઘ સં. કરસન લઘુ હોલ, દાદર (વેસ્ટ) બપોરનાં ૨ થી ૩.૩૦.

ભુજપુરના દિનેશ મોનજી દેઢીઆ (ઉં. વ. ૭૪) તા. ૨૮-૦૫-૨૫ના અવસાન પામ્યા છે. ચંચળના પતિ. સ્વ. સાકરબેન મોનજી (બચુભાઈ)ના પુત્ર. સ્વ. નાનજી અને જ્યોતિ (જવેર)ના ભાઈ. કારાઘોઘાના સ્વ. સાકરબાઈ લાલજી ચના છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દિનેશ દેઢીઆ, ૬૦૧, નર્મદા સાગર, દ્વારકા હોટેલ ની પાસે, શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ. મું. ૯૨.

ગુંદાલાના જયંતિલાલ ડુંગરશી સાવલા (ઉં. વ.૭૮) તા. ૨૬-૫-૨૫ના ગુંદાલા મધે અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન ડુંગરશી પાસુના સુપુત્ર. જયશ્રીબેન (લક્ષ્મીબેન)ના પતિ. ચિંતન, દિપ્તી, ઝંખનાના પિતાશ્રી. જેઠાલાલ ડુંગરશી, પ્રાગપુર રૂક્ષ્મણીબેન (રેખા) કાનજી મેઘજી, કુંદરોડી સરલાબેન ધનજી મેઘજી, બારોઈ સુશીલાબેન કાંતિલાલ વેલજી, બિદડા મીનાબેન નાગજી રતનશીના ભાઈ. છસરા કુંવરબાઈ ઉમરશી સોજપારના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયંતિલાલ સાવલા, જયશ્રી વિલા, ગામ ગુંદાલા, તા. મુન્દ્રા, કચ્છ-૩૭૦૪૧૦.

ભોજાય હાલે સાંગલીના ટોકરશી લખમશી શાહ (સૈયા) (ઉં. વ. ૮૬) તા. ૨૯-૫-૨૫નાં અવસાન પામેલ છે. સ્વ. પાનબાઇ લખમશી ડાઇયાના સુપુત્ર. સ્વ. મણીબેનના પતિ. મુકેશ, ગીરીશ, રેખાના પિતા. સ્વ. કુંવરજી, જેઠમલ, મો. ઉનડોઠના જેઠીબેન લીલાધર, નાગ્રેચાના મણીબેન પ્રેમજી, સાભરાઇના શાંતાબેન તલકશીના ભાઇ. મંજલ (રે.)ના વાલબાઇ પદમશી કોરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મુકેશ ટોકરશી, પલશ, રતનશી નગર રોડ, સાંગલી-૪૧૬૪૧૬.

દેવપુરના નેણશી વીરા (ઉં. વ. ૯૬) (તા. ૨૮/૫)ના દેહ પરિવર્તન કરેલ છે. લીલબાઈ રવજી હેમરાજ વીરાના સુપુત્ર. દેવકાબેન/ભાનુમતીના પતિ. જીતેન્દ્ર. સંજય, રાજેશ, મધુ, ખુશલતા, ભાવનાના પિતાજી. દેવરાજ, લક્ષ્મીચંદ, વેલબાઈ, મણીબાઈના ભાઈ. મોથારા નેણબાઈ કુંવરજી ભુલા, ગોધરા કેશરબેન વેલજી વીરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. (ત્વચાદાન કરેલ છે.) ઠે. ભાનુમતી વીરા, બી-૪૫, કોનાર્ક એપાર્ટમેન્ટ, લીંક રોડ, મુલુંડ (પ.), મું.૮૦.

મોટા આસંબીયાના કલ્યાણજી શામજી ગાલા (ઉં. વ. ૭૯) તા. ૨૯-૫-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી ગંગાબાઈ શામજી જખુભાઈના સુપુત્ર. શોભનાબેનના પતિ. ભાવિનના પિતાશ્રી. ગિરીશભાઈ, બિદડાના રેખાબેન ડો. હિરેન હધુભાઈ, લાખાપરના મીતાબેન ભરત છગનભાઈના ભાઈ. માતુશ્રી દમયંતીબેન ગુણવંતભાઈ રતીલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાઃ તા. ૩૧-૫-૨૦૨૫, ટા. ૪ થી ૬. ઠે. હીરાવતી સ્ત્રી મંડળ હોલ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**માંગરોળ જૈન**

માંગરોલ નિવાસી હાલ માટુંગા ગં. સ્વ. રમીલા કિરણ શાહ (ઉં. વ. ૮૦) અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. કિરણકુમાર હરકિશનદાસ શાહના ધર્મપત્ની. તે વસુબેન તથા સ્વ. માલતીબેન તથા પ્રદીપભાઇ, વિજયભાઇ તથા મહેશભાઇના ભાભી. પન્નાબેન, ઉષાબેન, કપિલાબેનના જેઠાણી. સ્વ. લીલાવતી હરકિશનદાસ જમનાદાસ ચાંપશી (લાતુરવાળા)ની દીકરી. બીના, સેજલ, પ્રિતેશ, જય, દિપલ અને નિકિતાના કાકી. સ્વ.દિનેશભાઇ, સ્વ. જશવંતભાઇ, વિનોદભાઇ અને જયંતભાઇના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ મનફરાના આસધીર (બાબુભાઇ) મણશી કારીઆ (ઉં.વ. ૮૮) તા. ૨૮-૫-૨૫ બુધવારના અવસાન પામેલ છે. સ્વ. નાગલબેન મણશીના સુપુત્ર. વાલુબેનના પતિ. જવેર, પ્રવીણ, સ્વ. રમીલા, અરુણા, વિમળા, ચંદ્રિકા, ઉષાના પિતાશ્રી. દિનેશ, અમૃતલાલ, સ્વ. ધરમશી, મણીલાલ, જીતેન, ગીરીશ, તારાના સસરા. ચિંતન, શ્રેયાંશના દાદા. મનફરાના સ્વ. ભચીબેન નરશી ગડા. (સંસારપક્ષે પ. પૂ. નરભદ્ર વિજય મ. સા)ના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૧-૫-૨૫ના બપોરે ૩થી ૪.૧૫, ઠે. યોગી સભા ગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ ચેંબુર હરસુખલાલ નંદલાલ કામાણી (ઉં. વ. ૮૧) તા. ૩૦-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નંદલાલ ઉત્તમચંદ તથા સ્વ. માનકુવરના પુત્ર. હંસાબેનના પતિ. કેતનભાઇ તથા મેઘનાબેનના પિતા. અર્ચનાબેન, મિતેશભાઇના સસરા. એશ્ના, નિશીના દાદા. તથા સિદ્ધિ, દેવના નાનુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

રંગમંચ PRODUCTION
રશ્મિ દેસાઈનાં અભિનયની હાસ્ય સુનામી
આસિફ પટેલ નિર્મિત
લેખક: પ્રથમ ભટ્ટ, પ્રિતેષ સોઢા
દિગ્દર્શક: જયદીપ શાહ
આજે રાત્રે ૯ અસ્પી મલાડ, બુ/ટેલી બુ. આખો દિવસ Ph. 28050481, 8169845046
કાલે સાંજે ૭.30 ભવન્સ ચોપાટી, બુ/ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23698085, 9372052808
FREE VALET PARKING
Online: bookmyshow
ગુજરાતી તખ્તા પર પ્રથમવાર સીરિયલ અને ફિલ્મની અભિનેત્રી રશ્મિ દેસાઈ અભિનિત
લાજવાબ અભિનય!
મિસીસ મારા ઑનલાઈન છે
કથા: આસિફ પટેલ
Executive Producer: કલ્યાણી ઠાકર
Show Cont. 9920169691, 9653397989
Deepak Somaiya

વિવિધ આર્ટસ સર્જન
નિમેષ શાહ પ્રસ્તુત
અમાન ખાન નિર્મિત
કિરણ પાટીલ લિખિત-દિગ્દર્શીત
મુનિ ઝા અભિનિત
કાલે બપોરે 3.30 તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23802679, 9930652094
Online: bookmyshow.com
અનોખી લવ સ્ટોરી અનોખી રજૂઆત
મરવા ટાણે જીવવાની અને ખરવા ટાણે ઉગવાની...
અજબ પ્રેમ ની ગજબ કહાની
Show Cont. 9987251122, 9820242726
Deepak Somaiya

અમી ત્રિવેદી
કૌસ્તુભ ત્રિવેદી
નિમેષ દિલીપરાય
નિર્મિત
રાજા વિનાની શતરંજ...
CHECKMATE
ચેકમેટ
Avni Arts Pvt. Ltd. સર્જન
નિમેષ દિલીપરાય લિખિત-દિગ્દર્શિત
અમી ત્રિવેદી-નિમેષ દિલીપરાય અભિનિત
શુભારંભ: કાલે સાંજે ૭.30 તેજપાલ
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ Ph. 23802679, 9930652094
રવિ: ૮ જૂન રાત્રે ૯ અસ્પી -મલાડ
Online: www.bookmyshow.com
★ ઓમકાર તિરોડકર, અભિજીત ચિત્રે
વિનીત કશ્યપ ઝાલા, સ્મિત લાખાણી, કુંજન વઘાસીયા
ગીતકાર: સંજય છેલ સ્વરાંકન: પિયુષ કનોજીયા
સંગીત: દીપક ગોહિલ, પ્રકાશ પંચાલ કલા: પ્રવિણ બનસોડે
પ્રકાશ: ભૌતેષ વ્યાસ વસ્ત્ર પરિકલ્પના: કાશ્મિરા અને શૈલેષ શાહ
Show Cont. 9820080714
Ladies Costumes: Kala Niketan JUHU - BORIVALI - SURAT
Gents Costumes: OPTIONS
Furnishing & Tapestry PKS Santacruz (E) & Crawford Market
Deepak Somaiya

## વસઈ-વિરારમાં બસોમાં મહિલાઓને ૫૦ ટકા છૂટ

પાલઘરઃ વસઈ -વિરાર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનની બસોમાં પહેલી જૂનથી મહિલાઓને ભાડામાં ૫૦ ટકા છૂટ આપવામાં આવશે. વસઈ વિરાર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં વસઈ, વિરાર અને નાલાસોપારા જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. અમે પહેલી જૂનથી મહિલાઓને અડધા દરે ટિકિટ આપવાનો નિર્ણય લીધો છે,' એમ પાલિકાના કમિશનરે જણાવ્યું હતું.■

શુભારંભ: કાલે બપોરે 3.30 અને સાંજે ૭.30
નહેરુ વર્લી, બુ. ૧૦-૬. Ph. 9819928509
Online Bkg.open on bookmyshow
તરોનીશ આર્ટ્સ
કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત
દિલીપ રાવલ લિખિત
ફિરોઝ ભગત દિગ્દર્શિત
નમ્રતા પાઠક, સંદીપ મહેતા, દિજલ ભટ્ટ
ગમતાં મનગમતાં
GAMTAA MANGAMTA
સાથી કલાકારો: દેવ જોશી, મધુરા રાઉત, મનીષ ગોધનીયા
SHOW CONTACT : 9699270184 - 9820080714 - 9821195796
KAAJAL ADS

## મધ્ય રેલવે દ્વારા ઉસ્માનાબાદનું નામ બદલીને ધારાશિવ કરાશે

### આજે રાત્રે પોણા બે કલાક પીઆરએસ બંધ રહેશે

મુંબઈઃ ઉસ્માનાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને ધારાશિવ રાખવા માટે મુંબઈ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ આજે રાતે ૧૧.૪૫ થી ૧.૩૦ વાગ્યા સુધી બંધ રહેશે. સરકારે સોલાપુર વિભાગના પ્રખ્યાત ઉસ્માનાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને 'ધારાશિવ' કરવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભમાં સરકારે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ એક સૂચના બહાર પાડી હતી. સેન્ટ્રલ રેલવે વહીવટીતંત્રની મંજૂરીથી રેલવે સ્ટેશનના નામમાં આ ફેરફાર ફક્ત નામ પૂરતો જ છે અને સ્ટેશનનો આંકડાકીય કોડ '૦૧૫૨૭૨૪૬' યથાવત્ રહેશે. જોકે, સ્ટેશનનું નામ સહિત કોડના ઇનિશિયલ હવે 'યુએમડી'થી બદલીને 'ડીઆરએસવી' કરવામાં આવ્યા છે. નવું નામ 'ધારાશિવ' ત્રણ ભાષાઓમાં પ્રદર્શિત થશે - મરાઠી, હિન્દી અને અંગ્રેજી. તેથી, મુંબઈ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમમાં સ્ટેશનના નામ સાથે કોડના ઇનિશિયલમાં ફેરફાર કરવામાં આવશે. તેથી, પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ, કોચિંગ રિફંડ, ઇન્ટરેક્ટિવ વોઇસ રિસ્પોન્સ સિસ્ટમ, ચાર્ટ ડિસ્પ્લે, ઇન્સ્ટન્ટ રિઝર્વેશન, રિફંડ કાઉન્ટર અને કોચિંગ રિફંડ ટર્મિનલ જેવી સેવાઓ ઉપલબ્ધ રહેશે નહીં. ■

## કલ્યાણમાં દીવાલ તૂટી પડતાં એક બાળકનું મોત, બે બાળક જખમી

મુંબઈઃ કલ્યાણમાં શુક્રવારે સવારના એક સ્કૂલની કમ્પાઉન્ડ વોલ તૂટી પડતા ૧૦ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું તો બે બાળકો ગંભીર રીતે જખમી થયાં હતાં. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ કલ્યાણમાં બાલયાની વિસ્તારમાં કેબીકે ઈન્ટરનેશનલ સ્કૂલ આવેલી છે જયાં આ દુર્ઘટના બની હતી. સવારના બાળકો સ્કૂલની દિવાલને લાગીને આવેલા વિસ્તારમાં રમી રહ્યા હતા ત્યારે અચાનક દિવાલ તૂટી પડી હતી. દિવાલના કાટમાળ નીચે ૧૦ વર્ષનો બાલક હંસરાજ મહેન્દ્ર સિંહ દબાઈ જતાં તેનું મૃત્યુ થયું હતું. તો ૧૦ વર્ષનો અભિષેક રાજેશ સહાની અને ૧૦ વર્ષનો સોહેબ શેખ ગંભીર રીતે જખમી થતા તેમને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ■


# ભારતીય આરોગ્ય નિધિ દ્વારા જાહેર અપીલ

Your Health We Care

દર વર્ષે ૩૧મી મેના ઉજવવામાં આવતો વિશ્વ તંબાકુ નિષેધ દિવસનો ઉદ્દેશ્ય તંબાકુથી સ્વાસ્થ્ય હાનિકારક પરિણામો અંગે જાગૃતિ લાવવા અને તંબાકુના વપરાશને ઘટાડવા માટે અસરકારક નીતિઓને પ્રોત્સાહન આપવાનો છે. ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે.સી. પરીખ જનરલ હૉસ્પિટલ, મુંબઈની એક પ્રીમિઅર મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ ખાતે અમે પલ્મોનોલોજી ઓન્કોલોજી અને મનોચિકિત્સા વિભાગોમાં અમારા સંકલિત સંભાળ અભિગમ દ્વારા આ વૈશ્વિક મિશન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાથી પુષ્ટિ કરીએ છીએ.




★ તંબાકુ એક સાઈલન્ટ કિલરઃ

તંબાકુ એ સૌથી સામાન્ય કાર્સિનોજેન્સમાંનું (કૅન્સર રોગનો વિકાસ કરતું તત્ત્વ) એક છે અને તેનાથી કેન્સર અને ઘાતક રોગોનું જોખમ ઘણી નોંધપાત્ર રીતે વધારે છે. ભારતમાં તંબાકુનું સેવન અનેક સ્વરૂપે થાય છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, ધૂમ્રપાન, ચાવવું, ઈ-સિગારેટ અને દાંત સાફ કરવા માટે તંબાકુનો વ્યાપક ઉપયોગ થાય છે જેનાથી મોં અને જીભના કેન્સર, ગળાના કેન્સર, ફેફસાના કેન્સર અને અન્નનળી (ફૂડ પાઈપ) કેન્સરમાં નોંધપાત્ર વધારો થયો છે.

ચિંતાજનક રીતે, ભારતીય યુવાનોમાં તંબાકુના વ્યસનમાં તીવ્ર વધારો થયો છે. આ ટ્રેન્ડ જાહેર આરોગ્ય માટે ગંભીર જોખમો ઊભા કરે છે, જેનાથી તેઓ ફેફસાના રોગો, હૃદયરોગ અને વિવિધ પ્રકારના કેન્સરનો ભોગ બને છે.

★ જાહેર અપીલઃ

આ વર્ષે, વિશ્વ આરોગ્ય સંગઠને ''અનમાસ્કીંગ ધ અપીલ'' (જાગૃત કરવી) : તંબાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગની યુક્તિઓનો ખુલાસો કરવા માટે આ થીમ પસંદ કરી છે. આ ઝુંબેશ વપરાશકર્તાઓ ખાસ કરીને યુવા પેઢીને આકર્ષવા માટે ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવાતી ચાલાકી અને વ્યૂહરચનાઓને પ્રકાશિત કરે છે.

સિગારેટના પેકેટ પર ગ્રાફિક ચેતવણીઓ અને જાહેરાતો પર પ્રતિબંધો જેવા સરકારી નિયમો હોવા છતાં આ યુક્તિઓનો સામનો કરવાની સમાજ તરીકે આપણી સામૂહિક જવાબદારી છે. આમાં તંબાકુ અને નિકોટિન ઉત્પાદનોના માર્કેટિંગનો વિરોધ કરવો, તંબાકુ મુક્ત જાહેર સ્થળોની હિમાયત કરવી અને યુવાનોને તંબાકુના લાંબા ગાળાના જોખમો વિશે સક્રિયપણે શિક્ષિત કરવાનો સમાવેશ થાય છે.

★ કૅન્સરની વ્યાપક સારસંભાળઃ

અમારો ઓન્કોલોજી વિભાગ તંબાકુથી થતા કેન્સર સામેની લડાઈમાં અગ્રેસર છે. અમે કેન્સરની વ્યાપક સંભાળ પ્રદાન કરીએ છીએ જેમાં પ્રારંભિક નિદાન અને સારવારથી લઈને Palliative Support (દર્દને ઓછું કરવા કે મટાડવાની સહાય) સુધીનો સમાવેશ થાય છે. અમારું ડેડિકેટેડ કીમોથેરેપી ડે કેર યુનિટ બાયો સેફ્ટી કેબિનેટ અને ઈમરજન્સી કેર જેવી સુવિધાઓથી સંપૂર્ણપણે સજ્જ છે જે સલામત અને અસરકારક સારવાર સુનિશ્ચિત કરે છે. અત્યંત અનુભવી ઓન્કોલોજિસ્ટસ અને ખાસ તાલીમ પામેલા કીમોથેરાપી નર્સોની એક ટીમ દરેક દર્દીની જરૂરિયાતોને અનુરૂપ વ્યક્તિગત, કાળજીપૂર્વક સંભાળ કરે છે.

તંબાકુ શ્વસનતંત્રને ગંભીર અસર કરે છે, જેના કારણે ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD), અસ્થમા અને ફેફસાના કેન્સર જેવા રોગો થાય છે. અમારો પલ્મોનોલોજી વિભાગ દર્દીઓને તંબાકુને કારણે અસરગ્રસ્ત ફેફસાનું સંચાલન કરવામાં અને સાજા કરવા માટે અદ્યતન નિદાન અને સાધનોથી મદદરૂપ થાય છે.

તંબાકુના વ્યસનને દૂર કરવા માટે ફક્ત ઈચ્છાશક્તિ જ નહીં પણ સમર્થનની પણ જરૂર છે. અમારો મનોચિકિત્સા વિભાગ દર્દીઓનું મનોબળ મક્કમ કરવાથી લઈને માર્ગદર્શન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

★ વ્યસનમુક્તિ માટે મદદગારઃ


- વ્યાપક તંબાકુ છોડવા/ડિડિકેશન પ્રોગ્રામ દર્દી અને બહારના દર્દીઓ બંને માટે ઉપલબ્ધ છે, જે પુરાવા પ્રથાઓ પર આધારિત છે.
- જૂથ ઉપચાર-પીઆર સપોર્ટ દ્વારા વ્યસની વ્યક્તિઓને તેમની આદતો છોડવા માટે પ્રોત્સાહિત કરવું.
- દવા મેનેજમેન્ટ-નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી અને સરળ બનાવવા માટે અન્ય દવાઓ પર નિષ્ણાત માર્ગદર્શન.

★ ધ્યેય માટે પ્રોત્સાહનઃ

ભારતીય આરોગ્ય નિધિ ખાતે, અમે માનીએ છીએ કે તંબાકુ છોડાવવું એ એક જીવન બચાવવા જેવું છે માટે અમારી સમર્પિત વિભાગોની ટીમ દર્દીઓને ફરી સ્વસ્થ બનાવવા, તંબાકુની ચપેટમાંથી મુક્ત કરવા માટે અત્યાધુનિક સુવિધા તેમજ કાળજીપૂર્વક સહાય પ્રદાન કરીએ છીએ.

વધુ વિગતો માટે સંપર્ક કરોઃ
ભારતીય આરોગ્યનિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ
નોર્થ સાઉથ રોડ નંબર ૧૩, JVPD સ્કીમ, વિલેપાર્લે પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૪૯.
8108439203 / 022 69486060
info@arogyanidhihospital.com www.arogyanidhihospital.com
https://linktr.ee/bharatiyaarogyanidhi_hospital






सत्यमेव जयते
महाराष्ट्र शासन

# पुण्यश्लोक अहिल्यादेवी होळकर यांच्या प्रेरणेतून मिळेल विकासाची नवी दिशा!

- चौंडी येथील स्मृतिस्थळाचा तीर्थस्थळ विकास आराखड्यात समावेश, यासाठी ६८१.३२ कोटी रुपयांचा निधी मंजूर; आणखी ७ तीर्थस्थळांचा विकास प्रस्तावित
- ऐतिहासिक जलस्रोतांच्या जतन व संवर्धनासाठी ७५ कोटी रुपयांचा निधी मंजूर; आणखी ३४ जलस्रोतांचे पुनरुज्जीवन व सुशोभीकरण करून इतिहासाला नवसंजीवनी देण्यात येणार
- अहिल्यानगर येथे शासकीय वैद्यकीय महाविद्यालय व अत्याधुनिक रुग्णालयाची स्थापना करण्यात येणार; १०० विद्यार्थी क्षमतेचे वैद्यकीय महाविद्यालय व ४३० खाटांचे रुग्णालय लवकरच उभारण्यात येणार
- धनगर समाजातील गुणवत्ताधारक विद्यार्थ्यांसाठीच्या वसतिगृह योजनेचे नामकरण 'पुण्यश्लोक अहिल्यादेवी होळकर वसतिगृह योजना' असे करण्यात येणार
- नारी शक्तीचा जागर करण्यासाठी, महिलांच्या सर्वांगीण सक्षमीकरणासाठी 'आदिशक्ती अभियान' आणि 'आदिशक्ती पुरस्कार योजना' राबविणार
- अहिल्यानगर येथे मुलींसाठी विशेष शासकीय औद्योगिक प्रशिक्षण संस्था स्थापन करणार
- पुण्यश्लोक अहिल्यादेवी होळकर यांच्या जीवनावर आधारित बहुभाषिक चित्रपटाची निर्मिती करण्यात येणार

पुण्यश्लोक अहिल्यादेवी होळकर यांना त्रिशताब्दी जयंतीनिमित्त विनम्र अभिवादन !

नरेंद्र मोदी प्रधानमंत्री
देवेंद्र फडणवीस मुख्यमंत्री
एकनाथ शिंदे उपमुख्यमंत्री
अजित पवार उपमुख्यमंत्री

माहिती व जनसंपर्क महासंचालनालय, महाराष्ट्र शासन
www.mahasamvad.in | MaharashtraDGIPR | MahaDGIPR

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં વધતું શહેરીકરણઃ પાણી પુરવઠા માટે પૂરતા આયોજનની જરૂરિયાત

અમદાવાદ : ગુજરાતમાં સતત વધતા શહેરીકરણના લીધે શહેરોમાં અનેક પ્રકારની સુવિધામાં ઉમેરો કરવો જરૂરી બની રહ્યો છે. જેમાં હાલમાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સોંપાયેલા રાજયના શહેરીકરણના અહેવાલમાં અનેક બાબતો પ્રકાશમાં આવી છે. રાજ્ય સરકારે રચેલી શહેરી આયોજન પરની ઉચ્ચ સ્તરીય સમિતિએ ભાર મૂક્યો હતો કે ગુજરાત માટે આયોજિત વિકાસ એ સમયની જરૂરિયાત છે. તેમજ પાણી પુરવઠા માટે આયોજન શહેરી વિકાસની તાતી જરૂરિયાત છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, દર પાંચ વર્ષે ૩૦૦થી વધુ ગામડાઓ શહેરી દરજ્જામાં તબદીલ થઈ રહ્યા છે. ત્યારે વર્ષ ૨૦૩૬માં રાજ્યની ૫૫ ટકા વસ્તી શહેરોમાં રહેવાનો અંદાજ છે. ત્યારે રાજયનો માત્ર સાત ટકા હિસ્સો ઔપચારિક આયોજન હેઠળ છે. તેમ છતાં અર્ધ-શહેરી અને જિલ્લા સ્તરીય વિસ્તારોમાં અનિયંત્રિત વિકાસ થઇ રહ્યો છે. આ અહેવાલ છ વિષયોની આસપાસ કેન્દ્રિત છે. જેમાં પર્યાવરણીય રીતે સંવેદનશીલ આયોજન અભિગમો અને શહેરી તળાવો અને જળાશયોના સંરક્ષણ માટે પાણી પુરવઠા પ્રત્યે સંવેદનશીલ શહેરી આયોજન મહત્ત્વપૂર્ણ છે. જેમ જેમ શહેરી વસ્તી વધશે તેમ તેમ પાણીની માગ નોંધપાત્ર રીતે વધી રહી છે.

રાજ્ય સરકારે રચેલી શહેરી આયોજન પરની ઉચ્ચ સ્તરીય સમિતિ નિવૃત્ત આઈએએસ કેશવ વર્માના નેતૃત્વ હેઠળની રચવામાં આવી છે. આ સમિતિએ ભલામણ કરી હતી કે રાજયના તમામ જાહેર અને ખાનગી તળાવો, ભરાયેલાં અને સુકાઈ ગયેલાને નકશાબદ્ધ કરીને જળાશયો તરીકે સૂચિત કરવા જોઈએ. આ સમિતિએ ગુજરાતનાં શહેરોમાં સર્જનાત્મક પુનર્વિકાસની ભલામણ કરી હતી. તેમજ ગૃહનિર્માણ અને શહેરી પુનર્વિકાસને સરળ બનાવવા માટે વિકાસ અધિકારોનું હસ્તાંતરણને પ્રોત્સાહન આપ્યું હતું. આ ઉપરાંત આ અહેવાલમાં શહેરી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમાં સમિતિએ જાહેર પરિવહનની જરૂરિયાત અને અસરકારક પાર્કિંગ વ્યવસ્થાપન પર ભાર મૂક્યો છે. વર્ષ ૨૦૨૪ માં રાજ્યમાં ૧૮ લાખ વાહનોની નોંધણી થઇ હતી. જેમાં ૧૨ લાખ ટૂ-વ્હિલર, ૩.૫ લાખ ફોર-વ્હિલર અને ૪,૦૦૦ બસોનો સમાવેશ થાય છે. તેમજ છેલ્લા ૧૫ વર્ષમાં વાહનોની નોંધણી વાર્ષિક ૪૧,૦૦૦થી વધીને વાર્ષિક ૧૮ લાખ થઈ ગઈ છે. એકલા અમદાવાદમાં જ દરરોજ ૨૦૦ થી વધુ નવી કારની નોંધણી થાય છે. જેના લીધે રોડ પર ટ્રાફિકનું ભારણ વધે છે. શહેરી વિકાસના પડકારોને પહોંચી વળવા માટે સમિતિએ શહેરી પરિવહન માટે આયોજન માળખાને મજબૂત બનાવવા, જાહેર પરિવહન સેવાઓ વધારવા અને ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો કરવાની ભલામણ કરી છે. પેનલે સૂચવ્યું છે કે વ્યક્તિગત વાહનનો ઉપયોગ ઘટાડવા માટે શહેરી બસોની સંખ્યા વધારવી જોઈએ. રાજ્યભરમાં હાલની ૨૦૦૦ શહેરી બસોના સ્થાને તે લગભગ ૯૦૦૦ બસો સુધી પહોંચાડવાની જરૂર પડશે.

આ ઉપરાંત મોટાં મોટાં શહેરોએ પાર્કિંગ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવી જોઈએ અને અમલમાં મૂકવી જોઈએ. આ યોજનાઓએ પાર્કિંગ વ્યવસ્થાપન ઝોન અને અમલીકરણ પદ્ધતિઓ ઓળખવી જોઈએ. સમિતિએ ભલામણ કરી હતી કે બધાં મોટાં શહેરો વ્યાપક પાર્કિંગ વ્યવસ્થાપન યોજનાઓ સાથે વિગતવાર પાર્કિંગ નીતિઓ તૈયાર કરે. આ માટે ઓન-સ્ટ્રીટ પાર્કિંગના સંકલિત સંચાલન અને અમલીકરણ માટે પાર્કિંગ સેલ બનાવવાની જરૂર પડશે. નગરપાલિકાઓએ પાર્કિંગ નીતિના અમલીકરણ માટે સ્પષ્ટ ભૂમિકાઓ અને જવાબદારીઓ જાહેર કરવી પડશે. રાજ્ય સરકારની શહેરી આયોજન પરની ઉચ્ચ-સ્તરીય સમિતિએ વધુ સારા વિકાસ માટે ૩૪ જિલ્લાઓમાં દરેકમાં જિલ્લા શહેરી વિકાસ સત્તામંડળોની રચના કરવાની ભલામણ કરી છે. જોકે, વિભાગીય ખાલી જગ્યાઓ ભરવાની તાત્કાલિક જરૂર છે. કુલ ૧,૧૪૦ જગ્યાઓમાંથી ૬૬૫ એટલે કે ૫૮ ટકા જગ્યા ખાલી છે.

# ગુજરાતમાં શૅરબજારના રોકાણકારોનો આંકડો એક કરોડને પારઃ એક દાયકામાં પાંચગણો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતીઓ વેપાર કરવાની સાથે શૅરબજારમાં પણ રોકાણ કરવા જાણીતા છે. ગુજરાતીઓની શૅરબજારમાં રોકાણ કરવાની વધતી ભૂખને કારણે રાજ્યએ એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો હતો. રાજ્યમાં નોંધાયેલા ઇક્વિટી રોકાણકારોની સંખ્યા એક કરોડનો આંકડો વટાવી ગઈ હતી. છેલ્લા એક દાયકામાં શૅરબજારમાં રોકાણકારોની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નેશનલ સ્ટોક એક્સચેન્જના આંકડા પ્રમાણે આ વર્ષે ૩૦ એપ્રિલ સુધીમાં ગુજરાતમાં રોકાણકારોની સંખ્યા ૯૯.૯ લાખ પર પહોંચી ગઈ હતી.

નાણાકીય વર્ષ ૨૦૧૫માં, ગુજરાતમાં ફક્ત ૨૦ લાખ જેટલા ઇક્વિટી રોકાણકારો હતા. નાણાકીય વર્ષ ૨૦૨૦ સુધીમાં આ સંખ્યા ૯૦ ટકા વધીને૩૮ લાખ થઈ હતી. મે ૨૦૨૫ સુધીમાં આ સંખ્યા ૧૬૩ ટકા વધીને ૧ કરોડના આંકડે પહોંચી હતી. સૂત્રોના કહેવા પ્રમાણે, એનએસઈ ડેટા અનુસાર, એપ્રિલના અંત સુધીમાં ગુજરાતમાં ૯૯.૯૦ લાખ રોકાણકારો હતા. મે મહિનામાં આંકડો એક કરોડને પાર થઈ ગયો હોવાનો અમને અંદાજ છે. રાજ્યમાં કોવિડ પછી રિટેલ રોકાણકારો - ખાસ કરીને યુવા વ્યાવસાયિકો - મોટી સંખ્યામાં બજારમાં પ્રવેશ્યા છે.

માર્કેટ એક્સપર્ટના કહેવા પ્રમાણે, આઈપીઓમાં તેજી, ડિજિટલ ઓનબોર્ડિંગની સરળતા અને વેલ્થ ક્રિએશન અંગેની વધેલી જાગૃતિએ આ વૃદ્ધિમાં ફાળો આપ્યો છે. એનએસઈ ડેટા અનુસાર, ગુજરાતમાં એપ્રિલ મહિનામાં જ લગભગ ૪૯,૦૦૦ નવા રોકાણકારો ઉમેરાયા હતા. ૨૦૨૫ની શરૂઆતમાં મંદીના બજારને કારણે રોકાણકારોની સંખ્યામાં ઘટાડો થયો હતો, પરંતુ મે મહિનામાં સુધરેલા ઇન્ડેક્સ પ્રદર્શને રાજ્યને ૧ કરોડના આંકડાને પાર કરવામાં મદદ કરી હતી.

ગુજરાત દેશમાં રોકાણકારોની દૃષ્ટિએ ત્રીજા સ્થાને પહોંચ્યું હતું. મહારાષ્ટ્ર ૧.૮૪ કરોડ રોકાણકારો સાથે પ્રથમ, ઉત્તર પ્રદેશ ૧.૨૯ કરોડ રોકાણકારો સાથે બીજા ક્રમે છે. દેશમાં ઈક્વિટી રોકાણકારોની સંખ્યા ૧૧ કરોડને પાર થઈ હતી.

# કડી પેટાચૂંટણીઃ આમ આદમી પાર્ટીએ ઉમેદવાર અને સ્ટાર પ્રચારકો જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કડી વિધાનસભાની પેટાચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ઉમેદવારનું નામ જાહેર કર્યું હતું. આમ આદમી પાર્ટીએ જગદીશ ચાવડાને ટિકિટ આપી હતી.જ્યારે વિસાવદર બેઠક પર ગોપાલ ઈટાલિયાને મેદાનમાં ઉતાર્યા છે. ઇસુદાન ગઢવીએ કહ્યું હતું કે કડી અને વિસાવદર આમ આદમી પાર્ટી મજબૂતીથી લડશે અને જીતશે. આમ આદમી પાર્ટીનો ડંકો વાગશે.

ગુજરાતમાં કડી અને વિસાવદર પેટાચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત સાથે આમ આદમી પાર્ટીએ સ્ટાર પ્રચારકોની જાહેરાત કરી હતી. અરવિંદ કેજરીવાલ, ભગવંત માન, મનીષ સિસોદિયા, રાઘવ ચઢ્ઢા, સુનિતા કેજરીવાલ, ઇસુદાન ગઢવી સહિતના ૨૦ સ્ટાર પ્રચારકો ગુજરાતમાં સભાઓ ગજવશે. કડી બેઠક વર્ષ ૨૦૧૨માં અનુસૂચિત જાતિ અનામત બેઠક તરીકે અસ્તિત્વમાં આવી હતી. આ બેઠક પર વર્ષ ૨૦૧૨માં કૉંગ્રેસના રમેશ ચાવડા ભાજપના હીતુ કનોડિયાને હરાવી વિજયી બન્યા હતા. વર્ષ ૨૦૧૭માં ભાજપના સ્વ. કરશન સોલંકીએ કૉંગ્રેસના સિટિંગ ધારાસભ્ય રમેશ ચાવડાને હરાવ્યા હતા અને વર્ષ ૨૦૨૨માં ભાજપે રિપીટ કરેલ સ્વ. કરશન સોલંકીએ કૉંગ્રેસના પ્રવીણ પરમારને હરાવ્યા હતા. વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં સિટિંગ ધારાસભ્ય કરશન સોલંકીનું અવસાન થતાં બેઠક ખાલી પડી હતી, જેના માટે હવે પેટાચૂંટણી યોજાશે. કડી અને વિસાવદર વિધાનસભા બેઠક પર ૧૯ જૂને મતદાન યોજાશે અને ૨૩ જૂને પરિણામો જાહેર થશે.

# ગુજરાતમાં ખેતીની એનપીએ ૨૦૨૪-૨૫માં છ ટકા વધીને ₹ ૬,૧૨૭ કરોડ પર પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને કેન્દ્ર સરકાર ખેડૂતોના લાભાર્થે અનેક સ્કીમ ચલાવે છે. તેનો લાભ લઈને ઘણા ખેડૂતો સમૃદ્ધ થયા છે. જોકે રાજ્યમાં ખેતીને લઈ એક ચોંકાવનારી વાત સામે આવી હતી.

સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીના રિપોર્ટ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાં ખેતીની એનપીએ છ ટકા વધીને ૬૧૨૭ કરોડ પર પહોંચી હતી. જે ૨૦૨૩-૨૪માં ૫૭૮૬ કરોડ હતી. જોકે છેલ્લા બે વર્ષમાં, કૃષિ આવકમાં વૃદ્ધિ થઈ હતી, જેના કારણે નોન-પર્ફોર્મિંગ એસેટ્સમાં ઘટાડો થયો હતો.

બૅન્કોએ કૃષિ ક્ષેત્રે ધિરાણ વધાર્યું અને સરકારે વ્યાજ સબસિડી તથા અન્ય સહાય યોજનાઓ શરૂ કરી હોવા છતાં, ખરાબ બેડ લોન માં વધારો થયો હતો. જોકે, અનિયમિત હવામાન, જીવાતનો ઉપદ્રવ અને ચીજવસ્તુઓના ભાવમાં થતી વધઘટને કારણે ખેડૂતોની આવક પર ભારે અસર પડી હતી.

એકંદરે લોન ધિરાણ વિતરણમાં વધારો થયો હતો. નાણાકીય વર્ષ ૨૪ માં રૂ. ૧.૩૨ લાખ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૫માં રૂ.૧.૪૫ લાખ કરોડ થયું હતું. જે ૯.૯૮ ટકાનો વધારો દર્શાવે છે. સૂત્રએ જણાવ્યું હતું કે, કેટલાક લોકોને કૃષિ લોન ચૂકવવામાં મુશ્કેલી થઈ હોઈ શકે છે, પરંતુ એકંદરે ચૂકવણી સમયસર થઈ છે. એનપીએથી બાકી રકમનો ગુણોત્તર પણ ૪.૪૩ ટકાથી ઘટીને ૪.૩૭ ટકા થયો હતો.સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત જેવા વિસ્તારોમાં કમોસમી વરસાદ, વાવાઝોડું જેવા કારણોસર એનપીએનું પ્રમાણ વધ્યું હતું. ખેડૂતોના કહેવા પ્રમાણે કપાસના ભાવ નીચા રહ્યા અને ગુલાબી ઇયળના ઉપદ્રવથી ઉપજ પર અસર પડી. આનાથી આ વર્ષે ખેડૂતોની કમાણીને સામૂહિક રીતે ફટકો પડ્યો હતો. તદુપરાંત, મગફળીનું ઉત્પાદન પણ નબળું રહ્યું. ઉપરથી, કમોસમી વરસાદે રવી પાકને નુકસાન પહોંચાડ્યું, જેનાથી ખેડૂતોની આવકને ગંભીર અસર થઈ હતી. પરિણામે ઘણા ખેડૂતો જેઓ તેમના વાવણી ખર્ચને સરભર કરી શક્યા ન હતા તેઓ તેમની લોનનો અમુક ભાગ ચૂકવી શક્યા નથી.

# અમદાવાદમાં ઈ-કોમર્સની ફ્રેન્ચાઈઝી આપવાના બહાને ૧૦ લોકો સાથે ₹ ૬૮.૪૦ લાખની ઠગાઈ

અમદાવાદઃ શહેરમાં એક યુવક સહિત ૧૦ લોકો સાથે દિલ્હીની કંપની અને ડાયરેક્ટરોએ ભેગા મળીને ડિલિવરી માટેની ફ્રેન્ચાઇઝી આપવાનું કહીને ૬૮.૪૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. મળતી વિગત પ્રમાણે, સોલામાં રહેતા એક વ્યક્તિએ સોશિયલ મીડિયામાં ઈ કોમર્સ ડિલિવરીના પેજ પર જોઈને અરજી કરી હતી. અરજીના થોડા દિવસમાં તેમને ફ્રેન્ચાઈઝી તરફથી કોલ આવ્યો હતો અને પ્રહલાદનગર ઑફિસની મુલાકાત લેવા જણાવ્યું હતું, જેથી તેઓ ત્યાં ગયા હતા. ઑફિસમાં હાજર રહેલી વ્યક્તિએ તેમને ડિસ્ટ્રિક્ટ વેરહાઉસની ફ્રેન્ચાઈઝી માટે ૧૧,૦૦૦ ટોકન આપવા જણાવ્યું હતું. તેમણે પે ટીએમથી પેમેન્ટ કર્યું હતું. આ પ્રોસેસ બાદ દિલ્હીથી ફોન આવ્યો હતો. ફોન કરનારી વ્યક્તિએ કંપનીના હેડ તરીકે ઓળખ આપીને ડિસ્ટ્રિક્ટ વેરહાઉસના બદલે ઝોનલ વેરહાઉસની ફ્રેન્ચાઈઝી લેવી હોય તો ૧૨,૫૦,૦૦૦ રૂપિયા આપવા પડશે. પૈસા ચૂકવ્યા બાદ દર મહિને વેરહાઉસના ભાડા પેટે ૨૫૦૦૦ અને માસિક એક ટકા લેખે કંપની તરફથી વળતર આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

કંપનીના કર્મચારીની વાતમાં આવીને તેમણે સાયન્સસિટી ખાતે વેરહાઉસ ભાડે રાખ્યું હતું. શરૂઆતના ચાર મહિના સુધી તેમને નિયમિત પૈસા આપવામાં આવ્યા હતા. જે બાદ વળતર આપવાનું બંધ કર્યું હતું. પૂછપરછ કરવામાં આવતા ગલ્લા તલ્લા શરૂ કર્યા હતા.

# ગાંધીનગર સિવિલ ખાતે ઓબેસિટી ક્લિનિકનો એક મહિનામાં ૫૦૦થી વધુ દર્દીએ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્તમાન સમયમાં મેદસ્વિતા ગંભીર સમસ્યા બની રહી છે. શરીરનું વજન વધારે હોય તો અનેક બીમારીનો ભોગ બનવાનો ખતરો રહે છે. પરિણામે શરીર અનેક બીમારીઓનું ઘર બને છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી 'ઓબેસિટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂનરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ હેઠળ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં મે મહિનાના પ્રથમ અઠવાડિયામાં રાજ્યનું પ્રથમ ઓબેસિટી ક્લિનિક શરૂ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતે મેદસ્વિતા ક્લિનિક શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં ૫૦૦થી દર્દીઓને વધારે વજન તથા મેદસ્વી કેટેગરી તપાસીને જરૂરી સારવાર તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ક્લિનિકમાં સારવાર માટે આવેલા દર્દીઓનું સ્ક્રીનિંગ કરી તેનું વજન તથા ઊંચાઈ માપી તેનો બોડી માસ ઇન્ડેક્ષ માપવામાં આવે છે, જેમાં ૨૫ થી નીચે બીએમઆઈ વાળા તંદુરસ્ત તથા ૨૫ થી ૩૦ વચ્ચેના વધારે વજનવાળા તથા ૩૦ થી ૩૫ વચ્ચેની મેદસ્વિ તથા ૩૫ થી વધારેવાળા અતિ મેદસ્વિ કેટેગરીમાં આવે છે.

સારવાર માટે આવતા દર્દીઓમાં ૨૫થી વધારે બીએમઆઈ હોય તેઓનું કાઉન્સિલર દ્વારા મેડિકલ હિસ્ટ્રી તપાસી સાચી સમજ આપવામાં આવે છે. ડાયટેશિયન દ્વારા યોગ્ય સમતોલ તથા પોષક આહારની પણ સમજણ આપવામાં આવે છે. મેડિકલ ઓફિસર દ્વારા દર્દીની તપાસ, હિસ્ટ્રી ચકાસી જરૂરી રીપોર્ટસ બાદ જરૂરિયાત મુજબ ફિઝિશિયન, પીડિયાટ્રીશિયન, જનરલ સર્જરી વિભાગ, સાયકિયાટ્રિસ્ટ, ગાયનેકોલોજિસ્ટ દ્વારા તપાસ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

# બનાસકાંઠા જિલ્લામાં ૨૫,૦૦૦ રિચાર્જ કૂવા બનાવાશેઃ મુખ્ય પ્રધાને અભિયાનનો કરાવ્યો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા હેઠળ ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા અમલમાં મુકાયેલા જળ શક્તિ અભિયાનઃ કેચ ધ રેઇન ૨૦૨૫ અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં જળ સંચય જન ભાગીદારી અભિગમને કેન્દ્રમાં રાખી રિચાર્જ કૂવા નિર્માણના કાર્યનો આજથી શુભારંભ થયો હતો.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જનબળ એટલે કે, જનશક્તિને દેશના વિકાસમાં જોડવાની અને સૌના સાથ, સૌના વિકાસની પરંપરા વિકસાવી છે. ગુજરાતના આજના સર્વગ્રાહી વિકાસના મૂળમાં વડા પ્રધાને જળશક્તિ, જનશક્તિ, ઊર્જાશક્તિ, રક્ષાશક્તિ અને જ્ઞાન શક્તિનો આપેલો વિચાર છે. વડા પ્રધાન હંમેશાં કહે છે કે, પાણી એ વિકાસની પહેલી શરત છે. નરેન્દ્ર મોદીએ જ્યારે મુખ્ય પ્રધાન પદ સંભાળ્યું ત્યારે ગુજરાતમાં ન તો પૂરતી વીજળી હતી કે ન પૂરતું પાણી. આપત્તિને અવસરમાં અને પડકારોને તકમાં પલટાવવાનું સામર્થ્ય નરેન્દ્ર મોદીએ આપણામાં કેળવ્યું છે. તેમણે જળ સમસ્યાના નિવારણ માટે જનશક્તિને જળસંગ્રહ, જળસંચય, ચેકડેમ-બંધારાના વિરાટ અભિયાનમાં જોડી. તેના પરિણામે ગુજરાત વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બન્યું. વડા પ્રધાને આપણને પાણી આવે તે પહેલા પાળ બાંધી લેવાની દિશા આપી છે એમ પણ મુખ્ય પ્રધાને કહ્યું હતું. સમગ્ર દેશમાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવી શકાય તેવા ઉમદા હેતુથી વડા પ્રધાને ૨૦૧૯માં રાષ્ટ્રવ્યાપી જળશક્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમના માર્ગદર્શનમાં દેશભરમાં જનભાગીદારીથી જળસંચયના કામો ઉપાડ્યાં છે. બનાસકાંઠામાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવવા રાજ્ય સરકારે લગભગ ૫૦ હજાર રિચાર્જ કૂવા બનાવવાનું આયોજન હાથ ધર્યું છે. એમાં બનાસ ડેરીના સહયોગથી ૨૫ હજાર રિચાર્જ કૂવા બનવાના છે. બનાસ ડેરીની આ પ્રતિબદ્ધતા માટે મુખ્ય પ્રધાને શંકરભાઈ ચૌધરી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે તેવો મંત્ર આપીને રાજ્યમાં તમામ સ્તરે જળ સંચયનાં કામો જનભાગીદારીથી શરૂ કરાવ્યા છે. ચોમાસાના વહી જતાં પાણીને જળ સંચય અને જળ વ્યવસ્થાપનના પ્રયાસોથી અટકાવીને જમીનમાં ઉતારીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા, સિંચાઇ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા, ખેત ઉત્પાદનમાં વધારો કરવાના મુખ્ય ઉદ્દેશ સાથે આપણે કૂવા રિચાર્જ નિર્માણ માટેનું અભિયાન શરૂ કર્યું છે તેમ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે, આપણી સનાતન સંસ્કૃતિમાં પાણીને પરમેશ્વરનો પ્રસાદ અને નદીઓને માતાનું સ્થાન મળ્યું છે. એટલું જ નહીં, કૃષિના ઋષિ એવા ખેડૂતો કૃષિક્રાંતિ કરી શકે તે માટે પણ જળસિંચન મહત્ત્વનું અંગ છે. પ્રાકૃતિક ખેતી- સૌ સમસ્યાઓનું સમાધાન છે. રાજ્યમાં પૂરતું પાણી મળવાથી ખેતી અને ખેત ઉત્પાદન પણ વધ્યાં છે. આપણે ખેતીને વધુ સમૃદ્ધ બનાવવા રાસાયણ ખાતર મુક્ત ખેતી, પ્રાકૃતિક ખેતી પર ફોકસ કર્યું છે. રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન અને માનવી બન્નેનું સ્વાસ્થ્ય બગડે છે. આજે નાની વયે બી.પી, સુગર, હાર્ટએટેક જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. વડા પ્રધાને આ સ્થિતિ સુધારવા માટે 'બેક ટુ બેઝિક' નો મંત્ર આપ્યો છે.

કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર.પાટીલે જણાવ્યું કે, દેશમાં ૧૮% પશુઓ છે. જેમાં બનાસકાંઠામાં સૌથી વધુ પશુઓ છે. આ પશુ તેમજ જીવન સૃષ્ટિ માટે પાણી અગત્યનું પરિબળ છે. પણ તમને જાણીને આશ્ચર્ય થશે કે દેશમાં ૪% પીવાનું પાણી ઉપલબ્ધ છે. દેશમાં પાણીની વાત કરીએ તો ૭૦૦ પૈકી ૧૫૦ જિલ્લાડાર્ક ઝોનમાં આવે છે, જેમાં ઉત્તર ગુજરાતનો સૌથી મોટો જિલ્લો બનાસકાંઠા પણ ડાર્ક ઝોનમાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લાને ડાર્ક ઝોનમાંથી બહાર નીકાળવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં છેલ્લા ૧ વર્ષથી કામ કરવામાં આવી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં પાણીના બચાવ માટે દેશભરમાં અમૃત સરોવર, નર્મદા યોજના, સૌની યોજના જેવી વગેરે યોજના દ્વારા અવિરત કામ કરવામાં આવી રહ્યું છે. ભારત દેશના પૂર્વ વડા પ્રધાન અટલજી કહેતા હતા નદીઓને જોડવી જોઈએ. અટલજીના સ્વપનને દેશના વડા પ્રધાન પૂર્ણ કરી રહ્યા છે. નર્મદા, સાબરમતી અને કચ્છની નદીઓ સાથે જોડાણ માટે કામ થઈ રહ્યું છે. સાથે રાજસ્થાન, મધ્ય પ્રદેશમાં ત્રણ નદીઓને જોડવા માટે ૭૭ હજાર કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. વડા પ્રધાને જોયેલ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે ડેમ બનાવવા કરતા ''કેચ ધ રેઇન'' અંતર્ગત વરસાદનું પાણી સંગ્રહ કરીને ભૂગર્ભ જળમાં પાણીને ફરીથી સંગ્રહ કરવાની તાકીદ છે.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાણીથી ઝઝૂમતા દેશના ડાર્ક ઝોનમાં આવેલા જિલ્લાઓને બહાર લાવવા માટે બીડું ઝડપ્યું છે ત્યારે ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાની સૌથી પહેલા પસંદગી કરવામાં આવી છે. ખેતરનું પાણી ખેતરમાં તથા સીમનું પાણી સીમમાં રહે તે માટે બનાસ ડેરીએ બીડું ઝડપ્યું છે.

# પાકિસ્તાને ગુજરાત બોર્ડર પર ટેન્કો ગોઠવી હતીઃ બીએસએફ આઈજીનો મોટો ખુલાસો, ૬૦૦થી વધુ ડ્રોન હુમલા કર્યાની કબૂલાત

અમદાવાદઃ ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો. પાકિસ્તાને ગુજરાત સહિત દેશના બોર્ડર વિસ્તારોને ડ્રોનથી નિશાન બનાવવાની કોશિશ કરી હતી. સેનાએ તમામ ડ્રોન તોડી પાડ્યા હતા. આ દરમિયાન બીએસએફના આઈજી અભિષેક પાઠકે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, પાકિસ્તાને ગુજરાત બોર્ડર પર ટેન્કો ગોઠવી હતી, ૬૦૦થી વધુ ડ્રોન મોકલ્યા હતા, સેનાએ તમામ તોડી પાડ્યા હતા.

અભિષેક પાઠકે જણાવ્યું કે, પહલગામ હુમલાનો ભારતે ઓપરેશન સિંદૂરથી બદલો લીધો હતો. જેનાથી પાકિસ્તાન હચમચી ઉઠ્યું હતું અને કંઇક મોટું કરવાનો ઈરાદો હતો. ગુપ્તચર શાખાને પાકિસ્તાન સેનાના એકત્રીકરણની માહિતી મળતાની સાથે જ અને એ પણ જાણવા મળ્યું કે પાકિસ્તાને ગુજરાતને અડીને આવેલી સરહદ પર ટેન્ક અને તોપખાના ગોઠવી દીધા છે, ગુજરાત ફ્રન્ટિયરએ દુશ્મનને યોગ્ય જવાબ આપવા માટે તૈયારી શરૂ કરી દીધી અને તમામ સરહદી ચોકીઓ પર ઉચ્ચ કેલિબરના શસ્ત્રો અને સર્વેલન્સ સાધનો તૈનાત કર્યા તેમણે જણાવ્યું કે, ગુજરાતની ભારત-પાકિસ્તાન સરહદ પણ એક અનોખી ભૌગોલિક પરિસ્થિતિ રજૂ કરે છે. અહીં કાં તો રણ છે કે કાં તો ક્રીક, બંને વિસ્તારો એવા છે જ્યાં કળણવાળી જમીન, ખારાશ અને આબોહવા ગરમ અને ભેજવાળી રહે છે. અવરજવરના માર્ગો ખૂબ જ મર્યાદિત છે, સૈનિકોને કળણવાળી જમીન પર પગપાળા પેટ્રોલિંગ અથવા અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરવી પડે છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું, ગુજરાત ફ્રન્ટિયર આ બોર્ડર સિક્યુરિટી ફોર્સનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે જે રાજસ્થાનના બાડમેર જિલ્લાથી સમગ્ર ગુજરાત રાજ્યમાં સર ક્રીક સુધીની ભારતની પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. ગુજરાત ફ્રન્ટિયરનો જવાબદારીનો વિસ્તાર ખૂબ જ મુશ્કેલ અને પડકારોથી ભરેલો છે.

# ઓપરેશન સિંદૂરની યાદમાં અમદાવાદના જગતપુરમાં ૫૦૦૦ ચોરસ મીટરમાં સિંદૂરવન બનાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય સેનાએ પાર પાડેલા ઓપરેશન સિંદૂરના માનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જગતપુર બ્રિજ પાસેના પ્લોટમાં સિંદૂર વન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પાર્કમાં આશરે ૧૨ હજાર છોડ ઉછેરવામાં આવશે, જેમાં ૫૫૧ છોડ સિંદૂરના હશે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ અંતર્ગત વૈષ્ણવ વણિક પરિવાર તે વિકસાવશે અને પાંચ વર્ષ સુધી જાળવણી પણ કરશે.

સૂત્રોના કહેવા પ્રમાણે, ભારતીય સૈન્યના શૌર્યને બિરદાવવા માટે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પાર્કમાં છોડ વાવીને મિશન ફોર મિલિયન ટ્રીનો પ્રારંભ કરાવશે.

આ પાર્કમાં સિંદૂર સિવાયના અન્ય છોડ મિયાંવાકી પદ્ધતિથી ઉછેરવામાં આવશે. સિંદૂરના ઝાડ પર થતું ફળ સૂકાય એટલે તેની અંદરના બીજમાંથી સિંદૂરી રંગનો પાઉડર મળે છે, જે સિંદૂર તરીકે ઓળખાય છે.

# નર્મદાના સાગબારા તાલુકાના કોલવાણ ગામે દીપડાએ ૯ વર્ષની બાળકીને ફાડી ખાધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદાના સાગબારા તાલુકાના કોલવાણ ગામની સીમમાં દીપડાએ નવ વર્ષની બાળકને ફાડી ખાધી હતી. બાળકીના મોતના પગલે પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. મળતી વિગત પ્રમાણે, મૃતક બાળકીના માતા-પિતા શેરડીના ખેતરમાં ઘાસ કાપવા ગયા ત્યારે તેમની નવ વર્ષની અને ચાર વર્ષની દીકરીને પણ સાથે લેતા ગયા હતા.

માતા-પિતા કામમાં રોકાયેલા હતા ત્યારે ઓચિંતો દીપડો આવ્યો હતો અને નવ વર્ષની દીકરીને ઉઠાવીને શેરડીના ખેતરમાં ઘૂસી ગયો હતો.

બાળકીને દીપડો ઉઠાવી ગયો હોવાની વાત ફેલાતાં ગામલોકો દોડી આવ્યા હતા અને શેરડીના ખેતરમાં બાળકીની શોધખોળ શરૂ કરી હતી. લોહીના નિશાનના આધારે તેઓ બાળકી સુધી પહોંચ્યા હતા ત્યારે દીપડો પણ ત્યાં હતો. ગમે તેમ કરીને બાળકીને ત્યાંથી કાઢીને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

દીપડાના હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલી બાળકીનું સારવાર દરમિયાન જ મોત થયું હતું. બાળકીના કમકમાટીભર્યા મૃત્યુને લઇ લોકોનો રોષ ભભૂકી ઊઠ્યો હતો. લોકોએ સાગબારા પોલીસ સ્ટેશન સામે રસ્તો રોકીને આંદોલન કર્યું હતું.

# ગુજરાત સરકારનો મોટો નિર્ણયઃ સ્કૂલ પ્રવાસમાં પોલીસ કર્મચારીને સાથે રાખવા પડશે

અમદાવાદઃ સ્કૂલ પ્રવાસ દરમિયાન બનતી દુર્ઘટનાને લઈ રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો હતો. હવે જે પણ શાળા પ્રવાસનું આયોજન કરશે તેમણે પોલીસના કર્મચારીને સાથે રાખવાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

શાળાના શૈક્ષણિક પ્રવાસ માટે તાલુકા અને જિલ્લા કક્ષાએ શિક્ષણ વિભાગની મંજૂરી લેવાની જ હોય છે, પરંતુ સાથે સાથે હવે પોલીસની પણ મંજૂરી લેવાની રહેશે. શાળાઓએ પોતાના શૈક્ષણિક પ્રવાસ દરમિયાન બે પોલીસ કર્મચારી સાથે રહેશે. એટલું જ નહીં, પરંતુ શાળાએ પોલીસ સ્ટેશનને પ્રવાસ અંગે જાણ પણ કરવાની રહેશે.

જો આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થિનીઓ જવાની હોઈ તો મહિલા પોલીસ કર્મચારી પણ સાથે રહેશે. ડીજીપી કચેરીથી શિક્ષણ વિભાગને સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ ડીજીપી કોન્ફરન્સમાં પીએમ મોદી દ્વારા આ અંગે સૂચન કરવામાં આવ્યું હતું, જે અનુસંધાને હવે બાળકોની સંભાળ માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ઉપરાંત રાજ્યમાં શૈક્ષણિક પ્રવાસ વખતે બનેલી તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની ચર્ચા છે.

# વીક એન્ડ

## સ્પોર્ટ્સ મૅન

સાશા
feedback@bombaysamachar.com

### ૨૦ જૂનથી બ્રિટિશરોની ધરતી પર રમાશે પાંચ મૅચની ટેસ્ટ સિરીઝ

# ભારત માટે પડકાર કે ઇંગ્લૅન્ડને ફટકાર?

ઇંગ્લૅન્ડના ટેસ્ટ-કૅપ્ટન બેન સ્ટૉક્સે કહ્યું છે કે 'આગામી ૨૦ જૂને ભારત સામે શરૂ થઈ રહેલી પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝમાં વિરાટ કોહલીની કવર ડ્રાઇવ અને રોહિત શર્માના નીડરતાભર્યા પુલ શૉટની ખોટ જરૂર વર્તાશે, પરંતુ આ બન્ને દિગ્ગજ નહીં હોય તો પણ ભારતીય ટીમને હળવાશથી નહીં લેવાય.'

ઑલરાઉન્ડર બેન સ્ટૉક્સના કહેવા મુજબ વિરાટ અને રોહિત વિના પણ ભારતીય ટીમ હંમેશાંની જેમ ઘણી મજબૂત હશે. ખાસ કરીને ટીમ ઇન્ડિયાના યુવા બૅટ્સમેનો સામે ઇંગ્લિશ બોલર્સે સાવચેત રહેવું પડશે.

બેન સ્ટૉક્સનું આવું કહેવા પાછળનો ભાવાર્થ એ છે કે ભારતીય ટીમ પાસે હંમેશાં એકથી એક ચડિયાતા બૅટ્સમેન હોય છે. માત્ર બેન સ્ટૉક્સ જ નહીં, ઇંગ્લૅન્ડના અનેક વરિષ્ઠ ખેલાડીઓ કહી ગયા છે કે ઇંગ્લૅન્ડમાં રમાનારી આગામી ટેસ્ટ શ્રેણીમાં મેદાન પર ખાસ કરીને તીવ્ર પડકાર બનનારા વિરાટ કોહલીની ખોટ જરૂર વર્તાશે. આ બ્રિટિશ સિનિયર પ્લેયરોના મતે વિરાટ કોહલી જેવો સ્પર્ધાત્મક ખેલાડી દાયકાઓ બાદ મેદાન પર જોવા મળતો હોય છે.

ખરેખર તો ભારતીય ટીમ લગભગ ૧૦ વર્ષ સુધી હંમેશાં વિરાટ અને રોહિત અથવા આ બે દિગ્ગજમાંના એક પ્લેયરની હાજરીમાં જ ટેસ્ટ રમવા મેદાન પર ઊતરી છે. જોકે જૂન-જુલાઈમાં ભારતીય ટીમ જ્યારે ઇંગ્લૅન્ડના પ્રવાસે હશે ત્યારે ક્રિકેટપ્રેમીઓને (એક સાથે બન્ને ધરખમ ખેલાડીઓ) કોહલી અને રોહિત નહીં જોવા મળે.

રોહિત શર્માએ સાતમી મેએ અને વિરાટ કોહલીએ એના પાંચ દિવસ બાદ ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. કોહલીએ ૨૦૧૧માં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું, જ્યારે રોહિતે એના બે વર્ષ બાદ (૨૦૧૩માં) ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.

૨૦૨૨ના જાન્યુઆરીમાં બન્યું એવું કે ભારતે જોહનિસબર્ગમાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ વિરાટ અને રોહિત, આ બેઉ દિગ્ગજ વિના રમી હતી. કોહલી ત્યારે કૅપ્ટન હતો, પરંતુ તેને પીઠમાં દુખાવો હતો એટલે નહોતો રમ્યો. રોહિત ત્યારે ઈજાને લીધે આખી સિરીઝની જ બહાર હતો. કેએલ રાહુલે ત્યારે કોહલી વિનાની ટેસ્ટમાં સુકાન સંભાળ્યું હતું અને ભારત એ ટેસ્ટ સાત વિકેટે હારી ગયું હતું.

એ જ સિરીઝ બાદ કોહલીએ ટેસ્ટની કૅપ્ટન્સી છોડી દીધી હતી. તેણે સુકાન છોડ્યા બાદ સમયાંતરે અજિંક્ય રહાણે અને જસપ્રીત બુમરાહે કાર્યવાહક સુકાની તરીકેની જવાબદારી સંભાળી હતી, પરંતુ કોહલી પછીના રેગ્યુલર કૅપ્ટન તરીકેનો કાર્યભાર રોહિતે સંભાળ્યો હતો. ખરેખર તો કોહલી-રોહિત ૧૦ વર્ષ સુધી ભારતીય ટેસ્ટ ટીમના બે મજબૂત સ્તંભ બની રહ્યા હતા. તેમણે દુનિયાના દરેક ખૂણે જઈને શાનદાર બૅટિંગ પ્રદર્શનથી ઢગલો રન કર્યા હતા. ઇંગ્લૅન્ડના લૉર્ડ્સનું મેદાન હોય કે ઑસ્ટ્રેલિયાનું ઍડિલેઇડ, આ બન્ને સ્ટાર બૅટ્સમેને દરેક મેદાન પર પુષ્કળ રન કર્યા હતા. ૨૦૧૯માં ટેસ્ટનો ઓપનર બન્યા પછી તો રોહિતે પાછળ વળીને જોયું જ નહોતું, પરંતુ આ વખતે (ઑગસ્ટ, ૨૦૨૫માં) ભારતીય ટીમનો ઇંગ્લૅન્ડ પ્રવાસ આ બન્ને દિગ્ગજો વિના પૂરો થશે.

ખરું કહીએ તો કોઈ પણ દેશની ટીમમાં અનુભવી અને પડકારરૂપ ખેલાડીની હાજરી હોય તો હરીફ ટીમ પર એનો માનસિક પ્રભાવ પડે છે અને એ હરીફ ટીમ માનસિક રીતે દબાણમાં રહે છે, પણ આ વખતે ભારતીય ટીમમાંથી એકસાથે બે સ્ટાર ખેલાડીઓની બાદબાકી થઈ ગઈ હશે.



**કોહલી-રોહિતની જુગલ જોડી વિના હવે શુભમન ગિલના સુકાનમાં ભારતની યુવા ટીમે ઇંગ્લૅન્ડમાં જીતી બતાવવાનું છે**

સામાન્ય રીતે ભારત-ઑસ્ટ્રેલિયા, ભારત-ઇંગ્લૅન્ડ, ભારત-પાકિસ્તાન સિરીઝમાં દરેક ખેલાડી વિજેતા ટીમનો હિસ્સો હોવાનો ગર્વ લેવા માગતો હોય છે. એના કેટલાક કારણ હોય છે. ખેલાડી પર માત્ર પોતાનું કૌશલ્ય બતાવવાનું જ દબાણ નથી હોતું, દેશભક્તિ બતાવવાની એક પ્રકારની જવાબદારી પણ તેના પર હોય છે અને એ પ્રેશરમાં તેણે સારું પર્ફોર્મ કરી દેખાડવાનું હોય છે. આવા મુકાબલામાં હાર કે જીત બન્ને દેશની પ્રતિષ્ઠા સાથે જોડાયેલી હોય છે. આવા શ્રેણીમાં પરાજિત ટીમ પોતાને હરીફ ટીમ સામે નબળી, ટેક્નિકની દૃષ્ટિએ પછાત અને આત્મવિશ્વાસ ગુમાવી બેઠેલી સાબિત ન કરી દે એની ખાસ તકેદારી રાખતી હોય છે. આ સ્થિતિમાં દરેક ટીમ પોતાની કટ્ટર હરીફ ટીમ સામે બધુ ન્યોચ્છાવર કરી દેતી હોય છે. આવી મૅચોમાં ખેલાડી વ્યક્તિગત રીતે મેદાન પર માનસિક દબાણમાં ન રહે તો પણ મીડિયા અને ચાહકો એવી રીતે પ્રેશર ઊભું કરી દેતા હોય છે કે ખેલાડીઓએ એ લીગ મૅચ કે ઓછી મહત્ત્વની મૅચ હોવા છતાં એને 'કરો યા મરો' જેવી બનાવી દેવી પડે છે. આવું મેન્ટલ પ્રેશર ભૂતકાલની હાર કે જીતને કારણે પણ આવતું હોય છે.

ભારતે અગાઉના પ્રવાસમાં ઇંગ્લૅન્ડને એની જ ધરતી પર હરાવ્યું હોવાથી ઇંગ્લૅન્ડ આ વખતે કોઈ પણ ભોગે એ પરાજયનો બદલો લેવા કમર કસીને રમશે. બીજી બાજુ, ભારતીય ટીમ ભલે યુવાન કૅપ્ટન શુભમન ગિલના સુકાનમાં ઘણા યુવા ખેલાડીઓના સમાવેશ સાથે રમવાની છે એમ છતાં જીતની એ પરંપરા જાળવી રાખવા ટીમ ઇન્ડિયા કોઈ કસર બાકી નહીં રાખે.

ફરી રોહિત-કોહલીની વાત પર આવીએ તો તેમના જેવા અનુભવીની આ વખતે ખોટ તો વર્તાશે જ. કોહલી જેવો આક્રમક બૅટ્સમૅન ભારત પાસે અત્યારે નથી. તે માત્ર અગ્રેસિવ પ્લેયર જ નથી, મેદાન પર હંમેશાં તેનામાં ઊર્જા ઠાંસી ઠાંસીને ભરેલી દેખાતી હોય છે. એવું હવે ટેસ્ટના મેદાન પર નહીં જોવા મળે. કોહલી ખુદ મૉટિવેટ થતો જ રહેતો હોય છે, સાથી ખેલાડીઓનો પણ ઉત્સાહ વધારતો રહેતો હોય છે. એ જોતાં ટીમમાં તેની હાજરી ખાસ મનાતી હોય છે, પણ હવે ટેસ્ટ ટીમમાં તેની ગેરહાજરી ખૂંચશે.

કોહલીની હાજરીમાં રોહિત ઓપનિંગમાં મુક્ત મનથી રમતો હતો અને સારા ઓપનિંગથી ભારતીય ટીમને મજબૂત સ્કોર અપાવવામાં યોગદાન આપતો હતો. મેદાન પર તેઓ બન્ને એકમેકને કૉમ્પ્લિમેન્ટ પણ કરતા હતા. તેઓ ભેગા થઈને ટીમ માટે જે રણનીતિ બનાવતા હતા જેનાથી હરીફ ટીમની બાજી ખોરવાઈ જતી હતી.

જોકે હવે એ જુગલજોડીની ખોટ ટેસ્ટમાં ટીમ ઇન્ડિયાને ખૂબ વર્તાશે. શુભમન ગિલ શરૂઆતમાં રોહિતની જેમ મુક્ત મનથી સુકાન સંભાળનાર અને ધૈર્ય સાથે જોખમ ઉઠાવનારો કૅપ્ટન સાબિત નહીં થાય, પણ તેના (ગિલ) સહિતના યુવા ખેલાડીઓને રોહિત-કોહલીની ગેરહાજરીમાં ચમકવાનો મોકો તો મળશે જ. એક તરફ ગિલ અને યશસ્વી જયસ્વાલ તેમ જ રિષભ પંત, કેએલ રાહુલ, સાઇ સુદર્શન અને નીતીશ રેડ્ડીને બૅટિંગમાં પોતાની પ્રતિભા હવે ઇંગ્લૅન્ડમાં બતાવવાનો મોકો મળી રહ્યો છે તો બીજી બાજુ જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ, શાર્દુલ ઠાકુર, આકાશ દીપ અને પ્રસિદ્ધ ક્રિષ્ના ઉપરાંત એકમાત્ર સ્પેશિયાલિસ્ટ સ્પિનર કુલદીપ યાદવને પણ પોતાના કૌશલ્ય અને કમાલ બતાડવાની તક મળશે.

રોહિત અને કોહલીની અનુપસ્થિતિમાં ભારતીય ટીમ ઇંગ્લૅન્ડમાં ચમકી પણ શકે છે. ભૂતકાળમાં ઘણી વાર બની ગયું છે કે જ્યારે પણ ભારતના અનુભવી કે પ્રતિભા સંપન્ન ખેલાડીઓની ટીમમાં ગેરહાજરી રહી છે ત્યારે ઓછા જાણીતા કે યુવા ખેલાડીઓ પોતાનું કૌશલ્ય બતાવવામાં સફળ રહ્યા છે. એ જોતાં કોઈએ પણ એવું ન માની લેવું જોઈએ કે રોહિત અને કોહલી વગર ભારતીય ટીમનો ઇંગ્લૅન્ડ-પ્રવાસ ખતરારૂપ પુરવાર થશે. હા, પડકારરૂપ જરૂર હશે, પણ ઇંગ્લૅન્ડની ટીમને ચોંકાવી દે એવું ભારત પર્ફોર્મ કરે પણ ખરું. ક્યારેક અનુભવી ખેલાડીઓની ગેરહાજરી નવા અને યુવા ખેલાડીઓમાં એવી તાજગી-સ્ફૂર્તિ ભરી દે છે કે તેઓ ભલભલી હરીફ ટીમ માટે ખતરો બની જાય છે અને 'હોની કો અનહોની કર દેં' એવું કંઈક કરી બતાવતી હોય છે. નવી ટેસ્ટ ટીમ કોહલી અને રોહિતની વરિષ્ઠતાના દબાણ વિના મુક્ત થઈને રમશે અને ઇંગ્લૅન્ડની ટીમને એની જ ધરતી પર ભારે પડશે એવી આશા રાખીએ. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ઓમોઇડે ચોકોચોમાં માણેક ચોકનો સાક્ષાત્કાર!













રોજિંદી જિંદગીની બાબતોને ખાસ ટૂરિઝમ કોન્સેપ્ટ તરીકે રજૂ કરવામાં જાપાનની જાણે માસ્ટરી હોય તેવું લાગતું હતું. કાપ્પાબાશીને અમે જે નવીનતાથી માણી હતી, તે સાથે સતત એક પ્રશ્ન જરૂર થતો હતો, અંતે તો આ એક વાસણ બજાર જ છે ને. ભારતનાં દરેક શહેરમાં આવું વાસણ બજાર હોય જ છે. ત્યાં પણ સ્થાનિક જરૂરિયાતની ચીજો મળતી જ હોય, પણ તેમાં ટૂરિસ્ટને નવાઈ લાગે તેવો માહોલ ઊભો કરવો એ જ જાણે જાપાન ટૂરિઝમની ખાસિયત બની ગઈ છે. બાકી અમદાવાદના માણેકચોકમાં પણ કંસારા બજારને કે પછી આખા ગુજરાતમાં અવારનવાર લાગતાં સિરામિકનાં વાસણોની ટેમ્પરરી બજારને ક્યારેક ટૂરિસ્ટી મેક-ઓવર આપવાનું પણ શક્ય લાગે જ છે. આપણાં વાસણોની બહારથી આવેલાં લોકોને જરૂર ખરી કે નહીં તે પ્રશ્ન જરૂર થાય. બાકી મેં ટોક્યોથી ખરીદેલાં ક્યુટ ચોપસ્ટિક હોલ્ડરનો કોઈ દિવસ ઉપયોગ થશે કે નહીં તે પણ એક પ્રશ્ન છે. ખરું જોવા જાઓ તો પ્રવાસમાં ખરીદાયેલી ઘણી ચીજો પાછળથી ભાગ્યે જ કામ લાગતી હોય છે. જોકે મેં ટસ્કિનીથી ખરીદેલું મોકા પોટ, ગ્રીસ અને સાયપ્રસથી ખરીદેલી ટોટ બેગ્સ, દુનિયાભરથી આવેલા મસાલા, અને એવું ઘણું બધું વપરાયા તો કરે જ છે. અવારનાવર કોઈ ને કોઈ એવી ચીજ પણ આવી જાય જેનો કદી કોઈ ઉપયોગ જ ન થાય.

કાપ્પાબાશીમાં વધુ રહ્યાં હોત તો ત્યાંથી જ વધુ એક બેગ લેવી પડત એવી હાલત હતી. અમે વધુ પડતો સામાન પહેલેથી ન ખરીદવાનું પણ નક્કી કરેલું. ખાસ એટલા માટે કે, તે પછી ઓસાકા અને ક્યોટો તરફ જવામાં બુલેટ ટ્રેન પર હેવી બેગ્સ લઈને જવા માટે મર્યાદિત સ્ટોરેજનું ઘણું પહેલેથી જ બુકિંગ કરાવવું પડે. અમે શહેરના ઇન્ટરનલ પબ્લિક ટ્રાન્સપોર્ટમાં તો સામાન લઈ જવાનું ટાળતાં જ હતાં. ત્યાં એક શહેરથી બીજા શહેરની હોટલ પર ડાયરેક્ટ સામાન પહોંચાડવાની સર્વિસનો ઉપયોગ કરવાની ઘણી સલાહ મળી હતી. જોકે તે સર્વિસ પણ અત્યારે ઓવરલોડેડ હોય છે. એટલે અમે મોટું શોપિંગ છેલ્લાં સ્ટ્રેચમાં ઓસાકાથી કરવાનું વિચારીને બાકી બધે મર્યાદિત શોપિંગ કરતાં હતાં. એવામાં કાપ્પાબાશીમાં શોપિંગ પર કંટ્રોલ રાખવાનું સાટું વાળવા અમે ઓમોઇડે યોકોચો જઈ પહોંચ્યાં.

આ ખાણીપીણીની બજાર પણ માણેકચોક કે પછી કોઈ પણ નોર્થ ઇન્ડિયાની ખાઉ ગલીની યાદ અપાવે તેવી હતી. માળખું અને ઇમારતોનાં બાંધકામ પણ જુનવાણી અને માંડ માંડ ટકી રહ્યાં હોય તેવાં હતાં. બસ બધું ચોખ્ખું હતું. હવે કાપ્પાબાશીથી શિન્જૂકુ સ્ટેશન પહોંચ્યાં અને મજાથી ઓમોઇડે માર્કેટ તરફ નીકળી પડ્યાં. હજી શિન્જૂકુ અને શિબૂયાને સારી રીતે અનુભવવાનાં બાકી હતાં.

શિન્જૂકુ પ્રમાણમાં ઉંમરલાયક માણસો માટે હતું, જ્યારે શિબૂયામાં વધુ પડતાં યંગ લોકો જ દેખાતાં હતાં. શિન્જૂકુ સ્ટેશનથી ઓમોઇડે માર્કેટ શોધવામાં પણ જરા ટાઇમ લાગ્યો. ખાસ તો એટલા માટે પણ કે શિન્જૂકુ સ્ટેશન ખુદ એટલું લોડેડ હતું કે માત્ર એ સ્ટેશનમાં જ ઘણા દિવસો વિતાવી શકાય. થોડા સમય પહેલાં જર્મનીમાં એક જાપાનીઝ કોલીગ મિયૂકી આવી હતી. તેને અમે ક્યાં શું સારું મળે તેવા પ્રશ્નોનો વરસાદ કર્યો હતો, અને તેનો દરેક જવાબ હતો 'શિન્જૂકુ સ્ટેશન'. દરેક રેસ્ટોરાં ચેઇન, ખ્યાતનામ બૂટિક્સ, બધું તે મલ્ટી-લેયર સ્ટેશનમાં હતું. કદાચ જાપાનનાં મેટ્રોનાં અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનને એક્સપ્લોર કરવા માટે તો અલગ ટ્રિપ જ કરવી પડે.

શિન્જૂકુના સ્ટેશનના અહોભાવમાં અમે ઓમોઇડે યોકોચોના એન્ટ્રન્સ પર આવીને ઊભાં. ઓમોઇડે એટલે યાદગીરી. આ માર્કેટની ખાસિયત જ તેનો ઐતિહાસિક માહોલ છે. તે આજે પણ સો વર્ષ પહેલાંની હોય તેવી જ લાગે છે. સ્વાભાવિક છે અમને ફરી માણેકચોક યાદ આવી ગયું. એકદમ સાંકડી, પ્રમાણમાં અંધારી ગલીમાં લોકો બંને તરફ ભટકાઈ રહ્યાં હતાં અને ગલીની બંને તરફ ફૂડ સ્ટોલ્સ અને રેસ્ટોરાં જાગી રહ્યાં હતાં. હજી અહીં માહોલ જામ્યો ન હતો. ઘણી ઇટરી તો ખૂલી પણ ન હતી. મોટાભાગનાં રેસ્ટોરાં સાવ ટચૂકડાં હતાં જેમાં કૂકનાં સ્ટોવ અને ગ્રીલની ત્રણેય બાજુ હાઇ ચેર ગોઠવેલી હોય. ઇઝાકાયા તરીકે ઓળખાતાં આ રેસ્ટોરાંમાં માંડ દસેક લોકો સંકડાઇને બેસી શકે તેવું હતું. ઘણાંની સાઇડથી લાકડાની સાંકડી સીડી ઉપર જતી. ઉપર વધુ સાંકડાં ટેબલ પર પણ લોકો બેસી શકતાં.

મોટાભાગનાં ઇઝાકાયાનો કૂક આસપાસનો વિસ્તાર તો બધે ભરાઈ ચૂક્યો હતો. ક્યાંય એક સાથે બે ચેર પણ ખાલી દેખાતી ન હતી. ઉપરના માળે નીચે જેવો માહોલ મળે કે નહીં તે પ્રશ્ન હતો. અમે એક પછી એક રેસ્ટોરાં વટાવતાં મજાથી લટાર મારવાની ચાલુ રાખી. હજી માંડ સાડા આઠ થયા હતા. અહીં ઘણી ગાઇડેડ ફૂડ ટૂર આવતી હોય તેવું લાગ્યું. તેના ગાઇડ પહેલેથી જ ગ્રુપ માટે રિઝર્વેશન કરાવીને રાખે છે. વળી આ માર્કેટમાં વર્ષોથી આવનારાં રેગ્યુલર સ્થાનિકોને પણ પ્રાયોરિટી આપવાનું કલ્ચર છે. એવામાં અમને નીચે તો જગ્યા મળવાની કોઈ શક્યતા દેખાઈ નહીં.

અમે શાણપણથી સાંકડી સીડી ચઢીને ઉપરના માળે ટેબલ પર ગોઠવાયાં. અહીં સ્વાદિષ્ટ પ્લમ ઉઝો સાથે યાકીટોરીનું મિશ્રણ ઓર્ડર કર્યું. એક પછી એક નાની પ્લેટ આવ્યા કરી અને અમે ફટાફટ ખાવામાં પડી ગયાં. હવે આસપાસમાં જોવા માટે માહોલ ન હોય અને ગપ્પાં મારવા માટે ગ્રુપ ન હોય તો યાકીટોરી કદાચ બોરિંગ પણ લાગે. અમે દિવસ કેવો રહ્યો અને આગળના દિવસોમાં શું કરીશુંની વાતો પરથી ફરી માણેકચોકની સરખામણી પર પહોંચી ગયાં.

બીજા વિશ્વયુદ્ધ પછી સ્થાનિકોને વાજબી ભાવે જમવાનું મળે તે માટે ખોલવામાં આવેલી આ 'મેમરીલેન' એટલે કે ઓમોઇડે યોકોચો ઘણી જાપાનીઝ વાર્તાઓનો ભાગ પણ રહી ચૂકી છે. અમારી પાસે વિષયોની કમી ન હતી, પણ તેમની પાસે યાકીટોરીમાં ખાસ નવીનતા ન હતી. અમે એ જ પ્રોસેસ બીજી બે જગ્યાએ રિપીટ કરી. માણેકચોક સાથેની સરખામણીના કારણે યાકીટોરીની ટચૂકડી સ્ક્યુવર્સમાં અમે પાંઉભાજીનો સ્વાદ શોધી રહ્યાં હતાં. ઓમોઇડે યોકોચોની યાદો મગજ પર કંડારાઈ ચૂકી હતી. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# જાણો છો, વોટ-કેન્ડિડેટ ને કેબિનેટ જેવા શબ્દો ક્યાંથી આવ્યા?



કેબિનેટ મીટિંગ


લોકશાહી શાસન વ્યવસ્થામાં આપણે વોટ- કેન્ડિડેટ (ઉમેદવાર) અને કેબિનેટ જેવા શબ્દો છૂટથી વાપરીએ છીએ. તમે ચૂંટણીમાં તમારા ગમતા પક્ષના કેન્ડિડેટને-ઉમેદવારને વોટ આપો અને એ પક્ષ ચૂંટાય પછી એની સરકાર બને. એ પછી ચૂંટાયેલા ઉમેદવારો પૈકી વિશ્વાસુ વ્યક્તિઓનું મંત્રીમંડળ એટલે કે કેબિનેટ બને.... ક્યારેય વિચાર્યું છે કે આ ત્રણેય શબ્દો ક્યાંથી આવ્યા?

ઉત્તરો મેળવવાની શરૂઆત વધુ એક પ્રશ્ન પૂછીને કરીએ.

નેતાઓ હંમેશાં સફેદ કપડા જ કેમ પહેરે છે? સામાન્ય જવાબ એવો છે કે સફેદ રંગ શાંતિ અને સ્વચ્છતાનું પ્રતીક છે. ઉપરાંત પ્રમાણિકતા જેવા ગુણ દર્શાવવા માટે પણ સફેદ રંગ કામ આવે એટલે પોતાની સ્વચ્છ છબી અને સ્વીકાર્યતા સાબિત કરવા માટે નેતા સફેદ વસ્ત્રો પહેરે છે. નેતાઓ વાસ્તવમાં આવા ગુણો ધરાવે છે કે કેમ, એ આખી અલગ ચર્ચાનો વિષય છે.



ફ્રાન્સિસ બેકન



જૂના જમાનાનું મતદાન

આમ જોવો તો રાજકારણમાં સફેદ કપડાનું ચલણ કંઈ આજકાલનું નથી. પ્રાચીન રોમમાં પણ જાહેર જીવનમાં પડેલા લોકો શ્વેત ઝભ્ભા પહેરવાનું પસંદ કરતા. ખભાથી પગની પાની સુધીના ઝભ્ભા 'ટોગા' તરીકે ઓળખાય. પ્રાચીન રોમમાં જાહેર હોદ્દા માટે ચૂંટણી લડનાર વ્યક્તિ માટે નિષ્કલંક, સદગુણી અને પ્રામાણિક તેમજ નૈતિક પાત્રતા બહુ મહત્ત્વની બાબતો ગણાતી. પોતે આ તમામ ગુણધર્મો ધરાવે છે એવું દર્શાવવા માટે ઉમેદવાર ચૂંટણી પ્રચાર માટે બહાર નીકળે ત્યારે સફેદ રંગના ટોગા પહેરતા. એટલું જ નહિ, હરીફ ઉમેદવાર સામે ઝાંખા ન પડી જવાય એ માટે ટોગા ઉપર ચોક ઘસીને એને વધારે ઉજ્જવળ બનાવવામાં આવતા. આ પ્રકારના સફેદ ટોગા પહેરેલ વ્યક્તિ માટે લેટિન ભાષામાં એક શબ્દ છે Candidates. આ જ શબ્દ આગળ જતા 'કેન્ડિડેટ' તરીકે ચલણમાં આવ્યો. રોમન પ્રણાલી મુજબ પર્પલ બોર્ડર ધરાવતા વ્હાઈટ ટોગા પહેરવાનું ચલણે ય હતું.

જો કે આ કલર કોડ ન્યાયાધીશ, ઊંચા દરજ્જાના ધર્મગુરુઓ તેમજ અન્ય કેટલાક ઊંચા દરજ્જે બિરાજતા લોકો માટે અનામત હતો. આજે બીજા દેશોમાં ભાગ્યે જ કોઈ રાજકારણીઓ જાહેર જીવનમાં સફેદ વસ્ત્રોનો આગ્રહ રાખે છે, પણ ભારતીયો હજી સફેદ પોષાકને વળગી રહ્યા છે. રંગ સાથે જોડાયેલા સદગુણો અને પાત્રતા અંગેની ચર્ચા ફરી ક્યારેક કરીશું.

ક્યારેક ચૂંટણી સમયે પ્રચાર માટે ફરતી દેખાતી રિક્ષાઓ સોશિયલ મીડિયાના જમાનામાં ભાગ્યે જ જોવા મળે. બાકી એક જમાનામાં ચૂંટણીઓ આવે એટલે લાઉડ સ્પીકર સાથે ફરતી અનેક રિક્ષાઓમાંથી 'તમારો કીમતી અને પવિત્ર મત ફલાણાને આપી એમને વિજયી બનાવો'ની રેકોર્ડ સાંભળવા મળતી.

મતને કીમતી અને પવિત્ર ગણવાની શરૂઆત ક્યારથી થઇ હશે? મત માટે વપરાતો અંગ્રેજી શબ્દ Vote મૂળે લેટિન ભાષામાંથી ઊતરી આવ્યો છે. લેટિનમાં Votusનો અર્થ થાય પ્રતિજ્ઞા. વિશ્વનો દરેક માનવ સમાજ સંકટ સમયે પોતપોતાના ઈશ્વરને શરણે જતો હોય છે. ઈશ્વરને રીઝવવા માટે જાતજાતના સંકલ્પ લેવામાં આવે છે. સાદી ગુજરાતીમાં એને 'બાધા લીધી' એમ પણ કહેવાય. પ્રાચીન રોમમાં આવી પ્રતિજ્ઞાઓ દેવતાઓને આપેલા વચન તરીકે ગણવામાં આવતી. જ્યારે રાજ્ય ઉપર કોઈ કુદરતી કે માનવસર્જિત આફત આવી પડે અથવા આર્થિક કે રાજકીય સંકટ ઊભું થાય ત્યારે લોકો દેવતાઓની કૃપા મેળવવા માટે પ્રતિજ્ઞા લેતા. જો રાજ્યની સલામતી અને સમૃદ્ધિ જળવાઈ રહે તો પ્રતિજ્ઞાના પાલનરૂપે દેવતાઓને પશુઓની બલી, યુદ્ધની લૂંટનો અમુક હિસ્સો, ભોજન વગેરે ચઢાવવામાં આવતા. અમુક વાર મંદિરો બાંધવાની ય પ્રતિજ્ઞા લેવાતી. અંગત મુશ્કેલીઓ દરમિયાન પણ લોકો આવી પ્રતિજ્ઞા લેતા અને એનું પાલન કરતા.

૧૫મી સદીના મધ્યભાગ સુધીમાં 'વોટ' શબ્દનો અર્થ વિકસીને રાજકીય ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા સુધી પહોંચ્યો. પહેલા દેવતાઓમાં ભરોસો મૂકવામાં આવતો, પણ જેમ જેમ લોકશાહી વિકસતી ગઈ તેમ તેમ રાજ્યની સુખાકારી માટે નેતાઓ પર ભરોસો મૂકવાની શરૂઆત થઇ. દેવતાઈ હાજરીને કારણે વપરાતા 'કીમતી અને પવિત્ર' શબ્દો નેતાઓના ગંદા રાજમાં પણ ચલણમાં 'ઘૂસી'ને રહી ગયા છે !

આજ રીતે, મંત્રીમંડળ માટે વપરાતા 'કેબિનેટ' શબ્દની વ્યુત્પત્તિ ચોક્કસપણે ક્યાંથી થઇ એ કહેવું મુશ્કેલ છે, પરંતુ લેટિન શબ્દ Capanna અથવા ઇટાલિયન શબ્દ Cabinettoમાં એના મૂળ હોવાનું જણાય છે. આજે તો ચીજવસ્તુઓ મૂકવાના સ્ટોરેજ અને મંત્રીમંડળ માટે કેબિનેટ શબ્દ છૂટથી વપરાય છે, પણ ફ્રેંચ ભાષામાં કેબિનેટનો એક અર્થ હતો ખાનગી ઓરડો. ફ્રેન્ચમાં કેબેન (caban) શબ્દ નાના અમથા ઘર માટે વપરાતો. ઇંગ્લેન્ડના રાજવી પરિવાર તેમજ ઉમરાવો માટે આ પ્રકારના ખાનગી ઓરડાઓ માટે 'પ્રાઈવી' (Privy) શબ્દ પણ વપરાતો. રાજાને જ્યારે પોતાના ખાસ માણસો- મંત્રીઓ સાથે અમુક ગંભીર બાબતો પર ચર્ચા કરવી હોય ત્યારે એ લોકો ભર્યા દરબારને છોડીને આવા નાના કદના ખાનગી ઓરડાઓમાં બેઠક કરતા. આ બેઠકોમાં એવા જ મંત્રીઓ-ઉમરાવો કે સલાહકારો સામેલ રહેતા, જેના પર રાજાને સંપૂર્ણ ભરોસો હોય. આગળ જતા આવા લોકોના જૂથ માટે 'પ્રાઈવી કાઉન્સિલ' શબ્દ પ્રચલિત બન્યો.

આ કાઉન્સિલ્સ નાના ઓરડા કેબિનેટમાં ભરાતી હોવાને કારણે કેબિનેટ કાઉન્સિલ તરીકે પણ ઓળખાવા લાગી. મજાની વાત એ છે કે ઠેઠ સત્તરમી સદીમાં ઈંગ્લેન્ડના પ્રખ્યાત રાજનીતિજ્ઞ ફ્રાન્સિસ બેકને કેબિનેટ કાઉન્સિલ માટે જે કહેલું, એની સાથે આજે પણ ઘણા સહમત થશે. બેકને કહેલું કે (ફ્રાન્સ અને ઇટલીના) વિદેશી પ્રભાવ હેઠળ આપણે આવી કાઉન્સિલ્સ બનાવતા થયા છીએ, પણ આ ઉપાય સમસ્યા કરતાં પણ વધારે બૂરો છે!

ફ્રાન્સિસ બેકન તમને સાચા લાગતા હોય તો એમાં તમારો વાંક નથી, પણ અહીં એટલી ચોખવટ જરૂરી છે કે આ બેકન મહાશયે પોતે દેવાના બોજ અને ભ્રષ્ટાચારના આરોપો હેઠળ કેવી રીતે દરબાર છોડવો પડેલો.

એની વાત ફરી ક્યારેક.... ■

---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ટ્યૂબ હાઉસ - અમદાવાદ ઉલ્લેખનીય રચનાનું બાળમરણ



**સ્થાપત્યનો** ઇતિહાસ જોતાં જણાશે કે તેમાં વિશાળ મંદિર-ચર્ચ, મહેલ, સંસ્થાકીય મકાન, સ્મારક, ખેલ-ક્રીડા સંકુલ કે જાહેર સ્થાનની વાતો જ કરાઈ છે. ક્યાંક ધનિક વર્ગના આવાસનો ઉલ્લેખ પણ જોવા મળે. જ્યારે ઇતિહાસકારોને પરંપરાગત આવાસની રચનામાં એક પ્રકારની પરીપક્વતા દેખાઈ ત્યારે સ્થાપત્યના ઇતિહાસમાં તેની માટે એક પ્રકરણ ફાળવવામાં આવ્યું. અહીં વંચિત માનવીના આવાસને ક્યાંથી સ્થાન મળે.

વિશ્વમાં આર્થિક રીતે નબળા ગણી શકાય તેવા લોકોના આવાસ તથા આવાસ-સમૂહ નિર્ધારિત કરવા સ્પર્ધાઓ યોજાતી રહી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા સન ૧૯૬૧-૬૨માં પણ સમાજના આર્થિક રીતે નબળા લોકો માટે આવાસ નિર્માણની યોજના બનાવાઈ હતી જેના માટે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરાયેલું. આ સ્પર્ધામાં મુંબઈના સ્થપતિ ચાર્લ્સ કોરિયાની રચના પસંદ કરાઈ હતી. આ રચના બે સમાંતર દીવાલો વચ્ચે નિર્ધારિત થયેલ હોવાથી સ્થપતિએ તેનું નામ ટ્યુબ હાઉસ રાખેલું. પ્રાપ્ય ભંડોળમાં જરૂરી ગીચતા લાવી શકાય તેવું તથા સ્થાનિક આબોહવાને અનુરૂપ આ મકાન સ્થાપત્યના ક્ષેત્રમાં એક ઉલ્લેખનીય રચના ગણાય છે.



આ મકાનના માપમાં પ્રાપ્ય જમીન પ્રમાણે થોડી વધઘટ થઈ શકે તેમ હતી. પણ તેની પહોળાઈ ૧૩ ફૂટ અને ઊંડાઈ ૫૫ ફૂટ જેટલી હોય તો વધુ યોગ્ય રહે. અંદરના સ્થાનોના અસરકારક આયોજન માટે આ માપ જરૂરી હતું. આ મકાનની ઉત્તર તથા દક્ષિણ તરફ રોડનું સૂચન કરાયું હતું જેને કારણે પૂર્વ અને પશ્ચિમની લાંબી દીવાલો બે ઘર વચ્ચે સામાન્ય બની જતી અને આવાસમાં ગરમીનો પ્રવેશ ઓછો રહેતો.

આ મકાનની એક ૧૩ ફૂટ પહોળી બાજુ પરથી મકાનમાં બે પગથિયાં બાદ સીધો પ્રવેશ અપાયો હતો. આ પગથિયાં બાદ બારણા સાથે રોડ પર ખુલતી બારી પણ હતી. અહીં આગળના ઓરડાને બે સ્તરીય એ રીતે બનાવાયેલો કે તે એક રીતે વિભાજિત હોવા છતાં તેની અનુભૂતિમાં એકપણું જળવાઈ રહે. ત્યારબાદ રસોઈ સ્થળ તથા જમવા માટેનું અને કૌટુંબિક મેળાપ માટેનું અનૌપચારિક સ્થાન નિર્ધારિત કરાયું હતું આ બે સ્થાનની વચ્ચે દાદરનું આયોજન કરાયું છે જેની નીચે ગોપનીયતા લાવી શકે તેવો સ્ટોર બનાવી શકાય.

ત્યારબાદ મકાનની અંદર એક નાનો ખુલ્લો ચોક આવે જેની ઉપર પરગોલા ગોઠવાયા હતા અને નીચે લાદી ન જડતા માટી જ રખાઈ હતી. આ પરગોલા સલામતી આપવા સાથે તડકાના પ્રવેશને પણ નિયંત્રિત કરતા હતા. વળી નીચેની જમીનમાં ફૂલ છોડ ઉગાડી અંદરનું વાતાવરણ પણ રમ્ય બનાવી શકાય. આ ચોક પછી પાછળના રસ્તા તરફ સંડાસ તથા નાવણિયું આવે. આ નાવણિયામાંથી પાછળના રસ્તા પર નીકળવા માટે બારણું રખાયું હતું. રસોઈ તથા જમવાના સ્થાન ઉપર માળિયા જેટલી ઊંચાઈ પર એક સ્લેબ ભરી સૂવાનું સ્થાન બનાવાયું હતું. દાદર ચડીને અહીં પહોંચ્યા પછી મળતા વિસ્તારને પણ બે સ્તરમાં બનાવાયું હતું, જેમાં ઉપરનું સ્તર આપમેળે પલંગ બની રહે. આ સ્થળના ઉપરના ભાગમાં છાપરામાંથી એક નીચે તરફ બારી રખાઈ હતી, જ્યાંથી ગરમ હવા બહાર ધકેલાતા સમગ્ર મકાનમાં હવાની અવરજવર સહજ બને. આ પ્રકારની રચનાને કારણે આવાસ ની અંદર ખુલ્લાપણાની અનુભૂતિ રહેતી અને હવા તથા પ્રકાશ જરૂરી માત્રામાં જળવાઈ રહેતાં.

એક રીતે જોતા આ મકાન પૂર્ણ આવાસ હતું, જેમાં વિવિધ કાર્યસ્થાનોને બંધિયાર બનાવ્યા વગર તેમને નિર્ધારિત કરાયા હતા. વળી અમુક સ્થળને માળિયા જેટલી ઊંચાઈ અપાઈ હોવા છતાં ઢળતા છાપરાને કારણે જગ્યા ગીચ તેમ જ નાની ન લાગે તેનું ધ્યાન રખાયું હતું. વળી અહીં આડી દીવાલો ન હતી. આખા મકાનમાં સંડાસ સિવાય ક્યાંય આંતરિક બારણાં ન હતા. આ મકાનની અન્ય એક ખાસિયત એ કહેવાય કે અહીં સ્થાપત્યની રચના થકી જ મૂળભૂત રીતે જરૂરી ગણી શકાય તેવું રાચરચીલું આપી દેવાયું હતું. આ મકાનની રચનામાં તલ-દર્શન અર્થાત પ્લાન કરતા આડોછેદ અર્થાત્ સેક્શનના નિર્ધારણમાં વધુ સર્જનાત્મકતા દેખાય છે.

આ રચનામાં ભવિષ્યમાં જરૂરી બની રહે તેવો આવાસનો વિસ્તાર સંભવ ન હતો. વળી આ આવાસ આંતર્ભિમુખ બની રહેતું જે લાભાર્થીઓને માન્ય ન હતું. વળી અહીંની આબોહવામાં ઉનાળામાં ખુલ્લામાં - અગાસી પર સૂવાનું જે મહત્ત્વ છે તે બાબત આ સમગ્ર રચનામાં જાણે નજર અંદાજ થઈ ગઈ હતી. આમ આ મકાનમાં નવીનતા હોવા છતાં ક્યાંક અધૂરાશ રહી ગઈ હતી. જો કે આ બધી બાબતોનું નિરાકરણ શક્ય હતું. રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદ પામેલ આ મકાનનો એક નમૂનો અમદાવાદમાં નહેરુનગર વિસ્તારમાં બનાવાયો હતો, પણ રસ્તાની પહોળાઈ વધારવાની જરૂર જણાતાં તે નમૂનાને તોડી પડાયો. આમ આર્થિક રીતે નબળા વર્ગના મકાન માટેના એક ઉલ્લેખનીય પ્રયાસનું બાળમરણ થયું. ■

---

## ફોકસ

પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# યુદ્ધ દરમિયાન નાગરિકના કેટલાક અધિકાર પર આવે છે અંકુશ...

**દેશમાં** જ્યારે પણ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય ત્યારે નાગરિકોને પોતાના કેટલાક અધિકારો વિશે સમજ હોવી ખૂબ જરૂરી છે. તાજેતરમાં જ ભારત-પાક યુદ્ધ છેડાયું હતું. એ દરમિયાન કેટલાક ખેડૂતોએ ફરિયાદ કરી હતી કે સીમા પરના તેમનાં ખેતરોમાં જવાની પરવાનગી બીએસએફના જવાનો આપતાં નથી. ખેડૂતોને લાગતું હતું કે તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે. જોકે આપણા બંધારણમાં પહેલેથી જ એ જોગવાઈ કરેલી છે કે સીમા પર જ્યારે પણ યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ થાય ત્યારે નાગરિકોના અધિકાર આપમેળે સીમિત થઈ જાય છે.

એવામાં જો ભારત-પાક વચ્ચે યુદ્ધ થાય તો કેવા પ્રકારના આપણા અધિકાર છીનવાઈ જવાની શક્યતા છે. એના પર એક નજર...

**કટોકટીની જોગવાઈ:**

ભારતીય બંધારણની કલમ ૩૫૨,૩૫૬ અને ૩૬૦ની જોગવાઈ સ્થગિત થઈ જાય છે. એટલે કે યુદ્ધનું જોખમ તોળાતા રાષ્ટ્રીય કટોકટી લાગી જાય છે. જે ૩૫૨ હેઠળ લાગુ કરવામાં આવે છે. યુદ્ધ, બહારના આક્રમણ અને આંતરિક સશસ્ત્ર વિદ્રોહ દરમ્યાન પણ કટોકટી લાદવામાં આવે છે, એ દરમ્યાન પણ સામાન્ય નાગરિકોને બોલવાની સ્વતંત્રતા અને



પ્રેસના અધિકાર પણ સીમિત થઈ જાય છે. એથી કેન્દ્ર સરકારને રાજ્યો પર નિયંત્રણ મેળવવાની તક મળી જાય છે.

**સિવિલ ડિફેન્સ ઍક્ટ ૧૯૬૮:**

સિવિલ ડિફેન્સ ઍક્ટ હેઠળ યુદ્ધ કે એવી સ્થિતિમાં નાગરિકોએ તમામ નિયમો અને કાયદાનું પાલન કરવાનું રહે છે જે તેમની સલામતી માટે કેન્દ્ર સરકારે લાગુ કર્યા હોય. સિવિલ ડિફેન્સ ઍક્ટ ૧૯૬૮ મુજબ બ્લેકઆઉટ, આશ્રયમાં શરણ લેવી અને ઈમરજન્સી વૉરિએન્ટર સેવા ફરજિયાત બની જાય છે.

**આધિકારિક ગોપનીયતા અધિનિયમ ૧૯૨૩:**

યુદ્ધ જેવી સ્થિતિમાં કોઈપણ સંવેદનશીલ માહિતી કોઈને આપવી કે સાર્વજનિકરૂપે લીક કરવી એ કઠોર અપરાધ ગણાય છે. આ અધિનિયમને કારણે મીડિયા અને સોશ્યલ મીડિયા પર પણ અમુક અંશે પ્રતિબંધ લાદવામાં આવે છે. એનું પાલન ન કરવામાં આવે તો તેમના પર પગલાં લઈ શકાય છે.

**રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ ૧૯૮૦:**

આ નિયમ મુજબ યુદ્ધ અથવા યુદ્ધ જેવી સ્થિતિઓમાં સરકાર દેશના કોઈપણ નાગરિકોને બાર મહિના સુધી કોઈપણ કેસ વગર કસ્ટડીમાં રાખી શકે છે. જોકે શરત એ છે કે તે દેશની સુરક્ષા માટે જોખમી માનવામાં આવતો હોવો જોઈએ.

**આપદા પ્રબંધન અધિનિયમ ૨૦૦૫:**

આ અધિનિયમને કારણે યુદ્ધ જેવી સ્થિતિમાં કુદરતી અને માનવ નિર્મિત સંકટ હોય તો આ કાયદાની જોગવાઈ સંસાધન અને રાહત કાર્યોના પ્રબંધન માટે ઉપયોગમાં લેવાય છે.

**ભારતીય નાગરિકોનું કર્તવ્ય:**

યુદ્ધ કે યુદ્ધ જેવી સ્થિતિમાં દરેક નાગરિકનું કર્તવ્ય હોય છે કે તેઓ દેશની રક્ષા અને સંકટ સમયે રાષ્ટ્ર સાથે અડીખમ ઊભા રહે. જે પણ આ નિયમની અવગણના કરે કે પછી એનો વિરોધ કરે તો તેને સજા આપવાની પણ જોગવાઈ છે.

**ભારતીય ન્યાય સંહિતાની કલમ:**

જ્યારે પણ યુદ્ધ અથવા યુદ્ધ જેવી સ્થિતિ પેદા થાય તો ન્યાય સંહિતા પ્રમાણે વિવિધ કલમો લાગુ કરવામાં આવે છે. જેમ કે કલમ ૧૨૧, જે આજીવન કારાવાસની સજા અપાવી શકે છે. અથવા તો મૃત્યુદંડ મળી શકે છે. જો કોઈ સરકાર વિરુદ્ધ બંડ પોકારે તો તેનો એ અપરાધ દેશદ્રોહની શ્રેણીમાં આવે છે અને તેના પર ૧૨૧ કલમ લાગુ પડે છે. સાથે જ ૧૨૪એ મુજબ સરકાર વિરુદ્ધ નફરત ફેલાવવી કે પછી દેશમાં કોઈપણ મુદ્દાને લઈને અસંતોષ ફેલાવવાને કારણે કઠોર દંડ આપવામાં આવી શકે છે.

**સોશ્યલ મીડિયા નિયમ:**

યુદ્ધકાળમાં આઇટી અધિનિયમ અને કટોકટી મીડિયા દિશાનિર્દેશ લાગુ થાય છે. એવામાં જો કોઈ ખોટા સમાચાર ફેલાવે, સેનાનું મનોબળ નબળું કરતાં કે પછી દેશની સંવેદનશીલ માહિતી દુશ્મનને આપતા પકડાઈ જાય તો એ ગંભીર અપરાધ મુજબ તેને જેલવાસ ભોગવવો પડે છે.

**સેના અધિનિયમ ૧૯૫૦:**

જો કોઈ સેનાના આદેશોની અવહેલના કરે અથવા સૈનિક કાર્યવાહીમાં અડચણ ઊભી કરે તો તેને સજા થઈ શકે છે.

આવી રીતે યુદ્ધ અથવા યુદ્ધ જેવી સ્થિતિ દરમ્યાન નાગરિકોના અધિકારો સીમિત થઈ જાય છે. તેમના પર અનેક બાબતોને લઈને પ્રતિબંધ લાદવામાં આવે છે. એથી દરેક નાગરિકે આ વાત સમજી અને જાણી લેવી જોઈએ. ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# દેશના આ અપરાધીઓને આપણાં ક્યાં કારાગૃહ વધુ ફાવશે?!

**'ઑપરેશન સિંદૂર'થી સાબિત કરી દીધું છે કે આતંકવાદીઓ- દેશદ્રોહીઓ અને ભાગેડૂ શ્રીમંત કૌભાંડકારીઓને સરકાર જતા કરવાના જરાય મૂડમાં નથી.. એમનું 'ભાવભર્યું' સ્વાગત કરવા આપણાં કાળમીંઢ કારાગૃહ તત્પર છે!**



મુંબઈની 'આર્થર રોડ જેલ' એક વિહંગાવલોકન




મુખ્ય પ્રવેશદ્વાર...

અમેરિકાની બડી બદનામ એવી 'અલ્કાટ્રઝ પ્રિઝન' વિશે આપણે ગયા અઠવાડિયે લેટેસ્ટ જાણકારી મેળવી. સાન ફ્રાન્સિસકોના દરિયાકિનારેથી માંડ બે કિલોમીટરના અંતરે આવેલા એક ટાપુ પર છેક ૧૯૩૪માં શરૂ થયેલું આ કારાગૃહ છેલ્લે છેલ્લે, કાર્યરત રાખવું બહુ ખર્ચાળ બની ગયું હોવાથી અમેરિકાની સરકારે જ ૧૯૬૮માં બંધ કરીને એને જેલ મ્યુઝિયમાં ફેરવી નાખ્યું હતું, પણ હમણાં એ ફરી સમાચારોમાં ચમક્યું છે, કારણ કે અમેરિકાના તંત્રી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આ જ બદનામ કારાવાસની હાઈએસ્ટ સિક્યુરિટી પ્રિઝન તરીકે કાયાપલટ કરીને પુન : કાર્યરત કરવા ઈચ્છે છે.

જો કે, તમને કદાચ નવાઈ લાગશે કે એક યા બીજા કારણોસર વગોવાઈ ગયેલાં જગતનાં આવાં ઘણાં બધા 'જાણીતાં' જેલખાનામાં આપણાં પણ બે કારાવાસની ગણના થાય છે અને એમાં છે એક મુંબઈની 'આર્થર રોડ જેલ' અને બીજું , પાટનગર દિલ્હીની 'તિહાર' જેલ...

અમેરિકાની પેલી 'અલ્કાટ્રઝ પ્રિઝન'ની જેમ હવે આપણી બે સ્વદેશી જેલ પણ હવે સમાચારોમાં ચમકી છે, કારણ કે એ બન્નેની પણ નજીકના ભવિષ્યમાં કાયાપલટ થવાની છે અને એ બન્નેને આંગણે ૩ નવા રીઢા ગુનેગાર 'આવું આવું' થઈ રહ્યા છે. એમાંથી એકે તો ગયા મહિને જ દિલ્હીની તિહાર જેલમાં એન્ટ્રી પણ લઈ લીધી છે....અને એ છે મુંબઈ બ્લાસ્ટ (૨૬/ ૧૧)નો એક નામચીન કાવતરાખોર તહવ્વુર રાણા...

ગયા મહિને જ અમેરિકાની સરકારે પ્રત્યર્પણ સંધિ હેઠળ એને ભારત સરકારને સોંપી દીધો છે. દિલ્હીમાં અત્યારે આપણી 'નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી'(NIA) એની તિહાર જેલમાં ઊલટતપાસ લઈ રહી છે. એ પૂરી થતાં રાણાને મુંબઈની આર્થર રોડ જેલમાં શિફ્ટ કરવામાં આવશે.

જોકે, મુંબઈની આર્થર રોડ જેલમાં જેમની આતુરતાથી રાહ જોવાય છે એવા મૂળ પાકિસ્તાની રાણા ઉપરાંત બીજા છે 'જવેલ થીફ' નીરવ મોદી અને ત્રીજા છે 'કિંગ ઓફ ગુડ ટાઈમ'ના રંગીલા વિજય માલ્યા...


અનેક કાયદાકીય ધમપછાડા પછી આ બન્ને ભાગેડુ અપરાધીને બ્રિટિશ કોર્ટે 'સ્વદેશાગમન'નું કડક ફરમાન ફટકારી દીધું છે ત્યારે 'ઘરવાપસી' પછી એમને જે જેલમાં 'ઉતારો' એનાયત થશે એ મુંબઈની આર્થર રોડ જેલમાં એમના માટે સુવિધાથી લઈને સુરક્ષા સુધીની ગોઠવણ કેવી છે એની અલપ-ઝલપ પણ આપણે જાણી લઈએ....



બેરેક - ૧૨નો સેલ







નીરવ મોદી- વિજય માલ્યા કરતાં ય પહેલો ચાન્સ મળશે કદાચ મુંબઈ બ્લાસ્ટ (૨૬/૧૧)ના ના-પાક કાવતરાખોર તહવ્વુર રાણા...

### શું થઈ રહ્યા છે આર્થર જેલમાં નવા ફેરફાર?

'જાણીતી' છતાં વગોવાયેલી આર્થર જેલનીય કાયાપલટ થઈ રહ્યાંના સમાચાર આજકાલ ગાજે છે. 'મુંબઈ મધ્યવર્તી કારાગૃહ' (મુંબઈ સેન્ટ્રલ જેલ) તરીકે પણ જાણીતી આ આર્થર જેલમાં નવા ચાર વોચ ટાવર ખડા કરવામાં આવશે ,જયાંથી જેલ બહાર અને જેલ સંકુલની ગતિવિધિઓ પર નિગરાની રાખવામાં આવશે. આ માટે આશરે રૂપિયા ૨ કરોડનું પ્રાથમિક બજેટ ફાળવવામાં આવ્યું છે. આ ચાર નવા વોચ ટાવર ઉપરાંત અહીં વિવિધ કાર્ય માટે ઉપયોગમાં લઈ શકાય એવો એક વિશાળ મલ્ટિપર્પઝ હોલ પણ તૈયાર થશે, જેનું બજેટ છે આશરે રૂપિયા ૩ કરોડ ...આ ઉપરાંત, મુંબઈ-મહારાષ્ટ્રની વિવિધ કારાગૃહો માટે સરકારે કુલ ૮૪ કરોડ રૂપિયાનું બજેટ મંજૂર કર્યું છે.

ભારતથી ભાગી જઈને લાંબા સમય પછી લંડનથી ઝડપાયેલા નીરવ મોદીને નામે કુલ ૧૪ હજાર કરોડનાં અનેકવિધ કૌભાંડ બોલે છે તો વિજય માલ્યાના નામે પોલીસ ચોપડે આશરે ૧૦ હજાર કરોડનાં કૌભાંડ નોંધાયેલા છે...

આ બન્નેના વકીલોએ બ્રિટનના ન્યાયાલયોમાં અનેક કાયદાકીય ઉક્તિ- પ્રયુક્તિઓ અજમાવી, જેમકે કે 'ભારતની આર્થર જેલ ઘણી ગંદી- ગોબરી છે અમારા અસીલની માનસિક અવસ્થા ડામાડોળ છે. જેલ- બેરેકનો માહોલ એવો છે કે એ કદાચ આપઘાત કરવા પણ પ્રેરાય!'

આ પછી બ્રિટિશ કોર્ટે ભારત સરકાર પાસેથી સૌથી સુરક્ષિત ગણાતી મુંબઈની આર્થેર રોડ જેલની બેરેક નંબર -૧૨ની વિગતો ફોટા-વીડિયો ક્લિપ્સ મંગાવી એનો અભ્યાસ કર્યા પછી માલ્યા તથા મોદીની સુનાવણી વખતે કોર્ટે એના ચુકાદામાં તડ ને ફડ સંભળાવી દીધું કે 'તમારા જેવા હાઈ-ફાઈ આરોપી- અપરાધીઓ માટે આર્થર રોડ પ્રિઝન બેરેક-૧૨ એકદમ સુરક્ષિત છે..ત્યાં માનસિક- શારીરિક તબીબી સેવાની પૂરતી સગવડ છે ને કેદી આપઘાત કરી શકે એવી કોઈ જ કચાશ કે ત્રુટિ ત્યાં શોધી જડે તેમ નથી માટે તમે નિશ્ચિંત થઈ પધારો તમારે સ્વદેશ -જેલ!'

વિજય માલ્યા-નીરવ મોદી જેવાને જે કારાગારને વર્ષો સુધી 'નિવાસસ્થાન' બનાવવું પડશે એ આર્થર રોડ જેલની બેરેક નંબર-૧૨ની વિશેષતા શું છે?

જોકે, એ વિશે સવિસ્તર જાણતા પહેલાં આપણે આ જેલના અન્ય એક વિશેષ સંકુલ વિશે પણ જાણી લેવું જોઈએ . એ છે 'અંડા સેલ'. ઈંડાં આકારની સાવ સાંકડી એ જેલ ખોલીને એક ઉચ્ચ કક્ષાની સુરક્ષા આપવામાં આવે છે. આ સેલની રચના એવી છે કે અહીં નહીવત પ્રકાશમાં ખતરનાક કેદીઓને સાવ એકાંતમાં રાખવામાં આવે છે. એમને અન્ય સેલના કેદીની જેમ સેલમાંથી બહાર જવાની કે કોઈ સાથે વાત કરવા સુધ્ધાંની છૂટ નથી હોતી. એને ભોજન અને અન્ય રોજિંદી સામગ્રી કોટડીમાં પહોંચતી કરવામાં આવે છે...ટૂંકમાં, આ અંડા સેલનું એકાંત એવું ભેંકાર અને ડરામણું હોય છે કે કેદી માનસિક રીતે ભાંગી પડે છે અને એને આત્મહત્યા કરવાના વિચાર પણ આવે છે...

આમ તો છેક ૧૯૨૬માં બંધાયેલી આર્થર રોડ જેલ જગતની સૌથી ખીચોખીચ ગીર્દીવાળા જેલ તરીકે બહુ બદનામ છે. આશરે અઢી એકરમાં પથરાયેલા આ જેલ સંકુલમાં સત્તાવાર રીતે ૮૦૫ કેદી રાખવાની ક્ષમતા હોવા છતાં, અત્યારે અહીં ૨૫૦૦થી વધુ કેદીઓને ઘેટાં બકરાંની જેમ ઠાંસી-ઠંસીને ભરવામાં આવે છે.

જોકે, આવા આર્થર રોડ પ્રિઝન કંપાઉન્ડના સૌથી વધુ સુરક્ષિત ગણાતા વિસ્તારમાં એક અલાયદી ઈમારત છે, જેમાં બેરેક નંબર-૧૨ છે. ગ્રાઉન્ડ ફ્લોર- એક માળના આ બિલ્ડિંગમાં ૩૦૦ સ્કેવર ફૂટના બબ્બે સેલ છે. એક સેલ-કોટડીમાં વધુમાં વધુ ૩ કેદીને રાખી શકાય, પરંતુ અગત્યના કેદીઓની સુરક્ષા ખાતર એટલા પણ કેદી અહીં રાખવામાં નથી આવતા. પહેલા માળની કોટડીમાં માત્ર કુખ્યાત કે પછી વીઆઈપી કેદીને રાખવામાં આવે છે. આમ તો છેક ૨૦૨૦થી બેરેક -૧૨ વિજય માલ્યા માટે તૈયાર રાખવામાં આવી છે, પણ નીરવ મોદીનું સ્વદેશાગમન હવે જો વહેલું થઈ ગયું તો આ પ્રથમ માળની એ કોટડીનો લાભ એને મળશે... એ નહીં આવે તો એની પહેલાં કદાચ મુંબઈ બ્લાસ્ટ (૨૬/ ૧૧)ના એક નાપાક કાવતરાખોર તહવ્વુર રાણાને પણ આનો લાભ મળી જાય..!

આ બેરેક નંબર-૧૨ની પ્રત્યેક કોટડીમાં બાથરૂમ-ટોઈલેટ ઉપરાંત સતત પાણી તેમજ પંખાની વ્યવસ્થા છે. એ જ રીતે અન્ય અંધારી કોટડી કરતાં આ સેલમાં કેદીને પૂરતો સૂર્ય પ્રકાશ પહોંચે એવી બારીની ગોઠવણ છે. આ સેલમાં જેને રહેવું પડશે એને પથારી-ચાદર-ધાબળો-ઓશીકું પણ મળશે. નાસ્તો-જમણ જેલનું હશે. ખાવા-પીવાનાં વાસણ ઉપરાંત અંગત ચીજ-વસ્તુ રાખવા નાનું કપબોર્ડ પણ ત્યાં છે. દરેક સેલની હિલચાલ પર નજર રાખવા અહીં ક્લોઝ્ડ સર્કિટ ટીવી છે અને સુનાવણી વખતે જરૂર પડે તો કોર્ટ સાથે વીડિયો કોન્ફરન્સિંગની પણ અહીં ગોઠવણ છે. જો કે, પેલા ખતરનાક હત્યારા અજમલ કસાબને કોર્ટમાં પેશ કરવા તો કોટડીમાંથી એને ખાસ તૈયાર કરેલી અન્ડર ગ્રાઉન્ડ ટનલમાંથી લઈ જવામાં આવતો!

મુંબઈ ૨૬/૧૧ ના હીચકારી હુમલામાં ૧૩૩ લોકોની નિર્મમ હત્યા કરનારા પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબને પુણેના યરવડા જેલમાં ફાંસીએ લટકાવવામાં આવ્યો એ પહેલાં એને મુંબઈની આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યો ત્યારે એના માટે સૌથી વધુ સુરક્ષાની ગોઠવણ થઈ હતી. આશરે ચાર વર્ષ આર્થર રોડમાં ઘરજમાઈ તરીકે રાખવામાં આ 'કેદી નંબરઃ C-7096' પાછળ અન્ય ખર્ચ તો ઠીક, પણ માત્ર એની લેટેસ્ટ ટેક્નોલોજિથી સજ્જ સુરક્ષા પાછળ સરકારે કુલ રૂપિયા ૩૧ કરોડ ૪૧ લાખનો ખર્ચ કર્યો હતો...!

જસ્ટ જરા વધારાની જાણ ખાતર, આ અતિ સુરક્ષિત બેરેક -૧૨માં સંજય દત્ત- અબુ સાલેમ- અબુ જિંદાલ જેવા અનેક નામચીન વ્યક્તિ પણ નિવાસ કરી ગઈ છે!■

---

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પાની રે પાની તેરા રંગ કૈસા?



એક ગામમાં વરસાદ પડ્યો નહીં. ઢોર-ઢાંખર મરવા લાગ્યા. વાવ, કૂવા બધા જ સૂકાઈ ગયા. ખેતર નહીં ખીલ્યા. ઘાસ ઊગ્યું નહીં. ગામના લોકો ગભરાઈ ગયા. ગામમાં પંચાયત ભેગી થઈ.

'કહો ભાઈઓ, શું કરીએ?'

કોઈએ કહ્યું કે ઈન્દ્રદેવની પૂજા કરો!'

-તો ઈન્દ્રદેવની પૂજા કરવામાં આવી. ભજન થયા, જાપ-કથા કરવામાં આવ્યા, પણ તોયે વરસાદ પડ્યો નહીં!

પંચાયત ફરી પાછી ભેગી થઈ. અને પાછું પૂછવામાં આવ્યું,

'કહો ભાઈઓ, શું કરીએ?'

બધા ચૂપ. કોણ બોલે?

એક શાહુકારે કહ્યું, : 'ગામ છોડી દો!'

બધા વિચારવા લાગ્યા કે ગામ છોડવું કે નહીં...

એવામાં એક પરદેશી ત્યાંથી પસાર થતો હતો. એણે પૂછ્યુંઃ

'એક વાત કહું?'

'કહો ભાઈ, કહો!'

'સરકારને એક કડક અરજી કરો અને કૂવો ખોદવાનું મશીન એમની પાસે માગો.'

'હે ભાઈ, આ 'મશીન' વસ્તુ છે શું?'

એ પરદેશીએ સમજાવ્યું, 'મશીન એક યંત્ર છે જે જમીન ખોદીને પાણી કાઢે છે.' આટલું કહી પરદેશી તો 'રામ રામ' કરીને આગળ ચાલવા લાગ્યો. ગામવાળા 'મશીન'ની વાત સાંભળીને ખુશ થઈ ગયા. મશીન માટેની અરજી તૈયાર કરી. એને લઈ, ગામવાળા અધિકારી પાસે ગયા.

'સાહેબ, સાહેબ, અમને કૂવા ખોદી આપો, આખું ગામ તરસ્યું મરે છે.'

'ના! હું તો નહીં ખોદાવું. મને શું પડી છે?'

ગામવાળા ઉચ્ચ અધિકારી પાસે ગયા.

'સાહેબ, વર્ષો સુધી તમે અહીં મોટા ઓફિસર રહો એવા અમે દુઆ આપીશું. બસ, તમે અમારા ગામમાં કૂવા ખોદાવી આપો, અમારું ગામ પાણી વગર તરસ્યું મરે છે.'

'તરસ્યું મરે છે તો હું શું કરું? મારી પાસે સમય નથી.'

ગામવાળાઓ તો દુઃખી દુઃખી થઈ ગયા. પછી એ લોકો મંત્રીજી પાસે ગયા. પહેલા તો મંત્રીજી એમને મળ્યા નહીં. પછી એ એક વખત અચાનક મળી ગયા.

'મંત્રીજી, મંત્રીજી, અમારું ગામ તરસ્યું મરે છે. અમને કૂવા ખોદાવી આપો. અમને મશીન અપાવી દો.'

મંત્રીએ કહ્યું, 'ખોદાવી તો આપીશ પણ એક શરત છે.'

'સાહેબ, શું શરત છે?'

'કૂવા પાંચ વર્ષમાં ખોદાવીશ!'

બધાએ કહ્યું, 'મંત્રીજી, ત્યાં લગી તો અમે તરસ્યા મરી જઈશું!'

'તો એમાં હું શું કરું?, મંત્રી ઉવાચ.

ગામવાળામાંથી એક જણે ચિડાઈને કહ્યું, 'સારું મંત્રીજી, તો પછી અમે પણ ચૂંટણીમાં તમને વોટ નહીં આપીએ!'

હવે મંત્રીજી ગભરાયા. કહેવા લાગ્યા, 'લ્યો ભાઈ, લ્યો! કૂવા ખોદવા માટેના પૈસા મંજૂર કરું છું. ગામમાં કૂવા ખોદાવી લો. મશીન આવી જશે, પણ એક વાત છે!'

'હવે શું વાત છે?'

'એ મશીનનું ઉદ્ઘાટન હું જ કરીશ!'

'સારું સાહેબ, તમે કરજો.'

ગામવાળા રાજી રાજી ગામ પાછા ફર્યા. થોડા દિવસો વીતી ગયા. પછી ગામમાં એક મશીન આવ્યું. બધાંને થયું કે થોડા દિવસોમાં મંત્રી આવશે એટલે ઉદ્ઘાટન કરશે અને મશીન ચલાવવાવાળો આવશે એટલે કૂવા ખોદાશે! મંત્રીની રાહ જોવામાં ને જોવામાં પાણીના અભાવે બીજા થોડા ઢોર મરી ગયાં. પછી તો માણસો પણ મરવા લાગ્યા.

....ને પછી એક દિવસ મંત્રીજી આવ્યા. સાથે એન્જીનિયર પણ આવ્યો. ગામવાળાઓ ભેગા થઈ ગયા. તિરંગો ઝંડો લાગ્યો. મંત્રી સાથે એમની આખી સેના આવી ગઈ. ગામમાં બધે રાજીપો ફેલાય ગયો કે હાશ, આજે તો કૂવા ખોદાશે!

મંત્રીએ કહ્યું, 'જલદી કરો, ભાઈ જલદી કરો, હું ઉદઘાટન કરીશ!'

મશીન પરથી કપડું ખસેડ્યું એટલે મશીન ચલાવવાવાળા એ કહ્યું : 'અરે આ શું? ભાઈ, આ તો બોરિંગ મશીનનો પાણી ખેંચવાનો પંપ આવી ગયો! આને પાછો મોકલાવો અને ખોદવાનું મશીન મંગાવો.'

જ્યાં સુધી પંપ પાછો જાય, નવો પંપ આવે, મંત્રીજી આવે, ત્યાં સુધીમાં તો તરસથી બધા ઢોર મરી ગયાં. ગામના અનેક માણસો મરી પણ ગયા. મશીન આવી ત્યાં સુધીમાં કોઈ કરતાં કોઇ જ જીવતું રહ્યું નહીં.

આ વાતથી મંત્રીજીને દુઃખ પણ છે અને સાથે સાથે સુખ પણ છે. દુઃખ એ વાતનું કે ઉદ્ઘાટન ન કરી શક્યા અને સુખ વાતનું કે ચાલો, ખર્ચો બચી ગયો.

હે ભોળાનાથ! સર્પોના રાજા, આપણી સર્વ સરકારોનું શાસન લાંબુ કરો અને જે રીતે ખર્ચો પેલા ગામમાં બચી ગયો એવો જ બીજા બધા ગામમાં પણ બચે!

---

વિશેષ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# ક્યાં ગઇ એ દાદીઓ ને નાનીઓ જેમણે બાળકોમાં લેખનના બીજ રોપ્યાં હતાં?



હિન્દી કથા સમ્રાટ મુનશી પ્રેમચંદ કહેતા હતા કે તેમનામાં વાર્તા કહેવાનો પાયો તેમના દાદીએ નાખ્યો હતો. તેમનું બાળપણ ઉત્તર પ્રદેશના બનારસ પાસેના લમહી ગામમાં વીત્યું હતું. જ્યારે તેઓ ૮ વર્ષના પણ થયા ન હતા ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું. થોડા જ દિવસોમાં તેમના પિતાએ બીજા લગ્ન કરી લીધા હતા. પછી ધનપત રાય(આ પ્રેમચંદજીનું સાચું નામ હતું)નો ઉછેર તેમના દાદા અજાયબલાલ અને તેમના પ્રેમાળ દાદીએ કર્યો હતો. તેમના દાદી તેમને દરરોજ સૂવાના સમયે રામાયણ અને મહાભારતની વાર્તાઓ સાથે વિવિધ લોકકથાઓ સંભળાવતા હતાં. આ વાર્તાઓએ તેમનામાં વાર્તા કહેવાની અને વાર્તા રચવાની આદત વિકસાવી હતી. આ આદતે આગળ જતાં હિન્દીને કથા સમ્રાટ આપ્યા હતા. લેખક બનીને પ્રેમચંદે માનવીય સંબંધોના સપ્તરંગી તાણાવાણા ગુંથ્યા, સંબંધોના આ તાણાવાણાને ગૂંથવાની કળા પણ તેને દાદીએ શીખવી હતી. હકીકતમાં સામાજિક સંવેદનાઓ અને માનવીય સંબંધોના ઊંડાણને સમજવાના બીજ જે તેમના દાદીએ તેમનામાં રોપ્યા હતા, તે બીજ પછીથી આપણે તેમની નવલકથાઓ અને વાર્તાઓમાં ઝૂલતાં વૃક્ષોમાં પરિવર્તિત થતા જોઇએ છીએ.

આ જ રીતે સ્પેનીશ ભાષાના મહાન લેખક ગૈબ્રિયલ ગાર્સિયા માર્ખેજમાં લેખકનો પાયો તેમની નાનીએ નાખ્યો હતો. માર્ખેજના પ્રશંસકો તેમને કલ્પનાના જાદુગર કહે છે. પરંતુ માર્ખેજ તેની આ જાદુગરીનો શ્રેય તેમના નાનીને આપે છે. તેમના નાની પાસેથી જ માર્ખેજને તે અંધશ્રદ્ધાઓ અને સ્થાનિક વાર્તાઓ વિશે જાણવા અને સમજવા મળ્યું હતું. બાદમાં તેની મદદથી તેમણે પોતાનાં લખાણોને જાદુઇ વાસ્તવિકતાના વાઘા પહેરાવ્યા હતા. તેમની નાની તેમને તેના મૃત પૂર્વજો, ભૂતો અને પ્રેતાત્માઓની વાર્તાઓ એ રીતે સંભળાવતા જાણે કે પોતાની નરી આંખે જોયું હોય. એવું લાગતું હતું કે તે બધા તેના ઘરની પાછળના વાડામાં દિવસ-રાત નાચતા રહે છે. માર્ખેજે તેમના વર્ણનની જાદુઇ શૈલી તેમની નાની પાસેથી ઉછીની લીધી હતી. જેને તેમણે જીવનભર તેના લખાણની યુએસપી તરીકે રાખી હતી.

આ વિશ્વના માત્ર બે મહાન લેખકોની લેખક બનવાની કહાની નથી. વિશ્વના મોટાભાગના મહાન લેખકોની આ જ કહાની છે. જો આપણે ઘણા બધા લેખકોના જીવનચરિત્ર વાંચીએ, પછી ભલે તેઓ વિશ્વના કોઇપણ ખૂણેથી હોય. આપણને મોટાભાગના મહાન લેખકોમાં તેમના સાહિત્યિક વલણની આવી જ સમાન કહાનીઓ સાંભળવા મળશે. આવી સ્થિતિમાં એ વિચારવા જેવું છે કે શું આજના લેખકોને પણ તેની કથારસથી ભરપૂર દાદીઓ, નાનીઓ જ બનાવી રહી છે કે પછી હવે આવી દાદીઓ-નાનીઓ રહી નથી? કમનસીબે સત્ય એ છે કે આજે આપણી આસપાસ આવા નાનીઓ કે દાદીઓ સરળતાથી જોવા મળતા નથી, જેઓ બાળકોમાં લેખનનું બીજ બાળપણથી જ રોપી દેતા હોય. કારણ કે વાર્તા કહેવાના આ સંસ્કાર એક જમાનાની જીવનશૈલી માત્ર ન હતા. આ તે જમાનાની સંસ્કૃતિ, સંવેદના અને ભાષાકીય સંસ્કારો હતા. જો કે આજે પણ દાદીઓ-નાનીઓ વાર્તાઓ સંભળાવે છે, પરંતુ ડિજિટલ માધ્યમો તેના પર ભારે પડી રહ્યા છે. પહેલાના સમયમાં રાતના હાલરડા અને બપોરની વાર્તાઓ બાળકોની કલ્પનાઓને પાંખો આપતા હતા, હવે તેની જગ્યા મોબાઇલ અને યુ-ટ્યૂબે લઇ લીધી છે.

કૌટુંબિક સંબંધો આજે પણ મહત્ત્વપૂર્ણ છે. પરંતુ આજે તેની પ્રકૃતિ બદલાઇ ગઇ છે. હવે બાળકોને વાર્તાઓમાં વધુ રસ નથી, તેમને 'સંવાદ' સાથે વધુ અનુરાગ છે. પરંતુ સવાલ એ છે કે શું માતા-પિતા કે દાદી-નાની ઇચ્છે તો નવી પેઢીને સાહિત્યિક સંવેદનાથી તરબતર કરી શકે છે? જી, હા આવું થઇ શકે છે. આજે પણ જો વડીલો બાળકો સાથે આત્મીયતાથી વાત કરે, અનુભવો શેર કરે.. તો તેઓ આજે પણ લેખક, કલાકાર કે સંવેદનશીલ વ્યક્તિ બની શકે છે. કારણ કે સંવેદના, ભાષા અને ભાવનાઓ આજે પણ સંબંધોમાંથી જ આવે છે. તેથી દાદીઓ-નાનીઓ આજે પણ લેખક બનાવી શકે છે. બસ શરત એટલી કે તેઓ વાર્તાઓ સંભળાવવાની બહાદુરી ન છોડે અને બાળકો તેને સાંભળવાનો સમય આપે. આજની પેઢીને સંવેદના, આત્મીયતા અને ભાષાના એ જ બીજ આપવાની જરૂર છે, જે ભૂતકાળના લેખકોને મળ્યા હતા. કારણ કે મહિલાઓમાં ભાષાની સમૃદ્ધ મૌખિક પરંપરા અને બાળકો સાથે નિકટતા હોય છે. તે મહિલાઓ જ છે, જે ઘરની પહેલી વાર્તાકાર હોય છે... માતા, દાદી, નાની. બાળકો બાળપણમાં સૌથી વધુ તેમના સંપર્કમાં જ રહેતા હોય છે. મહિલાઓ હંમેશાંથી ઘરની અંદરની સંસ્કૃતિની વાહક રહી છે. તે લોકગીત, કહેવતો, હાલરડાં અને વાર્તાઓ પેઢી દર પેઢી સંભળાવતી રહે છે. આ મૌખિક પરંપરાની ભાવનાત્મક અસર ઘણી જ ઊંડી હોય છે. જે ભાષા અને કલ્પનાના મૂળિયાનું સિંચન કરે છે... અને ત્યાંથી જ લેખક બનવાની યાત્રા શરૂ થાય છે.

આજના સમયના રસ્કિન જંગલ કથા કહેનારા સૌથી સારા વાર્તાકાર છે. જેમાં સૌથી મોટી ભૂમિકા તેમના દાદીની રહી છે. તેમની મોટાભાગની વાર્તાઓ પર્વતો, બાળપણ અને એકાંત જીવનની સંવેદનશીલતાને સ્પર્શે છે. રસ્કિન બોન્ડની જેમ અમૃતા પ્રીતમે પણ બાળપણમાં તેની માતા પાસેથી ઘણી બધી સૂફી અને પંજાબી લોકકથાઓ સાંભળી હતી. તેમનાં લખાણોમાં જે લાગણીઓની તીવ્રતા અને સાંસ્કૃતિક ઊંડાણ જોવા મળે છે તે આ સૂફી અને પંજાબી લોકકથાઓની દેન છે. હકીકતમાં લેખક બનવાની પ્રેરણા ત્યાંથી મળે છે જ્યાં વાર્તાઓ હોય છે, સંવેદના હોય અને બાળકોની કલ્પનાને તેની પાંખ ફેલાવવા માટે અવકાશ મળે છે.

# રંગમંચના સુખ્યાત નાટ્યકર્મી કૌસ્તુભ ત્રિવેદીને ભાવભીની શ્રદ્ધાંજલિ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ નાટ્ય જગતના લોકપ્રિય દિગ્ગજ નિર્માતા અને કસબી કૌસ્તુભભાઇ ત્રિવેદીને તેમના આપ્તજનો તેમ જ સાથી કલાકારોએ શુક્રવારે મલાડ ખાતે ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે આયોજિત પ્રાર્થનાસભામાં સરિતા જોશી, અપરા મેહતા, તુષાર કાપડિયા, ફાલ્ગુની પાઠક અને શિલ્પા ગણાત્રા સહિતના પીઢ રંગકર્મીઓ ઉપરાંત અનેક લોકોએ હાજરી આપી હતી.

જય રાધા માધવ, જય કુંજ બિહારી ભજનથી પ્રાર્થનાસભાની શરૂઆત થઈ હતી અને સમયના પ્રવાહ સાથે અંગત કુટુંબીજનો અને વ્યવસાયિક તથા મિત્ર વર્તુળના સ્નેહીઓ પ્રવેશતા રહ્યા હતા અને આદરાંજલિ અર્પિત કરતા રહ્યા હતા.




નાટ્ય જગતના પીઢ અને વંદનીય **અભિનેત્રી સરિતા જોશીએ** જણાવ્યું હતું કે કૌસ્તુભભાઈ નખશિખ પ્રોફેશનલ હતા અને વ્યવસાયિક એટલે ફાઇનાન્સથી માંડીને માર્કેટિંગ સુધીની દરેક બાબતો પર સંપૂર્ણ અંકુશ ધરાવતા હતા. મેં એમની સાથે ત્રણ નાટક કર્યાં છે, તેઓ એક વ્યક્તિ તરીકે પણ ખૂબ જ ઉમદા હતા અને કર્મનિષ્ઠ હતા.



ગુજરાતી તખ્તાનાં સુપ્રસિદ્ધ **અભિનેત્રી અપરા મેહતાએ** જણાવ્યું હતું કે કૌસ્તુભભાઇ માટે સંક્ષિપ્તમાં કહેવું મુશ્કેલ છે. એમની સાથે અમારા સાસુથી માંડીને દીકરી સુધી બધાએ કામ કર્યું છે. તેઓ નાટ્યકર્મી હોવા સાથે સાહિત્યના પણ ખૂબ સારા જાણકાર હતા. એમના અવસાનથી ગુજરાતી તખ્તા માટે ખૂબ મોટું કદી ના પુરાય એવું નુકસાન થયું છે. એમના જવાથી એક આખું જનરેશન, એક પેઢીનો યુગ આથમી ગયો હોય એવું લાગે છે.



જાણીતા નાટ્ય **અભિનેતા અને નિર્માતા અરવિંદ વેકરિયાએ** જણાવ્યું હતું કે કૌસ્તુભભાઇ સાથે મેં ઘણું કામ કર્યું છે. તેમણે પોતે આગળ વધવા સાથે અન્ય ઘણા રંગકર્મીઓને આગળ વધવામાં સહાય કરી છે. તેમનો સ્વભાવ લોકો સાથે મળીને લોકોને આગળ આવવામાં મદદ કરવાનો હતો.



બસોથી વધુ નાટકોમાં કામ કરી ચૂકેલા જાણીતા **અભિનેતા તુષાર કાપડિયા** એમને યાદ કરતા કહે છે કે તેઓ ખૂબ મોજીલા જીવ અને સાહિત્ય પ્રેમી હતા. સાહિત્ય સાથે ખાવાના પણ શોખીન હતા. તેઓ ખુદ પણ મોજ કરતા અને સાથીઓને પણ કરાવતા. અત્યારે ભલે તેઓ હયાત નથી, પરંતુ થિયેટર છે ત્યાં સુધી તેઓ હંમેશા હયાત રહેશે.

નોંધવું રહ્યું કે કૌસ્તુભભાઇ ત્રિવેદીએ ૪૦ વર્ષની કારકિર્દીમાં ૨૦૦થી વધુ નાટકો અને ચાર ગુજરાતી ફિલ્મોનું નિર્માણ કર્યું છે. તેમના બંને કાકા અરવિંદ ત્રિવેદી અને ઉપેન્દ્ર ત્રિવેદી સુવિખ્યાત કલાકાર હતા. તેમણે પરેશ રાવલ, સિદ્ધાર્થ રાંદેરિયા, ટીકુ તલસાણિયા, સંજય ગોરડિયા, કાંતિ મડિયા સહિત દરેક ખ્યાતનામ કલાકાર અને દિગ્દર્શક સાથે કામ કર્યું હતું. દરમિયાન નાટ્યજગત સાથે સંકળાયેલા વર્ગ માટે અંધેરીમાં ભવન્સ ખાતે ત્રીજી જૂને સાંજે સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ■

# મીઠી નદીની સફાઈમાં ₹ ૧,૨૦૦-૧,૩૦૦ કરોડનું કૌભાંડ

## ‘એક રાજકુમાર’ સંડોવાયેલો હોવાનો ભાજપના નેતાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના વિધાનપરિષદના સભ્ય (એમએલસી) પ્રસાદ લાડે શુક્રવારે મીઠી નદીનો ગાળ કાઢવામાં રૂ. ૧,૨૦૦-૧,૩૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો અને ઉદ્ધવ ઠાકરેના મુખ્ય પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન આપવામાં આવેલા કોન્ટ્રાક્ટમાં અનિયમિતતાનો દાવો કર્યો હતો.

શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે પર પ્રહાર કરતા વિધાન પરિષદના સભ્યે કહ્યું હતું કે, ‘એક ‘રાજકુમાર’ સંડોવાયેલો હોય તેવું લાગે છે, પરંતુ હું નક્કર પુરાવા વગર નામ નહીં લઉં.’

‘મારી માહિતી મુજબ મીઠી નદીનો ગાળ કાઢવામાં ભ્રષ્ટાચારના સંદર્ભમાં ૧૬ લોકોના નામ એફઆઈઆરમાં દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા બે વર્ષમાં રૂ. ૬૫ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવાની શંકા છે. પરંતુ જો તમે તપાસનો વ્યાપ ૧૫ વર્ષ સુધી લંબાવશો તો તે રૂ. ૧,૨૦૦ કરોડથી રૂ. ૧,૩૦૦ કરોડ થશે,’ એવો દાવો તેમણે કર્યો હતો.

મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ મીઠીના ગાળ કાઢવામાં રૂ. ૬૫ કરોડની કથિત ગેરરીતિઓ બદલ ગુનો નોંધ્યો છે.

પ્રસાદ લાડે જણાવ્યું હતું કે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ દાવો કર્યો છે કે તાજેતરના વર્ષોમાં ૧.૫ થી ૨ લાખ ટન ગાળ કાઢવા માટે રૂ. ૨૫૦ કરોડ ખર્ચ્યા છે.

‘૧૫ વર્ષમાં, આ આંકડો લગભગ ૩૦ લાખ ટન થશે. આટલા કાદવથી તમે નવી મુંબઈ જેટલો વિસ્તાર બનાવી શકો છો. તો, કાદવ ખરેખર ક્યાં ફેંકવામાં આવ્યો હતો,’ એમ તેમણે પૂછ્યું હતું.

ભાજપ નેતાએ આરોપ લગાવ્યો કે અધિકારીઓ દ્વારા ડમ્પિંગ ગ્રાઉન્ડ તરીકે દર્શાવવામાં આવેલી જગ્યા હવે ગગનચુંબી ઇમારતો દ્વારા કબજે કરવામાં આવી છે. આ સૂચવે છે કે સત્તાવાર અહેવાલોમાં આ સ્થળ ખોટી રીતે દર્શાવવામાં આવ્યું હતું, એમ તેમણે કહ્યું હતું. ■

## ‘ડિજિટલ અરેસ્ટ’ જેવી ઘટનાઓ ડામવા

# પોલીસોને હવે મળશે ડિજિટલ સ્માર્ટ આઈડી

મુંબઈઃ નકલી ઓળખ કાર્ડના કેસમાં વધારો થતા રાજ્ય સરકાર સફાળી જાગી છે. છેતરપિંડી રોકવા માટે મહારાષ્ટ્ર સરકાર મુંબઈ પોલીસ કમિશનરેટના તમામ પોલીસકર્મીઓને ડિજિટલ સ્માર્ટ કાર્ડ પૂરા પાડશે. રાજ્યના ગૃહ વિભાગે ગુરુવારે આ માટે ચાર કરોડ રૂપિયા મંજૂર કરતો આદેશ પસાર કર્યો હતો.

મુંબઈ પોલીસ કમિશનરે રાજ્ય સરકારને વિનંતી કરી હતી કે તેઓ ડિજિટલ સ્માર્ટ કાર્ડ વાપરવાની મંજૂરી આપે અને રાજ્યના ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવમાં મંજૂરી આપતા કહ્યું હતું કે,પોલીસ દળના તમામ કર્મચારીઓ, પોલીસ અધિકારીઓથી લઈને પોલીસ કોન્સ્ટેબલ માટે, ડિજિટલ સ્માર્ટ કાર્ડ બનાવવામાં આવે.

આદેશ મુજબ સમગ્ર પોલીસ દળમાં ૫૧,૩૦૮ પદો છે અને તે બધા પ્રિન્ટેડ કાર્ડનો ઉપયોગ કરે છે, જેમાં ડેસ્કટોપ પબ્લિશિંગનો ઉપયોગ કરીને બનાવટ કરવાનું સરળ છે. ■

# ભાયખલામાં બિલ્ડિંગનો હિસ્સો તૂટયા બાદ જખમી થયેલી મહિલાનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલા (પશ્ચિમ)માં બિલ્ડિંગનો એક હિસ્સો ધરાશાયી થયાના એક દિવસ બાદ શુક્રવારે નાયર હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલી ૩૫ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું હતું. બુધવારે પાંચ માળની ગૅલેરીનો એક ભાગ તૂટી પડતા નાઝિયા ખાન અને તેની સંબંધી ૩૦ વર્ષની ખુશનુમા જખમી થયા હતા.

ભાયખલા (પશ્ચિમ)માં બદલુ રંગાલી સ્ટ્રીટ પર આવેલી આ બિલ્ડિંગ મ્હાડાની ઉપકર પ્રાપ્ત બિલ્ડિંગ હતી અને બિલ્ડિંગ ૧૯૬૯ પહેલા બનાવવામાં આવી હતી. અને રેન્ટ કંટ્રોલ રૅગ્યુલેશન હેઠળ આવે છે. બુધવાર, ૨૮ મેના સાંજના પાંચમા માળની ગૅલેરીનો એક ભાગ અચાનક તૂટી પડયો હતો, જેમાં બે મહિલાઓ અંદર ફસાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડે તરત ઘટના સ્થળે પહોંચીને મહિલાઓને નાયર હૉસ્પિટલમાં દાખલ કરી હતી. બે દિવસની સારવાર બાદ અંત નાઝિયાનું મૃત્યુ થયું હતું અને જ્યારે ખુશનુમાની તબિયતમાં સુધારો છે. ■

# કોસ્ટલ રોડનો પ્રભાદેવીથી વરલીને જોડતો અંડરપાસ શુક્રવારથી ટ્રાફિક માટે ખુલ્લો મુકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટના છેલ્લા તબક્કાના કામમાં પ્રભાદેવીથી વરલીને જોડતો ૫૫૦ મીટરનો વેહિકલ અંડરપાસ શુક્રવારથી ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ મહત્ત્વપૂર્ણ લિંક કોસ્ટલ રોડ સુધી એક્સેસ આપે છે આ રોડથી ટ્રાફિક ઓછો થશે અને સમગ્ર શહેરમાં એકંદર કનેક્ટિવિટી વધશે. મુંબઈ ટ્રાફિક પોલીસના નોટિફિકેશન મુજબ, આ રૂટ સવારે ૭ વાગ્યાથી મધ્યરાત્રિ ૧૨ વાગ્યા સુધી ફોર-વ્હીલર અને પેસેન્જર બસો માટે ખુલ્લો રહેશે.

મહત્વાકાંક્ષી મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં મુખ્ય સ્થળોએ મલ્ટી-લેવલ ઇન્ટરચેન્જનો સમાવેશ થાય છે - હાજી અલી, પેડર રોડ (અમરસન ગાર્ડન) અને વરલી સી ફેસ, જેમાં પેડર રોડ પર ચાર, હાજી અલી ખાતે આઠ અને વરલી ખાતે છ માર્ગ (રોડ)છે. જ્યારે મોટાભાગના રોડ છેલ્લા એક વર્ષમાં તબક્કાવાર ખોલવામાં આવ્યા છે, ત્યારે વરલી ઇન્ટરચેન્જ પર ૫૫૦ મીટર લાંબા, ૧૧ મીટર પહોળા વેહિકલ અંડરપાસનું બાંધકામ ચાલુ હતું. આ વેહિકલ અંડરપાસમાં બે રોડ શામેલ છે રોડ - ૩ પ્રભાદેવી અને દાદરને બાંદ્રા સાથે જોડે છે જ્યારે રોડ ૫ દાદર અને પ્રભાદેવીને મરીન ડ્રાઇવ સાથે જોડે છે.

પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે ખાન અબ્દુલ ગફ્ફાર ખાન રોડ નીચેથી પસાર થતો અંડરપાસ પ્રભાદેવી અને દાદરના વાહનચાલકો માટે કોસ્ટલ રોડ સુધી સીધો પ્રવેશ પૂરો પાડે છે. તે વરલીના જેકે કપૂર ચોકથી શરૂ થાય છે અને બિંદુ માધવ ઠાકરે ચોક નજીક બહાર નીકળે છે. આ ટનલ વરલી ઇન્ટરચેન્જ સાથે જોડાય છે, જેનાથી વાહનો ઉત્તરમાં બાંદ્રા તરફ અથવા દક્ષિણ તરફ મરીન ડ્રાઇવ તરફ જઈ શકે છે. લાંબા ગાળે, આ અંડરપાસ શિવડી-વરલી લિંક અને કોસ્ટલ રોડ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ કનેક્ટર બનશે, જે શહેરમાં પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીને નોંધપાત્ર રીતે વધારશે. ■

## મુંબઇના માર્ગો લેશે ખુલ્લો શ્વાસ

# ૧,૩૮૫ રસ્તાઓ પાંચમી જૂનથી ટ્રાફિક માટે ખુલ્લા મુકાશે

મુંબઈઃ મુંબઈમાં રસ્તાઓને ખાડામુક્ત બનાવવા માટે ચાલી રહેલા કોંક્રિટિંગ પ્રોજેક્ટ હેઠળ ખોદવામાં આવેલા ૧,૩૮૫ રસ્તાઓનું કામ પૂર્ણ થઈ ગયું છે. તેથી કોંક્રિટ ક્યુરિંગ બીજી જૂન સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને પાંચ જૂન સુધીમાં રસ્તા પરના તમામ બેરિકેડ દૂર કરવામાં આવશે. તેથી આ રસ્તાઓ ટ્રાફિક માટે ખુલ્લા રહેશે, એવી સૂચનાઓ અધિક મ્યુનિસિપલ કમિશનર અભિજીત બાંગરે આપી હતી. મુંબઈમાં રસ્તાઓના સિમેન્ટ કોંક્રિટિંગ હેઠળ પૂર્વીય ઉપનગરોમાં પૂર્ણ થઈ રહેલા રસ્તાના કામોની મુલાકાત લઈ એડિશનલ મ્યુનિસિપલ કમિશનર અભિજિત બાંગરે વ્યક્તિગત રીતે તેનું નિરીક્ષણ કર્યું હતું, જેમાં ચેમ્બુરમાં સંત કક્કાયા માર્ગ, સાકી વિહાર રોડ, ઘાટકોપર (પશ્ચિમ)માં સિકોવા ઇન્ડસ્ટ્રીયલ માર્ગ, ભાંડુપ (પશ્ચિમ)માં સુભાષ નગર માર્ગ, વિક્રોલી (પશ્ચિમ)માં સૂર્ય નગર માર્ગ, મુલુંડ (પશ્ચિમ)માં મેરેથોન ગેલેક્સી માર્ગ અને બાબા પદમસિંહ ક્રોસ રોડ નંબર પાંચ વગેરેનો સમાવેશ થાય છે. કુલ ૧,૩૮૫ રસ્તાના કામો પૂર્ણ થયા છે. આમાંથી ૩૦ રસ્તાઓનું કામ આંશિક રીતે મેસ્ટિક ડામરથી પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. મોટાભાગના રસ્તાઓ ‘એન્ડ ટુ એન્ડ’ પૂર્ણ થયા છે અને કેટલાક રસ્તાઓ ‘જંકશન ટુ જંકશન’ પૂર્ણ થયા છે. ■

# થાણેના ૬૨૪૮ ફ્લેટની કિંમતમાં એકથી દોઢ લાખ ઓછા કર્યા

## ફ્લેટ વેચાતા ન હોવાથી મ્હાડાએ ભાવ ઘટાડ્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના કોંકણ બોર્ડ દ્વારા ઓછી આવક ધરાવતાં જૂથો માટે સરકારી યોજનાના ભાગરૂપે બાંધવામાં આવેલા થાણેમાં ૬૨૪૮ ફ્લેટની કિંમત ₹૧.૦૧થી ₹૧.૪૩ લાખ જેટલી ઘટાડવામાં આવી છે. ૨૦૨૪માં ફ્લેટ્સ વેચાણ માટે મૂકવામાં આવ્યા ત્યારથી ખરીદદારોના નબળા પ્રતિસાદના કારણે આ ઘટાડો થયો હતો.

પોતાનું ઘર ખરીદવા માટે સંઘર્ષ કરી રહેલા આર્થિક રીતે નબળા વર્ગ (ઇડબલ્યુએસ)ને આવાસ આપવા માટે મહારાષ્ટ્ર સરકાર મ્હાડા દ્વારા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના લાગુ કરી રહી છે.

મ્હાડાના પ્રાદેશિક એકમ કોંકણ હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ બોર્ડે કલ્યાણના ખોની અને શિરગાંવ અને થાણા જિલ્લાના બદલાપુરમાં ૬,૨૪૮ ફ્લેટનું નિર્માણ કર્યું હતું. કોંકણ બોર્ડે ૨૦૨૪માં ઇડબલ્યુએસ માટે પહેલો તે વહેલોને ધોરણે આ ફ્લેટ્સ વેચાણ માટે મૂક્યા હતા, પરંતુ ખરીદદારોએ અપેક્ષા મુજબ પ્રતિસાદ ન આપતા બોર્ડે કિંમત ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ■

# ‘સમૃદ્ધિ’ના અંતિમ તબક્કાને ઉદ્ઘાટનની રાહ

## ઈગતપુરીથી થાણેના આમને સુધીના માર્ગનું કામ એક મહિના પહેલા જ પૂર્ણ થઈ ગયું હતું

મુંબઈઃ સમૃદ્ધિ હાઈવેના ઈગતપુરીથી થાણેના આમને સુધીના અંતિમ તબક્કાના કામને પૂર્ણ થયાને એક મહિનો વીતી ગયો હોવા છતાં રાજ્ય સરકારને હજુ સુધી હાઇવેનું ઉદ્ઘાટન કરવા માટે સમય મળ્યો નથી. પરિણામે સમૃદ્ધિ થી ઇગતપુરી આવતા વાહનોને જૂના મુંબઈ-નાસિક હાઇવે પર મુસાફરી કરવી પડે છે.

મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) એ એપ્રિલમાં જ આ માર્ગનું ઉદ્ઘાટન કરવા માટે રાજ્ય સરકાર પાસે સમય માગ્યો હતો. તે મુજબ રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને એક દરખાસ્ત મોકલી હોવાની માહિતી અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. તે સમયના આયોજન મુજબ, સમૃદ્ધિનો છેલ્લો તબક્કો મહારાષ્ટ્ર દિવસ, પહેલી મે ના રોજ મુસાફરી માટે ખુલ્લો મૂકવાનો હતો. એમએસઆરડીસી એ પણ આ સંદર્ભમાં પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. તેનું ઉદ્ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરવાના હતા. પરંતુ, તે સમયે વડા પ્રધાન મોદીનો સમય મળી શક્યો નહી અને હાઇવેનું ઉદ્ઘાટન ન થવાને કારણે, તે હજુ સુધી ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સાવધ | દરિયો |
| સાવજ | આકાશ |
| સારંગ | ઠાકોર |
| સાગર | સિંહ |
| સામંત | જાગ્રત |

### ઓળખાણ પડી?



પાકિસ્તાન વિરુદ્ધના ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં દુશ્મન દેશના હાંજા ગગડાવી નાખનારા મૂળ બ્રિટિશ પણ પછી સ્વદેશમાં પણ બનેલા ફાઈટર પ્લેનની ઓળખાણ પડી?

અ) SABRE બ) GNAT ક) MIG ડ) CHETAK

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ગો | ૩ ત | રી | ■ | ૪ કા | ર્ય | ૫ ક્ષ | મ | ૬ તા |
| ૭ શા | પિ | ત | ■ | ૮ છા | પ | ■ | ણિ | ■ | ક |
| એ | ■ | ૯ કા | ળા | શ | ■ | ૧૦ ઉ | ક | ૧૧ ર | ડો |
| ૧૨ શ | ૧૩ ક | લ | ■ | ૧૪ વા | ૧૫ ર | સ | ■ | ટ્રો | ■ |
| ■ | બૂ | ■ | ૧૬ ખા | રે | ક | ■ | ૧૭ ટ | ■ | ૧૮ પુ |
| ૧૯ અ | ત | ૨૦ લ | સ | ■ | ૨૧ ઝ | ખ | મ | ■ | ન |
| ૨૨ જ | ર | દા | ■ | ૨૩ નિ | ક | ■ | ૨૪ ટ | કો | રા |
| પા | ■ | ખ | ■ | યો | ■ | ૨૫ આ | મ | ■ | વ |
| ૨૬ જ | ૨૭ ક | ■ | ૨૮ આ | જ | કા | લ | ■ | ૨૯ ગ | ર્ત |
| ૩૦ પ | રા | વ | ર્ત | ન | ■ | ૩૧ મ | હા | દા | ન |

### શબ્દલાલિત્ય સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૬/અ | | | ■ | ૭ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ■ | ૧૦ | | |
| ૧૧ | | ■ | ૧૨ | | | ૧૩ | | ■ | |
| ૧૪ | | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ૧૭ | ■ |
| ■ | ૧૮ | | | | | ■ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | | | ■ | | ■ | ૨૨ | ■ | ૨૩ | |
| | ■ | ■ | ૨૪ | | ૨૫ | | ■ | ૨૬ | |
| ■ | ૨૭ | ૨૮ | | ■ | | ■ | ૨૯ | | |
| ૩૦ | | | | | | | ■ | ■ | |

**આડી ચાવી**

૧. સમાન સપાટી વાળું (૪)
૩. અમુક સમયની અંદર (૫)
૬અ. એકદમ ગાઢ (૩)
૭. --- ગરમી ચામડીનો રોગ છે. (૨)
૮. --- ને કોઈ રોકી શકતું નથી (૩)
૧૦. શિવનું ધનુષ્ય (૩)
૧૧. ઓળખાણ (૨)
૧૨. નુકસાન કરે એવું (૫)
૧૪. ડોસો, વૃદ્ધ (૩)
૧૬. માન માગતી સ્ત્રી (જો.છૂ.) (૩)
૧૮. વ્યાપાર ખાતું સંભાળતા પ્રધાન (૫)
૧૯. એક રાક્ષસ (૩)
૨૧. --- ભેર એટલે ઉત્સાહથી (૩)
૨૩. ધૂરા, શરૂઆત, ધરપત (૨)
૨૪. દુઃખાવો (૪)
૨૬. સ્ત્રીઓ કાનમાં પહેરે (૨)
૨૭. એક જાતનું રેશમી કપડું (૩)
૨૯. ધારણ કરનાર (૩)
૩૦. જેમાં જામીન ના મળી શકે એવું વોરંટ (૭)

**ઊભી ચાવી**

૧. સમજાવવું તે (૫)
૨. --- ને કોઈ ટાળી શકતું નથી (૩)
૩. વિશ્વાસઘાત (૨)
૪. રટણા (૨)
૫. પીડા, વેદના (૩)
૬. નાજુકાઈ (૪)
૬અ. કોઈના વતી રજૂઆત કરનારાઓનું જૂથ (૭)
૯. ---નાં પાન મુખવાસમાં ખવાય (૫)
૧૦. ઉજાણી (૪)
૧૩. લક્ષ્મી, પત્ની (૨)
૧૫. એક રમત (૩)
૧૭. નિબંધ લખનાર (૫)
૨૦. કાયદેસરની અટક (૫)
૨૧. હૃદય (૨)
૨૨. ઢગલો (૨)
૨૪. કર્મ કરનાર (૩)
૨૫. નદી પાર કરવા --- જોઈએ (૩)
૨૭. સો કિલો (૨)
૨૮. દંડ, શિક્ષા (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતના કયા શહેરમાં ભારતની સર્વપ્રથમ રેલવે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ભાવનગર બ) રાજકોટ ક) વડોદરા ડ) નડિયાદ

### જાણવા જેવું

ત્રિકોણના મુખ્યત્વે ત્રણ પ્રકાર જાણીતા છે. ગુરુકોણ ત્રિકોણ, કાટકોણ ત્રિકોણ અને લઘુકોણ ત્રિકોણ. લઘુકોણ ત્રિકોણ ન્યૂનકોણ ત્રિકોણ અથવા સાંકડખૂણ ત્રિકોણ તરીકે પણ ઓળખાય છે. જે ત્રિકોણમાં ત્રણે ખૂણા સાંકડા એટલે કાટખૂણ કરતાં નાના હોય તેને સાંકડખૂણ ત્રિકોણ કહેવામાં આવે છે

### સુડોકુ-૯૦૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૫ | | | | |
| | ૮ | | | ૯ | | ૧ | | |
| ૪ | ૩ | | ૧ | | | | | |
| ૮ | | | | | ૬ | | | ૯ |
| | | ૪ | | ૧ | | ૫ | | |
| ૩ | | | ૭ | | | | | ૧ |
| | | | | | ૩ | | ૪ | ૫ |
| | | ૬ | | ૮ | | | ૭ | |
| | | | | ૨ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૬ | ૮ | ૭ | ૫ | ૨ | ૩ | ૯ |
| ૨ | ૩ | ૯ | ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૭ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૨ | ૧ | ૪ | ૮ | ૫ | ૩ |
| ૩ | ૪ | ૨ | ૫ | ૮ | ૭ | ૯ | ૧ | ૬ |
| ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૮ | ૨ | ૪ | ૧ | ૯ | ૩ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૩ | ૭ | ૨ | ૮ | ૧ | ૯ | ૪ |
| ૭ | ૯ | ૧ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

છેલ્લાં કેટલાંક વર્ષથી મહાસત્તા રશિયાનો મુકાબલો યુદ્ધમાં કરી રહેલા ટચુકડા દેશ યુક્રેનની રાજધાનીનું શહેરનું નામ શું છે એ જણાવો.

અ) LVIV બ) ODESA ક) KHARKIV ડ) KYIV

### નોંધી રાખો

જીવનમાં મળેલી સફળતાથી પોતે કેટલા ખુશ છે એવું અનેક લોકો વિચારતા હોય છે. તમારા કારણે જીવનમાં બીજા કેટલા લોકો ખુશ છે એ પણ વિચારી જુઓ.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૭, ૧૫, ૨૫, ૩૭, ૫૧, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૫૧ પછી કઈ સંખ્યા આવે?

અ) 61 બ) 67 ક) 70 ડ) 72

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| અવધાન | એકાગ્રતા |
| અવસર | મોકો |
| અલમારી | કબાટ |
| અભિજાત | ખાનદાન |
| અભિલાષા | ઈચ્છા |

ગુજરાત મોરી મોરી રે: સાબરમતી

ઓળખાણ પડી: મોશે દયાં

માઈન્ડ ગેમ: ૧૩૧

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: ૨૧

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) લજિતા ખોના (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) ભાવના કર્વે (૧૮) નુતન વિપીન શાહ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) પુષ્પા ખોના (૩૪) નીતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ સંઘવી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતા ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) અંબરીષ ઓઝા (૪૯) દિપીકા દોશી (૫૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

# ત્રાસવાદની 'ફેણ' પગતળે કચડી નાખીશું: મોદી

▶ 'ઑપરેશન સિંદૂર ભાથામાંનું એક તીર જ હતું' ▶ બિહારમાં ₹ ૫૦,૦૦૦ કરોડના પ્રકલ્પનું લોકાર્પણ ▶ 'કૉંગ્રેસ, રાજદ દ્વારા પછાત વર્ગ સાથે છેતરપિંડી કરાઇ હતી'




**લૉન્ચિંગ:** બિહારના રોહતાસ જિલ્લામાં શુક્રવારે એક જાહેરસભામાં વિવિધ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના લૉન્ચિંગ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, બિહારના ગવર્નર આરિફ મોહમ્મદ ખાન, મુખ્ય પ્રધાન નીતીશકુમાર, નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી. વિજયકુમાર સિંહા અને અન્યો. (એજન્સી)■

કારાકાટ (બિહાર): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં શુક્રવારે ત્રાસવાદીઓ અને તેઓને સહાય કરનારા લોકોને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે ત્રાસવાદ સાપ જેવો છે, પણ જો તે પોતાની ફેણ દેખાડશે તો અમે તે સાપને દરમાંથી કાઢીને પગતળે કચડી નાખીશું.

તેમણે જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર ભારતના (તીરના) ભાથામાંનું એક 'તીર' જ હતું. ત્રાસવાદ સામેની કાર્યવાહી નથી અટકાવાઇ.

મોદીએ અહીં કુલ રૂપિયા ૫૦,૦૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યનું ઉદ્ઘાટન કે શિલાન્યાસ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે પહલગામ ખાતેના ત્રાસવાદી હુમલાના એક દિવસ પછી હું બિહાર આવ્યો હતો અને આપણી બહેનોના સિંદૂર મિટાવનારા લોકોને અકલ્પનીય સજા કરવાની બાંયધરી આપી હતી. હું આ વચન પૂરું કરીને પાછો બિહાર આવ્યો છું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે પાકિસ્તાને ભારતીય મહિલાઓની સિંદૂરની તાકાત જોઇ લીધી છે. પાકિસ્તાન લશ્કરના રક્ષણ હેઠળ રહેતા ત્રાસવાદીઓને ઘૂંટણિયે પડવાની ફરજ પડાઇ છે. ત્રાસવાદીઓની છાવણીઓ અને પાકિસ્તાનમાંનાં અનેક ઍરબેઝ અને લશ્કરી મથકોનો નાશ કરાયો છે.

તેમણે દાવો કર્યો હતો કે અમારી સરકાર સત્તા પર આવી, તે પછી નક્સલવાદથી અસરગ્રસ્ત જિલ્લાની સંખ્યા ૧૨૫થી ઘટાડીને ૧૮ કરાઇ છે. નક્સલવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં અનેક નવા રસ્તા, શાળાનું નિર્માણ કરાયું છે અને મૉબાઇલ ટાવર પણ ઊભા કરાયા છે.

વડા પ્રધાને આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)એ બિહારમાં સત્તા મેળવવા માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિના લોકોની સાથે છેતરપિંડી કરી હતી.

મોદીએ જણાવ્યું હતું કે બિહારમાં લાલુપ્રસાદ યાદવ અને તેમના પરિવારના સભ્યોએ ગરીબ લોકોની જમીન છીનવી હતી.

તેમણે જણાવ્યું હતું કે બિહારના યુવાનો દેશના સશસ્ત્ર દળોમાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

મોદીએ પટણા - ગયા - ડોભી વિસ્તારમાંના રાષ્ટ્રીય ધોરીમાર્ગના ચાર રસ્તાવાળા પ્રકલ્પનું તેમ જ સોમનગર - મહંમદગંજ વચ્ચેની ત્રીજી રેલવે લાઇનનું ઉદ્ઘાટન કર્યું હતું.

વડા પ્રધાને નબીનગર સુપર થર્મલ પ્રૉજેક્ટનો, વારાણસી - રાંચી - કોલકાતા ધોરીમાર્ગના છ રસ્તાવાળા પ્રકલ્પ અને બક્સરમાં ગંગા નદી પરના પુલનો શિલાન્યાસ કર્યો હતો. મોદી ખુલ્લા વાહનમાં બેસીને આ કાર્યક્રમના સ્થળે ગયા હતા. (એજન્સી) ■

# પાકિસ્તાન સમર્થિત આતંકવાદનો સામનો કરવા માટે ભારત દરેક પદ્ધતિનો ઉપયોગ કરશે: રાજનાથ

નવી દિલ્હી : ગોવામાં વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંત પર નૌકાદળના યોદ્ધાઓ સાથેની વાતચીતમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઇસ્લામાબાદને કડક ચેતવણી આપતા કહ્યું કે ભારત આતંકવાદનો સામનો કરવા માટે એવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં અચકાશે નહીં જેના વિશે પાકિસ્તાન વિચારી પણ ન શકે.

પાકિસ્તાને સ્પષ્ટપણે સમજવાની જરૂર છે કે સ્વતંત્રતા પછીથી ભારત સામે રમાતી આતંકવાદની ખતરનાક રમત હવે ખતમ થઈ ગઈ છે, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે જણાવ્યું હતું.

ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી કાર્યવાહી નથી, પરંતુ આતંકવાદ સામે ભારતનો સીધો હુમલો છે, એમ તેમણે કહ્યું હતું.



**આઈએનએસ વિક્રાંત:** ભારતના સૌપ્રથમ સ્વતંત્ર રીતે વિકસાવવામાં આવેલા વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંત પર સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ. (એજન્સી)

''પાકિસ્તાનની ભૂમિ પરથી ખુલ્લેઆમ ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ભારત સરહદ અને સમુદ્રની આ બાજુ અને બીજી બાજુ આતંકવાદીઓ સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે,'' એમ તેમણે કહ્યું.

''આજે, આખું વિશ્વ ભારતના નાગરિકોને આતંકવાદ સામે રક્ષણ આપવાના અધિકારને સ્વીકારી રહ્યું છે. આજે, વિશ્વની કોઈ પણ શક્તિ ભારતને આ કાર્ય કરતા રોકી શકતી નથી,'' એમ તેમણે કહ્યું.

સિંહે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય નૌકાદળની ભૂમિકાની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે ''ભારતીય નૌકાદળે તેની મૌન સેવાથી દરેક ભારતીયને પ્રભાવિત કર્યા છે. મૌન રહીને, જ્યારે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાની ભૂમિ પર આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, ત્યારે અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળની આક્રમક તૈનાતીએ પાકિસ્તાની નૌકાદળને તેના પોતાના કિનારા સુધી મર્યાદિત કરીને પાકિસ્તાની સેનાને બાંધી રાખવામાં સફળ રહ્યું હતું.''

એકંદર કામગીરી પર, તેમણે કહ્યું કે ''આપણો હુમલો એટલો શક્તિશાળી હતો કે પાકિસ્તાને ભારતને રોકવા માટે સમગ્ર વિશ્વને વિનંતી કરવાનું શરૂ કર્યું હતું.''

તેમણે કહ્યું કે થોડા જ સમયમાં, આપણે પાકિસ્તાનના આતંકવાદી ઠેકાણાઓ અને તેના ઇરાદાઓને તોડી પાડ્યા. આપણાં સશસ્ત્ર દળોએ જે ગતિ, ઊંડાણ અને સ્પષ્ટતા સાથે કાર્યવાહી કરી તે નોંધપાત્ર હતી.

તેમણે ઉમેર્યું કે, ઓપરેશન સિંદૂરથી માત્ર આતંકવાદીઓને જ નહીં, પરંતુ તેમને પોષનારા તેમના આશ્રય દાતાઓને પણ સ્પષ્ટ સંદેશ મળ્યો.

રક્ષા મંત્રીએ કહ્યું કે, આપણી પોતાની શરતો પર, આપણે આપણી લશ્કરી કાર્યવાહી અટકાવી છે. ■

# અમરનાથ યાત્રા

# કેન્દ્ર સરકાર, જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્ર યાત્રાળુઓને જરૂરી સુવિધા પૂરી પાડવામાં કચાશ બાકી નહીં રાખે: અમિત શાહ

જમ્મુ: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર અને જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્ર વાર્ષિક અમરનાથ યાત્રાના યાત્રાળુઓને તમામ જરૂરી સુવિધા પૂરી પાડવામાં કોઈ કચાશ બાકી નહીં રાખે.

શ્રી અમરનાથ શ્રાઈન બૉર્ડ (એસએએસબી) દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ દક્ષિણ કાશ્મીરમાં ૩,૮૮૦ મીટરની ઊંચાઈએ આવેલી પવિત્ર અમરનાથ ગુફાના દર્શન માટેની ૩૮ દિવસની અમરનાથ યાત્રા ત્રણ જુલાઈએ શરૂ થઈ નવ ઑગસ્ટે પૂરી થશે. યાત્રા સુરક્ષિત અને સરળતાપૂર્વક પાર પડે તે માટે ચાંપતી નજર રાખવાની સૂચના અધિકારીઓને આપી દેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

અમરનાથ યાત્રાની વ્યવસ્થા અને સુરક્ષાની સમીક્ષા કરવા ગુરુવારે રાત્રે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકનું અધ્યક્ષપદ અમિત શાહે સંભાળ્યું હતું.

બેઠક દરમિયાન શાહે જમ્મુ-કાશ્મીરની એકંદરે સુરક્ષાની પરિસ્થિતિની પણ સમીક્ષા કરી હતી.

અધિકારીઓના જણાવ્યાનુસાર કડક સુરક્ષાવ્યવસ્થા વચ્ચે શાહ ગુરુવારે સાંજે જમ્મુ-કાશ્મીર આવી પહોંચ્યા હતા.

ઑપરેશન સિંદૂર બાદ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરની લીધેલી પહેલી મુલાકાત દરમિયાન શાહ પૂંચ જિલ્લાના અસરગ્રસ્તોને પણ મળ્યા હતા. જમ્મુ-કાશ્મીરની બે દિવસની મુલાકાત દરમિયાન શુક્રવારે શાહે ધાર્મિકસ્થળોની મુલાકાત લીધી હતી અને જિલ્લામાં તોપમારાનો ભોગ બનેલા બીએસએફના અધિકારીઓ સહિત અસરગ્રસ્ત લોકોને મળ્યા હતા. સાતમીથી દસમી મે દરમિયાન પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા તોપમારા અને ડ્રોન હુમલામાં માર્યા ગયેલા કુલ લોકોમાં સર્વાધિક ૧૪ નાગરિકોનો સમાવેશ થતો હતો.

૪૮ કિ.મી. લાંબા પરંપરાગત દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામ માર્ગે તેમ જ ૧૪ કિ.મી. લાંબા મધ્ય કાશ્મીરના ગંડરબાલ જિલ્લાના બાલતાલ માર્ગે એમ અલગ અલગ બે રૂટથી અમરનાથ યાત્રા કરી શકાય છે. (એજન્સી) ■

# જમ્મુ-કાશ્મીરના 'આપ' પ્રમુખ વિરુદ્ધ એફઆઈઆર દાખલ, મહિલા ડોક્ટરને ધમકાવવાનો આરોપ

જમ્મુ : આમ આદમી પાર્ટી (આપ) જમ્મુ અને કાશ્મીરના પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય મેહરાજ મલિક વિરુદ્ધ જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં એક મહિલા ડોકટરની કથિત માનહાનિ, ગુનાહિત ધાકધમકી અને અપમાનના કરવાના આરોપમાં પોલીસે એફઆઇઆર નોંધી હતી. મેડિકલ કોલેજના એક એસોસિયેટ પ્રોફેસરની ફરિયાદ પર આ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જેણે આરોપ લગાવ્યો હતો કે ધારાસભ્યએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ જાહેરમાં ધમકી આપવા અને તેમની વિરુદ્ધ અપમાનજનક, લૈંગિક અને અભદ્ર ટિપ્પણીઓ કરવા માટે કર્યો હતો.

ડોક્ટરે ડોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં ધારાસભ્ય પર ગુનાહિત ધાકધમકી, ગેરવર્તણૂક અને હોસ્પિટલની સુરક્ષાને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો હતો. પોતાની ફરિયાદમાં તેણીએ કહ્યું હતું કે, ''ગંભીર રીતે પરેશાન કરનારી ઘટનાઓની એક શ્રેણીમાં મલિકે સાર્વજનિક રીતે ધમકીઓ આપવા અને મારા વિરુદ્ધ અપમાનજનક, લૈંગિક અને અશોભનીય ટિપ્પણી કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો.

'ઢસડીને લઇ જઇશ' અને 'તને નગ્ન કરી દઇશ' જેવા શબ્દોનો ખુલ્લેઆમ અને દુર્ભાવનાપૂર્ણ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે.'' તેમણે કહ્યું હતું કે ''આ ફક્ત શબ્દો નથી. સરકારી હૉસ્પિટલમાં સેવા આપતી મહિલા ડોક્ટરના રૂપમાં મારા ગૌરવ, સલામતી અને વ્યાવસાયિક અખંડિતતા માટે સીધા ખતરા છે. આ શબ્દો સ્પષ્ટપણે એક મહિલા જાહેર સેવકની ગરિમાનું અપમાન કરે છે, તે પણ સોશિયલ મીડિયા પર.''

ફરિયાદીએ પોલીસને તેના આરોપની નોંધ લેવા વિનંતી કરી કે આરોપીએ તેના સોશિયલ મીડિયા લાઇવ વીડિયોમાં ફરિયાદી સામે વારંવાર અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. મહિલા ડોક્ટરે કહ્યું હતું કે તેનાથી પણ વધુ પીડાદાયક બાબત તો તેમનો એ ટોણો છે - 'આ હોસ્પિટલ તારા પિતાની નથી' આ વાક્ય માત્ર ઘમંડ જ નહીં પરંતુ અત્યંત અસંવેદનશીલતા પણ દર્શાવે છે, કારણ કે મારા પિતાનું ૧૨ વર્ષ પહેલાં અવસાન થયું હતું. મલિક અગાઉ અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ વિવાદમાં રહી ચૂક્યા છે. ■

# નાઈજીરિયામાં પૂર: ૧૧૧નાં મોત

અબુજા(નાઈજીરિયા): ભારે વરસાદને કારણે નાઈજીરિયાના નાઈજર રાજ્યના માર્કેટ નગર લેખાતા મોકાવામાં ગુરુવારે આવેલા પૂરમાં ઓછામાં ઓછા ૧૧૧ જણનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. શુક્રવારે પણ બચાવ અને રાહત કામગીરી ચાલુ રાખવામાં આવી હતી, પરંતુ હજુ પણ અનેક લોકોનાં જીવ જોખમમાં હોવાનું નાઈજર રાજ્યની રાજધાની મિન્નાના હૅડ ઑફ ધ ઑપરેશન્સ ઑફિસ હુસૈની ઈશાહએ કહ્યું હતું. અત્યાર સુધીમાં ૧૧૧ મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. પાડોશી નગરમાં બંધ તૂટી પડતાં પરિસ્થિતિ વધુ વણસી હોવાનું તેમણે કહ્યું હતું. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં નાઈજીરિયાના મઈદુગુરીમાં ડેમ તૂટી પડવાને કારણે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિમાં ૩૦ જણનાં મોત થયાં હતાં. (એજન્સી) ■

# ભારતીય મૂળના છોકરાએ અમેરિકામાં 'સ્પેલિંગ બી' જીતી

ઓક્સન હિલ (અમેરિકા): અમેરિકામાં રહેતા ભારતના હૈદરાબાદના પરિવારના ૧૩ વર્ષીય દીકરા ફૈઝાન ઝાકીએ અહીં યોજાયેલી 'સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી' સ્પર્ધા જીતી હતી.

ટેક્સાસના એલનનો રહેવાસી ફૈઝાન ઝાકી ગયા વર્ષે 'લાઇટનિંગ-રાઉન્ડ ટાઇબ્રેકર'માં હારી ગયા હતો, પરંતુ આ વખતે ગુરુવારે રાતે યોજાયેલી અંગ્રેજી સ્પેલિંગ માટેની સ્પર્ધા અન્ય આઠ હરીફને હરાવીને જીતી ગયો હતો.

ફૈઝાન ઝાકીને અંતિમ શબ્દ 'eclaircissement'નો સ્પેલિંગ બોલવા કહેવાયું હતું. તેણે આ સ્પેલિંગ સાચો બોલતા પહેલાં એક પણ સવાલ નહોતો કર્યો.

સ્પર્ધાના બે રાઉન્ડ પહેલાં સર્વજ્ઞ કદમ અને સર્વ ધારવણેએ પોતાના શબ્દોના સ્પેલિંગ ખોટા બોલતા ફૈઝાન ઝાકીના વિજય માટેનો માર્ગ મોકળો થયો હતો. મૂળ ભારતીય અમેરિકી નાગરિક છોકરા કે છોકરી સતત ચોથા વર્ષે અંગ્રેજી સ્પેલિંગની આ સ્પર્ધા જીત્યાં છે. આ સ્પર્ધા ૧૯૨૫માં શરૂ કરાઇ હતી છેલ્લી ૩૬ સ્પર્ધામાંથી ૩૦ તો ભારતીય મૂળના ભારતીય છોકરા કે છોકરીઓએ જ જીતી છે. ૧૯૯૯માં નૂપુર લાલાએ આ સ્પર્ધા જીતી હતી અને તે પછી આ સ્પર્ધામાં ભારતીયોનું વર્ચસ્વ રહ્યું છે. પાંચમા ધોરણમાં ભણતો જ્યોર્જિયાનો ૧૧ વર્ષનો સર્વ ધારવણે જો આ સ્પર્ધા જીતી જાત તો તે ૨૦૧૬માં આ સ્પર્ધા જીતનારા નિહાર જાંગા પછીનો સૌથી નાની વયનો સ્પર્ધક બનત, પણ આ વખતે તે ત્રીજા ક્રમે આવ્યો હતો. (એજન્સી) ■




**વિજેતા:** ઑક્સન હિલ ખાતે ૨૯ મેએ યોજાયેલી 'સ્ક્રિપ્સ નેશનલ સ્પેલિંગ બી' સ્પર્ધામાં વિજેતા બન્યા બાદ પ્રતિક્રિયા આપી રહેલો ડલાસનો ૧૩ વર્ષનો ફૈઝલ ઝાકી. (એજન્સી)

# પંજાબમાં ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ: પાંચ શ્રમિકનાં મોત, અનેક ઈજાગ્રસ્ત

ચંડીગઢ : પંજાબના શ્રી મુક્તસર સાહિબ જિલ્લાના લામ્બી ગામ નજીક એક ફટાકડાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. આ ઘટના દરમિયાન ફેક્ટરીમાં કામ કરતા પાંચ કામદારોનાં મોત થયાં હતાં. જ્યારે લગભગ ૩૦ શ્રમિકો ઇજાગ્રસ્ત થયા હતા. લામ્બીના નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) જસપાલ સિંહે જણાવ્યું હતું કે શ્રી મુક્તસર સાહિબ જિલ્લાના સિંહવાલી-કોટલી રોડ પર સ્થિત બે માળની ફેક્ટરીમાં આ વિસ્ફોટ થયો હતો. તેમણે કહ્યું કે વિસ્ફોટ પાછળના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસે કહ્યું હતું કે આ દુર્ઘટના મોડી રાત્રે લગભગ એક વાગ્યાની આસપાસ થઇ હતી. લામ્બીના નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) જસપાલ સિંહે ફોન પર જણાવ્યું હતું કે સિંહવલી-કોટલી રોડ પર સ્થિત બે માળની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. આ ફેક્ટરીમાં ફટાકડાનું ઉત્પાદન કરવામાં આવતું હતું જ્યાં પ્રવાસી મજૂરો કામ કરતા હતા. ડીએસપીએ જણાવ્યું હતું કે અકસ્માત બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ ઘાયલોને એઇમ્સ ભટિંડા સહિત વિવિધ હૉસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. મોટાભાગના ઘાયલો ખતરાથી બહાર છે. ફેક્ટરીમાં વિસ્ફોટના કારણની તપાસ કરવામાં આવી રહી છે. શ્રી મુક્તસર સાહિબના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) ડો. અખિલ ચૌધરીએ જણાવ્યું હતું કે વિસ્ફોટ ફેક્ટરીના બાંધકામ બ્લોકના એક રૂમમાં થયો હતો. જોરદાર વિસ્ફોટને કારણે ઘરની છત પડી ગઈ હતી. વિસ્ફોટ પછી છત પડી જવાથી ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે આ વિસ્ફોટ ફટાકડા ઉત્પાદન એકમમાં વપરાતી સામગ્રીને કારણે થયો હતો. જોકે, આ પાછળનું સાચું કારણ શું છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ■



**વિસ્ફોટ:** પંજાબના મુક્તસર સાહિબ જિલ્લાસ્થિત એક ગામમાં ફટાકડાનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાં થયેલા ધડાકા બાદ ઘટનાસ્થળે તપાસ કરી રહેલા પોલીસ અધિકારીઓ. આ ઘટનામાં ઓછામાં ઓછા પાંચ સ્થળાંતરી શ્રમિકનાં મોત થયાં હોવાં ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

# સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થઇ, ત્રણ ન્યાયમૂર્તિએ લીધા શપથ

નવી દિલ્હી: ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ શુક્રવારે જસ્ટિસ એનવી અંજારિયા, જસ્ટિસ વિજય બિશ્નોઈ અને જસ્ટિસ એએસ ચંદુરકરને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકેના શપથ લેવડાવ્યા હતા. સુપ્રીમ કોર્ટ પરિસરમાં આયોજિત એક સમારોહમાં ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ ન્યાયાધીશોને શપથ ગ્રહણ કરાવ્યા હતા. ન્યાયાધીશોના શપથ ગ્રહણ સાથે સુપ્રીમ કોર્ટમાં સીજેઆઈ સહિત ન્યાયાધીશોની સંખ્યા વધીને ૩૪ થઈ ગઈ હતી.

આ અગાઉ સુપ્રીમ કોર્ટ કોલેજિયમે સોમવારે કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અંજારિયા, ગુવાહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બિશ્નોઈ અને બોમ્બે હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ચંદુરકરને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી. કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે ૧૦મી તારીખે તેમની નિમણૂકની જાહેરાત કરી હતી. ભૂતપૂર્વ સીજેઆઈ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ અભય એસ. ઓકા અને હૃષિકેશ રોયની નિવૃત્તિ પછી સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની ત્રણ હાલની ખાલી જગ્યાઓ માટે તેમના નામની ભલામણ કરવામાં આવી હતી.

૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ જસ્ટિસ અંજારિયાએ કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા હતા. આ પહેલા તેમને ૨૧ નવેમ્બર, ૨૦૧૧ના રોજ ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે બઢતી આપવામાં આવી હતી. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કાયમી જજ તરીકે તેમના નામની મંજૂરી મળી હતી. ૨૩ માર્ચ, ૧૯૬૫ના રોજ અમદાવાદમાં જન્મેલા જસ્ટિસ અંજારિયાએ ૧૯૮૯માં યુનિવર્સિટી સ્કૂલ ઓફ લો, અમદાવાદમાંથી કાયદામાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. તેમણે ઓગસ્ટ ૧૯૮૮થી ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેમણે તમામ શ્રેણીઓના બંધારણીય મુદ્દાઓ અને સિવિલ કેસ, શ્રમ અને સેવા બાબતોનું સંચાલન કર્યું હતું.જસ્ટિસ બિશ્નોઈએ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ગુવાહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા હતા. આઠ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ તેમને રાજસ્થાન હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સાત જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ તેમણે હાઈકોર્ટના કાયમી જજ તરીકે શપથ લીધા હતા. ■

# સિક્કિમમાં પ્રવાસી વાહન તીસ્તા નદીમાં ખાબકતાં એકનું મોત, આઠ ગુમ



**બચાવ કામગીરી:** સિક્કિમના માન્ગન જિલ્લામાં શુક્રવારે એક પ્રવાસી વાહન તિસ્તા નદીમાં ખાબક્યા બાદ ચાલી રહેલી બચાવ કામગીરી. (એજન્સી)

ગંગટોક: ઉત્તર સિક્કિમના મંગન જિલ્લામાં ૧૧ પ્રવાસીને લઈ જતું વાહન તીસ્તા નદીમાં ખાબકતાં એક વ્યક્તિનું મોત, બે ઘાયલ અને આઠ અન્ય ગુમ થયા હોવાનું પોલીસે શુક્રવારે જણાવ્યું હતું.પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે ગુરુવારે રાત્રે વાહન લાચેનથી લાચુંગ તરફ જઈ રહ્યું હતું ત્યારે આ અકસ્માત થયો હતો. તે પર્વતીય માર્ગ પર એક અનિશ્ચિત વળાંક પર લગભગ ૧,૦૦૦ ફૂટ નીચેની તીસ્તા નદીમાં ખાબક્યું હતું, જે એક જાણીતો અકસ્માત-સંભવિત ક્ષેત્ર છે. મંગનના પોલીસ અધિક્ષક સોનમ દેચુ ભૂટિયાએ જણાવ્યું હતું કે આઠ પ્રવાસી હજુ પણ ગુમ છે. ઘાયલોને સારવાર માટે ગંગટોકની હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે હાલમાં, પ્રવાસીઓ ક્યા વિસ્તારના હતા તેની પુષ્ટિ થઈ નથી. માહિતી મળતાં, ભારતીય સેના, ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ, સિક્કિમ પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્ર સહિતની રેપિડ એક્શન ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પડકારજનક ભૂપ્રદેશ અને હવામાન પરિસ્થિતિઓમાં મોડી રાત સુધી બચાવ કામગીરી શરૂ કરી હતી. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિ:શુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૫૦)

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**

49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

■ **26 - B. TECH IT 5'.8" બેંગ્લુરુમાં સોફ્ટવેર એન્જિનિયર 55,00,000/- + (ANNUAL) મુંબઈ પરિવાર માટે શિક્ષિત કાર્યરત ગુજરાતી છોકરી - 9224449011. (દહેજ નહીં) (બી-૧૬૦૦૫)**

■ મુંબઈની MD ડૉક્ટર કન્યા-1996 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૦૩૬)

■ મુંબઈનાં MBBS, MS, MCH યુવક- 1988 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૦૩૭)

■ બેંગ્લોરની કંપનીમાં જોબ વૈષ્ણવ કન્યા- 1997 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૬૦૩૮)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujatari, Candidates. "Neela Sheth"- 9833676409/ 7045657510. (No Dowry) (15972-C)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ - લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૬૩૯)

**કપડા સૂકવવાના સ્ટેન્ડ**

ઓછી જગ્યામાં વધારે કપડાં સૂકવી શકાય તેવા પોર્ટેબલ, ફોલ્ડીંગ, વોલ માઉન્ટીંગ, સીલીંગ, ફ્લોર સ્ટેન્ડીંગ, પાવડર કોટેડ, સ્ટે.સ્ટીલ, પ્લાસ્ટિક, ઈમ્પોર્ટેડ તથા ઈન્ડીયનમાં ઘણીબધી વેરાયટીઝ. ગેરન્ટી/વોરંટી સાથે હોલસેલ ભાવે છૂટક વેચાણ. લેડીઝ, જેન્ટસ અમ્બ્રેલા (છત્રીઓ), બકેટમોપ, મેટસ્, અમ્બ્રેલા બીનસ્ તદ્ઉપરાંત કીચનને લગતી દરરોજ ઉપયોગમાં આવે તેવી ઘરવખરીની ૩૫૦૦૦/ થી વધારે બ્રાન્ડેડ ક્વોલીટી પ્રોડક્ટસ્. નજદીક તથા લાંબે રહેનાર દરેક ભાઈ બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. આવશ્યકતા હશે તો મુંબઈમાં કોઈપણ એરીયામાં ફ્રી હોમ ડિલીવરી થઈ જશે. ત્રણેય શોરૂમ ૩૬૫ દીવસ ખુલ્લા સમય સવારના ૧૦ થી સાંજે ૯ સુધી. સારી વસ્તુઓના વેચાણ કેન્દ્રો: (૧) મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે.રોડ, સાંતાક્રુઝ (વે.) મું. ૫૪ મો. ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ૭૫૦૬૭૫૨૩૭૫ (૨) મહાવીર હોમ સ્ટોર, કુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે ચેમ્બુર, મુંબઈ ૭૧. મો. અશ્વિનભાઈ- ૮૮૫૦૫૫૫૦૨૬ (૩) મહાવીર હોમ સ્ટોર, અગાશી રોડ, વિઠ્ઠલમંદીરની સામે વિરાર (વે.) વિશાલ ૯૩૨૧૦૬૬૪૮૩. (એસડીબી-૨૬૪૫)

**સાવધાન**

કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન. જામનગરના જાણીતા સુતરીયા મસાલાવાળા. સુપરમાર્કેટમાં આવેલ દુકાન સિવાય અમારી મુંબઈ મુકામે કોઈ દુકાન કે બ્રાંચ નથી. માટે કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન રહેજો. જામનગર સંપર્ક કરો 9825299844. (બી-૧૬૦૨૮)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

■ શ્રીનાથજીના 12 ચરણ, ચોકીના દર્શન, મથુરા, વૃન્દાવન, જતીપુરા. ચિરાગ- 9833009445. (૧૫૩૪૯-બી)

**નિ:શુલ્ક મહાબળેશ્વર**

નિ:શુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે ભારે માંગને કારણે હવેથી દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૯૯)

**નિ:શુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૪૯)

**શ્રીગણેશ યાત્રા**

અયોધ્યા, પ્રયાગ, કાશી, વિશ્વનાથ સાથે નેપાળ, પશુપતિનાથ. 28 જૂન, ડીલક્સ હોટેલ અષ્ટવિનાયક 20 જૂન. 9820164007, 9892268667. (૧૫૯૬૨-એ)

■ વ્યક્તિગત પ્રવાસ Bfast Dinner સાઈટસીઈંગ ખાનગી કાર પ્રતિ યુગલથી શરૂ થાય છે કેરળ 40000, હિમાચલ 45000, આંદામાન 48000, ઉત્તરાંચલ 52000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000 એરફેર વિઝા વધારાના Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ અરહામ હોલિડે 9769977466/ 9892534488/9326373672. (બી-૧૬૦૩૫)

## ૧૪. નોકરી ખાલી છે

**''મેનેજર જોઈએ''**

**''લાયન્સ કલબ ઓફ ઘાટકોપર ચેરિટી ફંડ તેમના સંચાલિત લાયન્સ કમ્યુનિટી હોલ માટે. યોગ્ય ઉમેદવાર પાસે આપેલ ગુણધર્મો હોવા જોઈએ (કમ્પ્યુટર જ્ઞાન, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં પ્રવીણતા, ઘાટકોપર નજીક નિવાસ, વય: આશરે 50 વર્ષ)''. ''સંપર્ક: ચેતનભાઈ'' - 9821025036. (૧૫૯૬૨-ઈ)**

■ જોઈએ છે-ફિમેલ સ્ટાફ વેબસાઈટ ડેવલોપર, ગ્રાફિક્સ ડિઝાઈનર, અંધેરી 9930609108. (૧૫૩૫૪/એફ)

**WANTED FEMALE**

Compounder for Clinic at Kandivali (West) knowing English and Staying Nearby Clinic - 9821937053. (15954-E)

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16029)

**BORIVALI (WEST)**

**Bhatia Hall Requires experienced ADMIN EXECUTIVE for routine Office Operation, Correspondence, email, MS Office, Tally, Document Filing, Coordination work with management, Graduate, Good Salary Email: office@bhatiaboardingmumbai.org Contact: 9821035107/ 7738116496. (15966-A)**

REQUIRED CA/ CA PASS Freshers for Office Management Part/Full time. Churchgate, Whatsup: 7021831500. (B-16030)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લા ઈસ્ટ**

**અતિશય સુંદર હવાઉજાસવાળો 1125 SQ FEET 3 બેડરૂમ હોલ કીચન ચાર બાલકની 2 પાર્કીંગ બધી જ સગવડતાવાળો ફ્લેટ 3.75માં આપવાનો છે. જયેશભાઈ 9076328422. (૨૬૮)**

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 બેડરૂમ તેમજ 4 બેડરૂમ એમીનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન OC સાથે. રીઝનેબલ ભાવમાં - 8356990950. (જેપી/૪૯૯૩-એફ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

ઈર્લા - KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3 બેડરૂમ 890' તેમજ જોડી ફ્લેટ હાયરફ્લોર બુકિંગમાં, પઝેશન 1 વર્ષ - 9819117722. (જેપી/૪૯૯૩-ડી)

**દહિસર (ઈસ્ટ)**

**માનવ કલ્યાણ પાસે જૈન દેરાસરની બાજુમાં 1 બેડરૂમ અર્જન્ટ લેવા ''પંડ્યા એસ્ટેટ''- 9004921209/ 9820621209. (૧૫૯૪૨-એ)**

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ગ્રીનકોર્ટ- (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ- જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433/ 9821069632. (૧૫૯૩૭-સી)

## ૧૭. જગ્યા આપવી છે

**પ્રભાદેવી**

ફ્લેટો, ઓફિસ, દુકાન, ગોડાઉન, લેવા-વેચવા, ભાડાથી- જીતુભાઈ 9869322453. (૧૫૯૩૭-એ)

**દહિસર (ઈસ્ટ)**

**ચાંડક (નિશ્ચય) 2 બેડરૂમનો ફ્લેટ રેડી પઝેશનથી લેંવા ''પંડ્યા એસ્ટેટ'' - 9004921209/ 9820621209. (૧૫૯૪૨-સી)**

**બોરીવલી (વેસ્ટ)**

પ્રબોધન ઠાકરે હોલ પાસે, 2/3 BHK, રેડી, OC સાથે, વાસ્તુ ડોર, ગુજરાતી લોકાલિટી, 2 કાર પાર્કિંગ, દેરાસર/ સ્ટેશન નજીક, અનટચ ફ્લેટ એમેનીટીઝ સાથે વેચાણથી. 9821472329/ 9833562999. (૧૫૯૩૫-એ)

**મલાડ વેસ્ટ**

સ્ટેશનથી 5 મિનિટ દૂર ભાડા પર શુભ પ્રસંગ માટે 2 Bed (દિવસ દીઠ 5,000/-) અને 3 Bed (દિવસ દીઠ 7,500/-) ઉપલબ્ધ (AC) 7021469923. (બી-૧૬૦૧૧)

**વિલે-પારલા (ઈસ્ટ)**

સ્ટેશન અને માર્કેટથી નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફુલી ફર્નિસ્ટ 3 બેડરૂમ હોલ કિચન (૧૨૦૦' કારપેટ) 1 પાર્કિંગ સાથે 4,75,00,000/- નેગોશીએબલથી તુરંત વેચવાનો છે. 9820550033, 9833692629. (૧૫૯૩૮-એ)

**પ્રિન્સેસ સ્ટ્રીટ**

1 બેડરૂમ 483 રેરા કાર્પેટ/ 2 બેડરૂમ 666/ 696/ 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબ્જો. સંપર્ક- 9821030822. (૧૫૯૩૨-સી)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૫૮૮૧)

**લોનાવાલા**

**3 બેડરૂમ, હોલ, કિચન બંગલો, ફુલ્લી ફર્નિશ્ડ, રેડી-ટુ-યુઝ, વેલ મેન્ટેન્ડ સોસાયટીમાં, વેચાણથી.:- 9821084539. - 9821182461. (બી-૧૬૦૧૯)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દેરાસર લેન, 4 બેડરૂમ, હોલ, કિચન, 1700' કારપેટ, હાયર ફલોર, 2 કાર પાર્કિંગ, ફાઈનલ 6.11 CR બધા ચાર્જીસ સાથે. 9821147578, 9987254333. (૧૫૯૨૭/એ)

**પાર્લા (વેસ્ટ)**

**દાદાભાઈ રોડ, અલ્ટ્રામોર્ડન એમિનિટીઝવાળા બંધાતા ટાવરમાં 2/3/ 5 બેડરૂમના ફ્લેટો, MAY 31 પહેલા બુકિંગમાં મોટું ડિસ્કાઉન્ટ રાખેલ છે. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૬૦૩)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/દેરાસર નજીક રેડીમાં એમેનિટીઝવાળા ટાવરમાં 4 બેડરૂમ (5 બાથરૂમ) 1567' રેરાકાર્પેટના હાયરફ્લોરના ફ્લેટો 31,500/-થી ઓલ ઈન્કલુઝીવ ભાવે (2 પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૪)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

3-4 બેડ, અંડર કંન્સ્ટ્રકશન, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક, જીમ, સ્વીમીંગ પુલ, બેંકવેટ હોલ, અન્ય ઘણી એમેનીટીઝ. CALL: JIGAR-9820511575. (૧૫૮૭૭-એચ)

**અંધેરી (વેસ્ટ)**

2-3-4 બેડ અંડર કન્સ્ટ્રકશન, SV રોડ, SHOPPER STOPની સામે, સ્ટેશન, દેરાસર નજીક, બધીજ એમેનીટીઝ-જીમ, સ્વીમીંગ પુલ, સલોન અને સ્પા, બેંકવેટ હોલ, મલ્ટી પર્પસ કોર્ટ. CALL: JIGAR- 9820511575. (૧૫૮૭૭-એફ)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૯૮૪)

**જુહુસ્કીમ**

3-4 બેડ, 1200-1500-1700-3300- 3500 કાર્પેટ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રકશન, બધીજ એમેનીટીઝ સાથે. CALL: JIGAR- 9820511575. (૧૫૮૭૭-જી)

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**

સ્ટેશન / દેરાસર / ઉપાશ્રય નજીક - ૧ બેડરૂમનો વેલડનઅપ ફ્લેટ એરિયા ૫૬૫', જૂનું બિલ્ડીંગ, તુરંત વેચવાનો છે. ''અંબિકા એસ્ટેટ એજન્સી'' ૯૮૨૧૯૮૧૭૪૪. (બી-૧૬૦૨૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**ઓડીયન પાસે, પ્રી.લીશ ૧ બેડરૂમ, હોલ, કિચન, ફુલ્લી ફર્નીશ્ડ (ભાડુ- 46000/= મહિને, ડીપોઝીટ-૨ લાખ) વેચાણથી. 9321690977. (૧૫૯૫૯-એ)**

**પાર્લા (વેસ્ટ)**

ત્રણ બેડરૂમ ફ્લેટ વેચાણથી. તથા એક - બે બેડરૂમ ભાડેથી મળશે. પવઈ નજીક રીઝર્વેશન પ્લોટ વેચાણથી. એ સંપર્ક : ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૯૫૮-એ)

**પાર્લા (ઈસ્ટ વેસ્ટ)**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૯૫૭-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**

**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૫૯૫૭-સી)**

**''બોરીવલી (વેસ્ટ)''**

''કસ્તુર પાર્કમાં 2 બેડરૂમના ફ્લેટ્સ વેચાણથી/ ભાડેથી. (દલાલભાઈ આવકાર્ય)'' :- 9820540805. (૧૫૯૨૨/સી)

**બંગલો વેચવાનો**

અંધેરી (વેસ્ટ) લોખંડવાલા કોમ્પ્લેક્ષ ૪ બેડરૂમ હોલ કીચન એરિયા આશરે ૩૦૦૦' તુરંત વેચવાનો છે. ફક્ત ખરેખર ખરીદનાર સંપર્ક :- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૫૯૭૭)




(B-16015)

**KDI GROUP**

**OC સાથે ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ ખાતે ''*બેલા વિસ્ટા* '' 17 માળનો ટાવર ખરેખર * આલીશાન અને પ્રીમિયમ * 2 BHK, ઉત્તમ આયોજન, જૈન મંદિર પાસે, પોડિયમ પાર્કિંગ, જિમ, બધી જ સુવિધાઓ, રૂફટોપ ગાર્ડન, સાઈટ વિઝિટ માટે કૉલ કરો ''મનોજ'' - 9967296550 (દલાલ આવકાર્ય) મહા રેરા નંબર P51800031740. (બી-૧૫૯૯૦)**

**કાંદિવલી (વેસ્ટ)**

**0% સ્ટેમ્પડ્યુટી, ફુલ CC સાથે, આલોક @ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ +, 2 બેડરૂમ 1.60 કરોડ +, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી/૪૯૯૩-એ)**

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૯૭૮)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK 715' Sq. Ft., ડૉ. આંબેડકર રોડ અને RHB રોડ પર, પાર્કિંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડિંગ. સંપર્ક: 9930333456. (એસડીબી-૨૬૦૬)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' ફૂટ 31,500/- ના ભાવે (ઓલ ઈન્કલુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૫)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ દેરાસર નજીક રેડી ટાવરમાં 1 બેડરૂમ 456' રેરા કાર્પેટના 18મે માળના ફ્લેટો 1,51,00,000/- (બધા ખર્ચાઓ + પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૬)**

**કાંદિવલી (વેસ્ટ)**

એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૩-જી)

**બોરીવલી વેસ્ટ**

**એલ. ટી. રોડ, નવા ટાવરમાં, પ્રિમીયમ અનટચ ફ્લેટ, 3 બીએચકે, ૧૪૦૫' કારપેટ, હાયર ફ્લોર, ગાર્ડન ફેસિંગ, રેડી પઝેશન, ૨ પાર્કિંગ, OC સાથે લેવા. ભાનુ પ્રોપર્ટીઝ - 9930219031, 9967346036. (૧૫૯૬૩-એ)**

**આપણું ઘાટકોપર**

**૬૦' રોડ/ વલ્લભબાગ લેન, ૨/૩/૪ બેડરૂમ, નવું બિલ્ડિંગ, રેડી પઝેશન/ રીસેલ ફ્લેટો લેવા. માર્સ પ્રોપર્ટીઝ - 7208215105. (૧૫૯૬૩-બી)**

**વિલેપાર્લે ઈસ્ટ**

પ્રાઈમ લોકેશન ઉપર વેચવાના છે. ૧ બેડરૂમના ૩૦ ફ્લેટ્સ ૧.૨૫ કરોડથી ૧.૮૦ કરોડ, ૨ બેડરૂમના ૫૦ ફ્લેટ્સ ૧.૮૦ કરોડથી ૩.૨૫ કરોડ, ૩ બેડરૂમના ૪૦ ફ્લેટ્સ ૩.૨૫ કરોડથી ૫.૭૫ કરોડ (અલગ લોકેશન). 0% બ્રોકરેજ. નામદેવ 9322671121. (એસડીબી-૨૬૪૪)

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક, ફ્લેટો/ કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૫૨)

**પેડર રોડ**

ત્રણ બેડરૂમ (૧૭૦૦ કાર્પેટ) (ગેરેજ અને પાર્કિંગ) ૯ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૫૩)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**

જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૬૫૪)

**ગોવાલિયા ટેંક**

કન્વર્ટેડ બે બેડરૂમ (૫૭૫ કાર્પેટ) (ફર્નીશ્ડ) (પાર્કીંગ) ૩૧૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૫૬)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટમાં)**

લીવલાયસંસથી સ્ટેશન સામે, સ્ટુડન્ટો/ ફેમીલી માટે. એક બેડરૂમ: ૧,૦૦,૦૦૦/ ૪૦,૦૦૦ ભાડું. લિફ્ટ. લેવા- રાજેશભાઈ: ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૯૬૪-બી)

**બોરીવલી (વેસ્ટ)**

**યોગીનગર, ૨ બીએચકે વેંચાણથી, ૬૬૦'/૬૬૫' કારપેટ, નવા હાયરાઈઝ ટાવરમાં, રેડી પઝેશન, OC સાથે, હાયર ફ્લોર, ઈસ્ટ-વેસ્ટ ઓપનના ફ્લેટો, રેમ્પ અને સરફેસ પાર્કિંગ, બધી મોર્ડન એમેનીટીસ સાથે લેવા ભાનુ પ્રોપર્ટીઝ- 8591160529, 9930219031. (૧૫૯૬૩-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણા નહીં તો ક્યારે નહીં, પ્રાઈમ લોકેશનમાં, 3 બેડરૂમ, હોલ, કિચન- 1010' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 1300' યુઝેબલ. 3.35 CR, 3 બેડરૂમ, હોલ, કિચન 930' કારપેટ+ 300' કારપેટ ટેરેસ, 3.45 CR. બધા ચાર્જીસ સાથે, 2 બેડરૂમ, હોલ, કિચન-810' કારપેટ-2.60CR, 1 બેડરૂમ, હોલ, કિચન-450' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, 1.35 CR, પાર્કિંગ મળશે. HOMEALONE PROPERTY-જુગ્નું શાહ-9833352224. (૧૫૯૬૯-એ)**

**અંધેરી (ઈસ્ટ)**

**2 BHK સ્ટેશન નજીક વેચાતા 1.75 CR. અને ભાડાથી 55000માં લેવા સારી તક 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૬૫૭)**

**કાંદિવલી (વેસ્ટ), મહાવીર નગર**

**મેટ્રો સ્ટેશન, જૈન દેરાસર, હવેલી નજીક, 2 બેડરૂમ, 650' કાર્પેટ, વેલ ફર્નિશ્ડ પ્રાઈમ લોકેશનમાં વેચવાનો (2.25 CR.) (ઓનર): 9323009875/ 9920400771. (૧૫૯૬૫-એ)**

**પ્રાર્થનાસમાજ**

ભાવેશ્વર પાસે ફર્નિશ્ડ ૨ બેડરૂમ 950' રોડ સાઈડ લિવલાયસંસથી, રેડી કબજો. 9820034317. (૧૫૯૬૮-એ)

**વાલકેશ્વર**

દેરાસર પાસે ૨ બેડરૂમ ફર્નિશ્ડ ફ્લેટ, 900'+ પાર્કિંગ, લિવલાયસંસથી, રેડી કબજો. 9820034317. (૧૫૯૬૮-બી)

**''બોરીવલી (વેસ્ટ)''**

''કસ્તુર પાર્ક, સિમ્પોલીમાં નવા બિલ્ડીંગમાં UNTOUCHED 2 બેડરૂમ- 645' કાર્પેટ ફ્લેટ, કાર પાર્કિંગ સાથે (1.85 CR, ALL INCLUSIVE) વેચવાનો.' ''પઝેશન: JUNE END.'' ''સંપર્ક: સુગ્નેશ શેઠ''- 9819773728. (૧૫૯૬૭-એ)

**''અર્જન્ટ''**

''દહિસરમાં ભાડેથી 1 બેડરૂમ- 18,000/ 20,000. વેચાણમાં- 73,00,000/-'' ''હાર્દિકભાઈ'':- 9920680690. (૧૫૯૬૭-ડી)

**''વિરાર (વેસ્ટમાં)''**

''સરસ કોમ્પલેક્ષમાં 2 બેડરૂમનો ફ્લેટ (62 લાખમાં)''. ''એજન્ટ શ્રીકાંત'':- 8007342828. (૧૫૯૬૭-બી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી- પાર્ક રોડ, વીરા ડેવેલોપરનાં બ્રાન્ડ ન્યુ ટાવરમાં, 2 BHK-800' કારપેટ અને 820, 2.5 BHK- જોડી ઓપ્સન, પાર્કીંગ અને OC સાથે, હાયરફલોર ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા 9119512675. (જેપી/૪૯૯૪-જી)

**વિલેપાર્લે (વેસ્ટ)**

સ્પેશિયસ 3 BHK, 1221' કારપેટ, હાયરફલોર, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, વેસ્ટ સાઈડ ઓપન વ્યુ, OC અને પાર્કિંગ સાથે, રામમંદિર રોડ, જૈન દેરાસર અને માર્કેટ નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા 9119512675. (જેપી/૪૯૯૪-એફ)

**કાંદીવલી (વેસ્ટ)**

ભુરાભાઈ હોલ પાસે, 2 બેડરૂમ 751' કાર્પેટ, 2.20 કરોડ તથા 728' કાર્પેટ 2.13 કરોડ package, નવા બિલ્ડીંગમાં અનટચ ફ્લેટો મળશે સંજીવ 9821925693. (જેપી/ ૪૯૯૪-ઈ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

વેચાણથી- 950' કારપેટ OC અને પાર્કિંગ સાથે, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, મોડર્ન એમિનિટીઝ, ભગતસિંગ રોડ, C.N.M.S સ્કૂલ અને સન્યાસ આશ્રમની બાજુમાં, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, રેડી ટુ મુવ, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા 9119512675. (જેપી/૪૯૯૪-ડી)

**કેમ્પ્સકોર્નર**

2 બેડરૂમ - 850' - કાર્પેટ - ગેરેજ - પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૩/સી)

**ગામદેવી**

$2^1/_2$ બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - સી.વ્યું. 4,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૩/સી)

## ૧૭. જગ્યા આપવી છે

**નાનાચોક**

2 બેડરૂમ - 840' - કાર્પેટ - પાર્કીંગ - 5,25,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૩/સી)

**મલબાર હીલ**

3+4 બેડરૂમ - 3500' - કાર્પેટ - 2 ગેરેજ - પાર્કીંગ - સી.વ્યું. ફરનીસ્ટ 30,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૩/બી)

**નેપેન્સી**

4 બેડરૂમ + ટેરેશ. 3600' - 3 પાર્કીંગ. સી.ફેસીંગ - ફરનીસ્ટ 35,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૩/બી)

**નેપેન્સી**

3+3 બેડરૂમની જોડી - 4200' + 1100' - ટેરેશ સી.ફેસીંગ. 6 પાર્કીંગ 42,0000000/ = નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૫૩/બી)

**નાનાચોક**

3 બેડરૂમ - 1750'+SR - 125'- 4 પાર્કીંગ - ફરનીસ્ટ - 12,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૩/એ)

**વાલકેશ્વર**

4 બેડરૂમ - 1850' - કાર્પેટ + ગેરેજ સી.વ્યું. 13,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૩/એ)

**વાલકેશ્વર**

5 બેડરૂમ - 2100' - કાર્પેટ - પાર્કીંગ - સી.ફેસીંગ 17,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૩/એ)

**ગામદેવી**

2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૩/ડી)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૫૩/ડી)

**નાનાચોક**

3 બેડરૂમ - 950' - કાર્પેટ - 2 પાર્કીંગ - 7,75,00000/= ફરનીસ્ટ - શાહ - 9820068382. (૧૫૩૫૩/ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**લીવ લાઈસન્સથી, 2 બી.એચ.કે 45/ 50/ 55/ 60/ 65, 3 બી.એચ.કે 75/ 80/ 85/ 90, પેસ્તમસાગર 2 બી.એચ.કે 60/ 65/ 70, 1 બી.એચ.કે 35/ 40. સંપર્ક- ''ઐચ્છર એસ્ટેટ''- 9821213014/ 8779693873. (૧૫૯૭૧-એ)**

**નાનાચૌક**

રૂમ કિચન 225'-ફુલ હવા ઉજાસ 1,00,00,000/- સ્ટેમ્પડ્યુટી રજિસ્ટ્રેશન સહિત-9867222020. (૧૫૯૭૩-એ)

**લોઅર પરેલ**

વર્લ્ડ ટાવર 4 બેડરૂમ 2700' સીલિંક વ્યુ, 3 પાર્કિંગ 16,00,00,000/- નિતીન: 9867222020. (૧૫૯૭૩-બી)

**સાઉથ મુંબઈ**

**સિક્કા નગર ૧ બેડરૂમ ૪૭૫ કારપેટ, ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા- વેચાણ-ભાડે). દેવેન-૯૯૩૦૬૭૦૨૭૨, ૯૮૨૦૩૩૫૨૭૨. (૧૫૯૭૩-સી)**

**વિલેપાર્લે (ઈસ્ટ/વેસ્ટ)**

3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) ''મિહિર'' 7021919015. (૧૫૯૭૪-એ)

**જુહુ સર્કલ**

ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200થી 2500 @ 42000 psf. 12 -18 મહિનામાં કબજો. ''મિહિર'' 7021919015. (૧૫૯૭૪-બી)

**સાન્તાક્રુઝ ખાર**

લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ. ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10- 30 કરોડ. ''મિહિર'' 7021919015. (૧૫૯૭૪-સી)

**લાલુભાઈ પાર્ક**

રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500' - 2000' 7- 8 કરોડ ફર્નિશ્ડ 3 બેડરૂમ 1100' - 1400' @ 42000 psf, 6 મહિનામાં કબજો જીમ + ટેરેસ ગાર્ડન સાથે ''મિહિર'' 7021919015. (૧૫૯૭૪-ડી)

**સી-ટચ પ્રોજેક્ટ્સ**

2-3 એકર લેઆઉટ 30 + સુવિધાઓ સાથે 180 ડિગ્રી સી વ્યૂ વર્સોવા 1500-5000' (10-30) જુહુ તારા 3000-5000' (25-50) કાર્ટર/ બેન્ડસ્ટેન્ડ (50-100) વર્લી પ્રભાદેવી (30-75) 25થી વધુ વિશિષ્ટ પ્રોજેક્ટ્સ ''મિહિર'' 7021919015. (૧૫૯૭૪-ઈ)

**જુહુ ગુલમહોર**

3/ 4/ 5/ 6 બેડરૂમ, 2000-5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્કવેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યૂ, દર 55000 થી 65000 psf. ''મિહિર'' 7021919015. (૧૫૯૭૪-એફ)

**અંધેરી ઈસ્ટ**

વિશાલ હોલ નજીક આઉટરાઈટથી 2 બેડરૂમ 725 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627, 7045660627. (એસડીબી-૨૬૫૮)

## ૧૭. જગ્યા આપવી છે

**SALE MATUNGA WEST**

**3 BHK 4.02 Cr. nego & 2 BHK 3.08 Cr. nego. New Bldg. Ravi: 9820109761. (JP/4990-F)**

**MATUNGA (E)**

Sale - 3 BHK - 1029' with Clear Title, OC, Lifts, Parking, Club Membership. 9820101904. (15350-A)

**THANE (WEST)**

**Limited Offer. Thane (West) 1 km from Station. Book 2 BHK, 777 sq. ft. @ 1.80 Crore and get 10 Gram Gold Coin + 0% Stamp Duty. 1 BHK, 370 sq. ft. @ 91 Lakhs and Get 5 Gram Gold Coin + 0% Stamp Duty. Possession Shortly. 9867302981, 9867797221. (B-16012)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
MahaRERA QR

**GHATKOPAR EAST**
**NEELSIDHI BRINDAVAN**
ON VALLABH BAUG LANE
3 BHK LUXURY FLATS
₹ 3.51 CR*. ONWARDS
*T & C Apply
READY POSSESSION
OC RECEIVED
98334 69305

(B-15923)

**ANDHERI (EAST)**

**Near Station, Underconstruction Project with Ultramodern Amenities, Huge 2 Bedroom 864'/ 3 Bedroom 1250'/ 4 Bedroom 2012' Feet Rera Carpet Higher Floor Flats 11.5' Feet Height with Beautiful + Spacious Lobby Space. For Visit : Bharat Parekh : 9920675286. (SDB-2655)**

**NAPEANSEA ROAD**

3 BHK Converted Flat at Om Dariya Mahal fully furnished Vegetarians Family to give on Rent. Whatsup 7021831500 (B-16034)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી- ૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**રે રોડ સ્ટેશન નજીક**

ગ્રાઉન્ડ ફ્લોર ૧૧૦૦ ફુટ+ મેઝનીન ૬૦૦ ફૂટ ટોઈલેટ બાથરૂમ એટેચ ૨) ૭૨૦૦ ફુટ ગ્રાઉન્ડ+ ૧લો માળ, પાવર- પાણી સાથે આઉટ રાઈટથી આપવાનું છે. સંપર્ક: જીતુભાઈ- 9821041515/ 9702434343. (એસડીબીજી-૨૬૪૭)

**વસઈ (ઈસ્ટ)**

ઈન્ડસ્ટ્રીયલ 1લે માળે, 10000' યુઝેબલ. કાર્પેટ ફર્નિશ્ડ ઓફિસ, વોટર કનેકશન ભાડેથી. 150,000/= 8169659550. (૧૫૩૫૪-ઈ)

AVAILABLE WAREHOUSE on Rent Borivali West (8000 sqft), Chandivali (6600 sqft), Goregaon West (18500 sqft) 8879561055. (B-16031)

**GHATKOPAR (WEST)**

**Heavy Industrial Gala, Freehold, for Sale at Ghatkopar Industrial Estate, 1050', 1st Floor, 12' Ht. Call: 9167472774/ 9323907774. (15972-A)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર [વેસ્ટ]**

**દુકાન રોડ ટચ**

**263' કાર્પેટ, ખારાવાડી, ગોપાલ ભવન બસ સ્ટોપની બાજુમાં, એલ. બી. એસ. માર્ગ વેચાણ/ ભાડેથી લેવા દેવેન્દ્ર ખારા 9869125605. (૧૫૯૨૦-એ)**

**બોરીવલી (વેસ્ટ) સ્ટેશનથી બાજુમાં**

કમર્શિયલ ટાવરમાં ભાડેથી ઓફિસીસ. કારપેટ 223' તથા 865' (સેલ્ફ કન્ટેન્ડ), પાર્કિંગ, 3 લિફ્ટ, કોર્પોરેટ, અન્ય બિઝનેસને લાયક. ''અતુલ સંગોઈ એસોસિએટ્સ'' 9820203032. (૧૫૯૪૮-એ)

**ખાર (પશ્ચિમ)**

**એક્સક્લુઝિવ ઓફિસ 2460' કાર્પેટ- પૂરો માળ, ઓસી સાથે, પ્રાઈમ લોકેશન એસ વી રોડ, સ્ટેશનથી વોકેબલ, ધંધા લાયક જગ્યા, સેલ અને ભાડે આપવાની છે. સંપર્ક 9987464111. (૧૫૯૪૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર- 10 માળનાં ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી મયુરભાઈ- 9821147578, 9987254333. (૧૫૯૨૭-ઈ)

(જુઓ પાનું ૧૪) ▶▶




# વૈભવ સૂર્યવંશી મળ્યો મોદીને, પગે લાગીને આશીર્વાદ લીધા

## આઈપીએલના ટીનેજ-સ્ટાર સાથે તેના મમ્મી-પપ્પા પણ હતા

પટનાઃ ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી આઇપીએલનો અને ભારતીય ક્રિકેટનો લેટેસ્ટ સેન્સેશન તરીકે ઓળખાય છે અને તે શુક્રવારે પટના ઍરપોર્ટ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો હતો અને તેમને પગે લાગીને તેમના આશીર્વાદ લીધા હતા. વિમાની મથક ખાતે પીએમ મોદી સાથેની આ મુલાકાત દરમ્યાન વૈભવના મમ્મી-પપ્પા પણ હાજર હતાં અને મોદીએ ઘણી વાર સુધી તેમની સાથે વાતચીત કરી હતી અને વૈભવને અભિનંદન આપવા ઉપરાંત તેનો ઉત્સાહ વધારતી શુભેચ્છા પણ આપી હતી.

વૈભવ સૂર્યવંશી ઉત્તર બિહારમાં સમસ્તીપુર જિલ્લાનો છે. તે આઠમા ધોરણમાં ભણે છે. રાજસ્થાન રૉયલ્સે તેને ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. વૈભવે ગુજરાત ટાઇટન્સ સામે ફક્ત ૩૫ બૉલમાં સદી ફટકારીને આઇપીએલના ઇતિહાસમાં ફાસ્ટેસ્ટ તથા ટી-૨૦ વિશ્વના યંગેસ્ટ સેન્ચુરિયન તરીકે સુવર્ણ અક્ષરે નામ લખાવ્યું છે. તેણે સાત લીગ મૅચમાં ૨૦૬.૫૫ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૨૫૨ રન કર્યા હતા. વૈભવની બૅટિંગની વિશ્વભરમાં ચર્ચા થઈ રહી છે અને ઘણા દિગ્ગજોએ તેની ટૅલન્ટને વખાણી છે.





વૈભવ સૂર્યવંશી પટના ઍરપોર્ટ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પગે લાગ્યો હતો. આ મુલાકાત સમયે વૈભવના મમ્મી-પપ્પા પણ હાજર હતાં. (પીટીઆઇ)

વડા પ્રધાન મોદી બિહારના બે દિવસના પ્રવાસે આવ્યા છે અને તેમણે વૈભવ સાથેની મુલાકાત બાદ 'એક્સ' પર પોતાના હૅન્ડલ પર વૈભવ તથા તેના પૅરન્ટ્સ સાથેના ફોટા શૅર કરવાની સાથે આ મુજબ લખ્યું હતુંઃ ' પટના ઍરપોર્ટ પર યુવાન ખેલાડી અને ક્રિકેટ જગતના નવા સેન્સેશન વૈભવ સૂર્યવંશી તથા તેના ફૅમિલી સાથે મુલાકાત થઈ. વૈભવના ક્રિકેટ-કૌશલ્યની રાષ્ટ્રભરમાં વાહ-વાહ થઈ રહી છે. ભવિષ્યનાં સાહસો માટે તેને મારા તરફથી શ્રેષ્ઠ શુભેચ્છા.'

વડા પ્રધાન મોદીએ તાજેતરમાં ' મન કી બાત'માં વૈભવ સૂર્યવંશીના દર્શનીય પર્ફોર્મન્સ બદલ તેની ખૂબ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ' મેં બિહારના આ પનોતા પુત્રનો આઇપીએલ-પર્ફોર્મન્સ ટીવી પર માણ્યો. તેણે ૧૪ વર્ષની નાની ઉંમરે નવું સીમાચિહ્ન અંકિત કર્યું છે. તેનો આ શાનદાર પર્ફોર્મન્સ તેની તનતોડ મહેનતની સાબિતી છે. વૈભવને મારી શુભેચ્છા છે અને તેના માટે કહીશ કે તું જેમ-જેમ રમતો જઈશ એમ-એમ વધુને વધુ ચમકતો જઈશ. એનડીએ સરકારે હંમેશાં વધુને વધુ સ્પર્ધાઓને મહત્ત્વ આપ્યું છે અને સરકારની નીતિઓમાં એને હંમેશાં અગ્રક્રમ અપાયો છે.' ■

# મુંબઈ જીત્યું, પંજાબ સામે રવિવારે 'સેમિ ફાઈનલ' રમશેઃ ગુજરાત આઉટ

## 'નસીબદાર' રોહિતના ધમાકેદાર ૮૧ સામે સદાબહાર સુદર્શનના ૮૦ રન પાણીમાં

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ અહીં ગુજરાત ટાઇટન્સ (જીટી)ને આઇપીએલના રોમાંચક એલિમિનેટર મુકાબલામાં ૨૦ રનથી હરાવીને ક્વૉલિફાયર-ટૂમાં પ્રવેશ કર્યો હતો જેમાં અમદાવાદમાં રવિવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. એ મૅચની વિજેતા ટીમ મંગળવારે અમદાવાદમાં જ બેંગલૂરુ સામે ફાઇનલમાં રમશે.

પાંચ ટાઇટલ જીતનાર મુંબઈએ પ્રથમ બૅટિંગ લઈને ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૨૮ રન કર્યા હતા જેના જવાબમાં ૨૦૨૨ના ચૅમ્પિયન ગુજરાતે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૮ રન કર્યા હતા. ઓપનર સાઇ સુદર્શન (૮૦ રન, ૪૯ બૉલ, એક સિક્સર, દસ ફોર) અને વૉશિંગ્ટન સુંદર (૪૮ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ની ૪૪ બૉલમાં થયેલી ૮૪ રનની ભાગીદારી એળે ગઈ હતી. ગુજરાતે ૨૦મી ઓવરમાં જીતવા ૨૪ રન કરવાના હતા અને ત્યારે મુંબઈ ઇન્ડિયન્સના નવા ફાસ્ટ બોલર રિચર્ડ ગ્લીસને પહેલા ત્રણ બૉલમાં ગુજરાતને માત્ર બે રન આપ્યા હતા અને મુંબઈને જીતની લગોલગ પહોંચાડ્યું હતું. ત્યાર બાદ ગ્લીસન ઈજાને લીધે પાછો જતો રહેતાં અશ્વની કુમારે તેની ઓવર પૂરી કરી હતી. એમાં અશ્વનીએ એમ. શાહરુખ ખાન (૧૩ રન)ની વિકેટ લીધી હતી. મુંબઈ વતી ટ્રેન્ટ બૉલ્ટે બે તેમ જ બુમરાહ, ગ્લીસન, સૅન્ટનર અને અશ્વનીએ એક-એક વિકેટ લીધી હતી.

### બુમરાહના યૉર્કરમાં વૉશિંગ્ટન બોલ્ડ

બુમરાહે વૉશિંગ્ટન સુંદરને ગજબ રીતે ક્લીન બોલ્ડ કર્યો હતો. બુમરાહના કલાકે ૧૪૩ કિલોમીટરની ઝડપવાળા યૉર્કરમાં વૉશિંગ્ટને સ્ટાન્સ ખોલી આપ્યું હતું, તેણે સમતોલપણું ગુમાવ્યું હતું, તેના બે પગ પહોળા થઈ જતાં નીચે પડ્યો હતો અને તેના પેટ પર શરીરનું બધુ વજન આવી ગયું હતું.

### સુદર્શને સ્કૂપમાં વિકેટ ગુમાવી

આખી ટૂર્નામેન્ટમાં સૌથી સારું રમેલા અને સીઝનમાં સૌથી વધુ ૭૫૭ રન કરીને ઑરેન્જ કૅપ મેળવનાર ઓપનર સાઇ સુદર્શને કટોકટીના સમયે નવા ફાસ્ટ બોલર રિચર્ડ ક્લીસનના બૉલમાં ફેવરિટ સ્કૂપ શૉટ મારવાના નિષ્ફળ પ્રયાસમાં ક્લીન બોલ્ડમાં વિકેટ ગુમાવી દીધી હતી. તેણે ખરા સમયે જાણે વિકેટ ફેંકી દીધી હતી.

એ પહેલાં, રોહિત શર્મા (૮૧ રન, ૫૦ બૉલ, ચાર સિક્સર, નવ ફોર) બે જીવતદાનની મદદથી મુંબઈની ટીમને સૌથી વધુ યોગદાન આપવામાં સફળ થયો હતો. તેની અને ટીમમાં નવા પ્રવેશેલા ઇંગ્લૅન્ડના વિકેટકીપર-બૅટ્સમૅન જૉની બેરસ્ટો (૪૭ રન, ૨૨ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) વચ્ચે ફક્ત ૭.૨ ઓવરમાં ૮૪ રનની ભાગીદારી થઈ હતી અને એ સાથે તેમણે મુંબઈના સંભવિત વિજય માટેનો પાયો નાખી આપ્યો હતો. રોહિતને ત્રણ અને ૧૨ રનના સ્કોર પર જીવતદાન મળ્યું હતું. તેનો કૅચ છૂટ્યો હતો.

૨૦મી ઓવર જે જેરાલ્ડ કૉએટ્ઝીને અપાઈ હતી એમાં બાવીસ રન થયા હતા. ગુજરાતને છેલ્લે કૉએટ્ઝીવાળી ઓવરના આ બાવીસ રન ભારે પડ્યા હતા. ■

# સાત્વિક-ચિરાગ ત્રણ જ દિવસ પહેલાં વર્લ્ડ નંબર-વન બનેલી જોડીને હરાવી સેમિમાં પહોંચ્યા

સિંગાપોરઃ ભારતના સાત્વિકસાઇરાજ રૅન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી પુરુષોની બૅડમિન્ટનમાં ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન જોડી છે, પરંતુ તેમણે અહીં શુક્રવારે સિંગાપોર ઓપન ચૅમ્પિયનશિપની ક્વૉર્ટર ફાઇનલમાં વર્તમાન વર્લ્ડ નંબર-વન ગોહ ઝે ફેઇ અને નુર ઇઝુદ્દીનને ૨૧-૧૭, ૨૧-૧૫થી હરાવીને સેમિ ફાઇનલમાં પહોંચી ગયા હતા.

ગોહ-નુર મલયેશિયાના છે અને હજી ત્રણ જ દિવસ પહેલાં (૨૭મી મેએ) તેમણે જોડીમાં વિશ્વના નંબર-વન તરીકેની રૅન્ક મેળવી હતી. જોકે સાત્વિક-ચિરાગે તેમને ૩૯ મિનિટમાં હરાવી દીધા હતા.

સાત્વિક-ચિરાગ આ સીઝનમાં જોડીમાં એક પણ ટાઇટલ નથી જીત્યા એટલે આ વખતે તેમને ફરી એકવાર સારો મોકો મળ્યો છે, કારણ એ છે કે આ વર્ષમાં અગાઉ તેઓ બે ટૂર્નામેન્ટમાં સેમિ ફાઇનલમાં હારી ગયા હતા. મલયેશિયા ઓપનમાં તેમ જ ઇન્ડિયા ઓપનમાં તેમનો સેમિ ફાઇનલમાં પરાભવ થયો હતો.




સાત્વિક-ચિરાગનો મલયેશિયાના વર્લ્ડ નંબર-વન ગોહ ઝે ફેઇ અને નુર ઇઝુદ્દીન સામે ૬-૨નો જીત-હારનો બહુ રેકૉર્ડ છે. જોકે તાજેતરમાં ઇન્ડિયા ઓપનમાં સાત્વિક-ચિરાગે તેમની સામે પરાજય જોયો હતો એટલે અહીં સિંગાપોરમાં તેમની સામે બદલો લેવાનો તેમની પાસે સારો મોકો હતો અને સાત્વિક-ચિરાગે એ કામ ક્વૉર્ટર ફાઇનલમાં મોકો મળતાં પૂરું કર્યું હતું. ■

# સ્ટોઈનિસ આઉટ થતાં જ ગર્લફ્રેન્ડ સારા અપશબ્દ બોલી?

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): શ્રેયસ ઐયરના સુકાનમાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ની ટીમે આખી ટૂર્નામેન્ટમાં સારી બૅટિંગ કરી અને લીગ રાઉન્ડને અંતે નંબર-વન પર રહ્યું, પણ ગુરુવારે આ ટીમ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) સામેની મૅચમાં સાવ પાણીમાં બેસી ગઈ અને બૅટિંગ મળ્યા બાદ ફક્ત ૧૦૧ રનના સ્કોર પર આઉટ થયા બાદ આઠ વિકેટે એનો પરાજય થયો એ પહેલાં પંજાબની ઇનિંગ્સમાં એક વિચિત્ર ઘટના બની ગઈ. પંજાબનો ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર માર્કસ સ્ટોઇનિસ ટીમમાં હાઇએસ્ટ ૨૬ રન બનાવ્યા બાદ ક્લીન બોલ્ડ થયો ત્યારે તેની ગર્લફ્રેન્ડ સારા ઝાર્નુકે સ્ટૅન્ડમાં બેસીને આક્રોશ ઠાલવ્યો હતો.



ગુરુવારે બેંગલૂરુના સુયશના બોલમાં ક્લીન બોલ્ડ થતો સ્ટોઈનિસ (બીસીસીઆઈ)

આ ક્વૉલિફાયર-વનમાં સ્ટોઇનિસે ક્રીઝમાં ટકી રહીને થોડી વાર માટે પ્રીટિ ઝિન્ટાની સહ-માલિકીવાળી ટીમમાં ખુશીની લહેર ફેલાવી હતી, પણ ૧૧મી ઓવરમાં ૭૮ રનના કુલ સ્કોર પર તેણે સ્પિનર સુયશ શર્માના બૉલમાં વિકેટ ગુમાવી દીધી હતી.

ખરેખર તો પંજાબની ટીમને પડકારરૂપ સ્કોર અપાવવા માટે છેલ્લી આશા સ્ટોઇનિસ પર હતી. સુયશનો બૉલ ઑફ સ્ટમ્પની લાઇનમાં પડ્યો હતો, પણ સ્ટોઇનિસે પરફેક્ટ ટાઇમિંગ વગર ઉતાવળે બૉલને મિડવિકેટ પરથી બાઉન્ડરી લાઇન તરફ મોકલવાનું સાહસ કર્યું જેમાં તેના બૅટની ઇન્સાઇડ એજ લાગ્યા બાદ બૉલ સીધો સ્ટમ્પ્સમાં ગયો હતો.

એક સ્ટૅન્ડમાં પંજાબની ટીમનો ડ્રેસ પહેરીને બેઠેલી વિદેશી મહિલા ગુસ્સામાં અપશબ્દ બોલી હોય એવું વાઇરલ વીડિયો અને ફોટોગ્રાફ પરથી લાગતું હતું.

સુયશ શર્માએ સ્ટોઇનિસની વિકેટ લીધી એ પહેલાં એક જ ઓવરમાં શશાંક સિંહ અને નવોદિત મુશીર ખાનની વિકેટ લીધી હતી અને આ વખતે સ્ટોઇનિસ સુયશનો બૉલ પારખી ન શક્યો અને ક્રૉસ-બૅટેડ શૉટમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

સ્ટોઇનિસની વિકેટ વખતે સ્ટૅન્ડમાંથી ગુસ્સો ઠાલવનાર વિદેશી મહિલા તેની ગર્લફ્રેન્ડ સારા ઝાર્નુક જ હતી એ વાતને પુષ્ટિ નહોતી મળી, પણ આ એ જ સ્ટૅન્ડ હતું જ્યાં ખેલાડીઓની પત્નીઓ અને ગર્લફ્રેન્ડ બેઠી હતી.

સ્ટોઇનિસની ગર્લફ્રેન્ડ સારા ઑસ્ટ્રેલિયાની જાણીતી મૉડેલ છે. તેની પોતાની ડિઝાઇન કંપની છે અને સામયિકોમાં કૉલમ પણ લખે છે. ■

# પાકિસ્તાનને રણમેદાનની ફટકાર પછી ખેલકૂદના મેદાનની હાર પણ પચી નહીં

## જુનિયર ડેવિસ કપમાં પાકિસ્તાની ખેલાડીએ ભારતીય ખેલાડી સાથે નફ્ફટાઈથી હાથ મિલાવ્યા

શીમકેન્ટ (કઝાખસ્તાન): પાકિસ્તાને કાશ્મીરના પહલગામમાં ૨૬ જણનો ભોગ લેનાર આતંકવાદી હુમલો કરાવ્યો ત્યાર બાદ ભારતના સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને એની જ ધરતી પર એક પછી એક શ્રેણીબદ્ધ હુમલા કરીને જે લપડાકો લગાવીને એને પાયમાલ કરી દીધું એમ છતાં પાકિસ્તાન લશ્કર અને પાકિસ્તાન સરકાર ભારત સામેની ત્રણ જ દિવસમાં જોવી પડેલી એ હાર પચાવી ન શકી ત્યાર પછી અહીં કઝાખસ્તાનમાં રમતગમતના મેદાનમાં પણ પાકિસ્તાની ખેલાડીથી ભારતીય સ્પર્ધક સામેનો પરાજય સહન નહોતો થયો અને તેણે (પાકિસ્તાની ખેલાડીએ) પોતાની અસલિયત અને નફ્ફટાઇ બતાડી દીધી હતી.

વાત એવી છે કે ૨૪મી મેએ જુનિયર ડેવિસ કપ ટેનિસ સ્પર્ધામાં ભારતે પાકિસ્તાનને ૨-૦થી હરાવ્યું. અન્ડર-૧૬ ટૂર્નામેન્ટમાં ત્યારે ભારતના પ્રકાશ સરન અને તવિશ પાહવાએ તેમની સિંગલ્સની મૅચ ભારે રસાકસી બાદ સુપર ટાઇ-બ્રેકમાં જીતી લીધી હતી. ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયરો સામે પૂરું વર્ચસ્વ બતાવ્યું હતું એટલે પાકિસ્તાનીઓ શરૂઆતથી જ આક્રમક અને બદઇરાદાવાળા અભિગમ સાથે રમ્યા હતા.

સ્પર્ધાના ત્રણ દિવસ બાદ વાઇરલ થયેલા વીડિયોમાં જોવા મળ્યું હતું કે પાકિસ્તાની ખેલાડીને હાર પચી નહોતી અને તેણે ભારતીય પ્લેયર સાથે હાથ મિલાવવામાં અસભ્ય વર્તન બતાવ્યું હતું. પહેલાં તો હાથ મિલાવતી વખતે પાકિસ્તાની ખેલાડી પોતાનો હાથ બરાબર મિલાવી નહોતો શક્યો અને પછી અચાનક તેણે આક્રમક મિજાજમાં (ખેલદિલીને નેવે મૂકીને) હાથ મિલાવ્યો હતો. આવું તેણે વારંવાર કરીને પોતાની અક્કલનું પ્રદર્શન કર્યું હતું. પાકિસ્તાનમાં આતંકવાદીઓએ અને પાકિસ્તાની સૈનિકોએ ભારત સામેના યુદ્ધમાં જે લપડાક ખાધી એનો આક્રોશ એ પાકિસ્તાની ખેલાડી ટેનિસની કોર્ટ પર નેટ પાસે ભારતીય ખેલાડી સામે બતાવીને અપરિપકવતાનું પ્રદર્શન કરી રહ્યો હતો.

જોકે ભારતીય ખેલાડીએ મગજ શાંત રાખ્યું હતું અને સામો ગુસ્સો બતાવવાનું ટાળ્યું હતું. ભારતીય ખેલાડીએ તો એ પહેલાં ટેનિસના રૅકેટથી જ તેને જવાબ આપી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે ભારતના સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં મિસાઇલો અને ડ્રૉન મોકલીને આતંકવાદીઓના મથકોનો તેમ જ પાકિસ્તાની હવાઈ દળના અનેક ઍર બેઝનો ખાતમો બોલાવ્યો હતો જેને પગલે ત્રીજ જ દિવસે પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ (સીઝફાયર)નો કૉલ ભારતને આવી ગયો હતો. ■

ઑસ્લો (નોર્વે): યુરોપના નોર્વે દેશમાં ચાલી રહેલી નોર્વે ચેસ સ્પર્ધામાં વર્લ્ડ નંબર-વન નોર્વેના જ મૅગ્નસ કાર્લસન સામે તાજેતરમાં હારી ગયા બાદ ભારતના વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશે ગુરુવારે ૧૯મા જન્મદિને ઉપરાઉપરી બે દિગ્ગજ ખેલાડીને હરાવીને એ દિવસને યાદગાર બનાવી દીધો હતો.

ડી. ગુકેશે ગુરુવારે જીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. તેણે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે હું જેટલા પણ જન્મદિને ચેસની જેટલી ગેમ રમ્યો છું એમાંથી મોટા ભાગની ગેમમાં હાર્યો છું એટલે જન્મદિવસે મને રમવું ગમતું જ નથી. જોકે આ બર્થ-ડે મારા માટે સ્પેશિયલ બની ગયો કારણકે હું લાગલગાટ બે ગેમ જીત્યો છું.'

ગુકેશ પહેલા રાઉન્ડમાં વર્લ્ડ નંબર-વન કાર્લસન સામે હારી ગયા બાદ બીજા રાઉન્ડમાં ભારતના જ અર્જુન એરીગૈસી સામે પરાજિત થયો હતો. જોકે ગુકેશો ત્યાર બાદ ગુરુવારે ચેસ જગતના બે ટોચના ખેલાડીઓને હરાવ્યા હતા. ત્રીજા રાઉન્ડમાં તેણે હિકારુ નકામુરાને ૪૨ ચાલમાં હરાવી દીધો હતો અને ત્યાર બાદ ફેબિયાનો કૅરુઆનાને હરાવીને સનસનાટી મચાવી દીધી હતી.

બીજી તરફ, કાર્લસને ભારતના અર્જુન એરીગૈસીને પરાજિત કર્યો હતો, પરંતુ ત્યાર પછી કાર્લસન ઉપરાઉપરી બે ગેમ હારી જતાં હતાશ છે. કાર્લસનનો મંગળવારે નાકામુરા સામે પરાજય થયો અને ત્યાર બાદ ચીનના વેઈ યી સામે કરીઅરમાં પહેલી જ વખત હારી જતા તે ખૂબ નિરાશ હતો.

ગુકેશ બૅક-ટુ-બૅક જીત સાથે આગળ વધી રહ્યો છે, પરંતુ આ સ્પર્ધામાં કાર્લસન હજી પણ ૮ પોઇન્ટ સાથે નંબર-વન, કૅરુઆના ૭ પોઇન્ટ સાથે નંબર-ટુ અને અમેરિકાનો નાકામુરા ૫.૫ સાથે નંબર-થ્રી છે. ■

# મુંબઈમાં રહેતા પંજાબ કિંગ્સના આ પ્લેયરે વર્લ્ડ રેકોર્ડ રચ્યો

## ગુરુવારની ક્વૉલિફાયર-વનમાં રસપ્રદ વિક્રમો પણ બન્યા

મુલ્લાંપુરઃ પંજાબ કિંગ્સની ટીમ ગુરુવારે અહીં આઈપીએલના પ્લે-ઑફની પ્રથમ મૅચ (ક્વૉલિફાયર-વન)માં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ સામે હારી ગઈ હતી, પરંતુ પંજાબના એક યુવાન ખેલાડીએ અનોખો વિશ્વ વિક્રમ રચ્યો હતો. ૨૦ વર્ષનો ઓલરાઉન્ડર મુશીર ખાન વિશ્વનો એવો પહેલો ખેલાડી છે જેણે ટૂર્નામેન્ટના પ્લે-ઑફમાં રમીને ટી-૨૦ ફોર્મેટમાં ડેબ્યૂ કર્યું છે.

આ પહેલાં ટી-૨૦ ફોર્મેટમાં રમી ચૂકેલા હજારો ખેલાડીઓમાંથી એક પણ પ્લેયરે કોઈ ટૂર્નામેન્ટના પ્લે-ઑફમાં રમીને ટી-૨૦માં ડેબ્યૂ નહોતું કર્યું.

અત્યાર સુધીમાં ૮૪ ખેલાડીએ આઈપીએલમાં રમીને ટી-૨૦ ફોર્મેટમાં ડેબ્યૂ કર્યું છે, પણ આઈપીએલના પ્લે-ઑફમાં રમીને ટી-૨૦ ક્રિકેટમાં પ્રવેશ કરનાર મુશીર ખાન વિશ્વનો પહેલો જ ખેલાડી છે.

ભારતના ટેસ્ટ ક્રિકેટર સરફરાઝ ખાનનો નાનો ભાઈ મુશીર ખાન પણ મુંબઈમાં જ રહે છે. આ પહેલાં તે ક્યારેય ડૉમેસ્ટિક ક્રિકેટની એકેય ટી-૨૦ મૅચ નહોતો રમ્યો. સ્પિનર મુશીરે ગુરુવારે આરસીબીના મયંક અગરવાલ (૧૯ રન)ની વિકેટ લીધી હતી.

મુશીર ખાનને પંજાબની ટીમ આ મૅચમાં રમાડવાની પણ નહોતી. ઇમ્પેક્ટ પ્લેયરના લિસ્ટમાં તેનું નામ ત્રીજા નંબરે હતું. પંજાબના ટીમ મેનેજમેન્ટે ઇમ્પેક્ટ પ્લેયર તરીકે વિજયકુમાર વૈશાક અથવા પ્રવીણ દુબેને રમાડવાનું નક્કી કર્યું હતું, પરંતુ છેલ્લી ઘડીએ યોજના બદલીને મુશીરને મેદાન પર ઉતાર્યો હતો.

સની ગુપ્તા નામના ખેલાડીની જેમ મુશીર પ્લે-ઑફમાં રમીને આઈપીએલમાં ડેબ્યૂ કરનાર બીજો ખેલાડી છે જોકે પ્લે-ઑફમાં રમીને સમગ્ર ટી-૨૦ ફોર્મેટમાં પહેલી વાર રમનાર મુશીર વિશ્વનો પ્રથમ પ્લેયર બન્યો છે. ■

### પંજાબ ક્વૉલિફાયર ટૂમાં, બેંગલૂરુ સીધું ફાઈનલમાં

ગુરુવારે પંજાબની ટીમ બૅટિંગ મળ્યા પછી ફક્ત ૧૦૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. બેંગલૂરુના ફાસ્ટ બોલર જૉશ હેઝલવૂડ અને સ્પિનર સૂયશ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. બે વિકેટ યશ દયાલે મેળવી હતી. બેંગલૂરુએ ફિલ સૉલ્ટના ૫૬ રનની મદદથી માત્ર ૧૦ ઓવરમાં (૬૦ બૉલ બાકી રાખીને) બે વિકેટે ૧૦૬ રન બનાવીને વિજય મેળવવાની સાથે ત્રીજી જૂનની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સૂયશ શર્માને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

### તમામ ૧૫ વખત નંબર-ટૂટીમ પહોંચી ફાઈનલમાં

૨૦૧૧માં આઈપીએલમાં પ્લે-ઑફ સિસ્ટમ શરૂ કરવામાં આવી ત્યારથી લઈને અત્યાર સુધીમાં તમામ ૧૫ સીઝનના પૉઈન્ટ્સ ટેબલમાં બીજા નંબર પર રહેનારી ટીમ ક્વૉલિફાયર-વનમાં જીતીને સીધી ફાઇનલમાં પહોંચી છે. ગુરુવારે ૧૫મો કિસ્સો આરસીબીની બાબતમાં બન્યો હતો.

### આરસીબીના નવ પ્લેયર મૅન ઑફ ધ મૅચ બન્યા

આ વખતની સીઝનમાં આરસીબીના નવ ખેલાડી મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યા છે. ૨૦૧૭ની સીઝનમાં મુંબઈ ઇન્ડિયન્સના ૧૦ ખેલાડી મૅન ઑફ ધ મૅચ બન્યા હતા. આ વખતના આરસીબીના નવ અવૉર્ડ વિજેતામાં વિરાટ કોહલી, ટિમ ડેવિડ, રોમારિયો શેફર્ડ, જૉશ હૅઝલવૂડ, કૃણાલ પંડ્યા, રજત પાટીદાર, જિતેશ શર્મા, ફિલ સૉલ્ટ અને સૂયશ શર્માનો સમાવેશ છે.

### ૨૦. ધંધાદારી જગ્યા

**COMMERCIAL OFFICES**
બોરીવલી (વેસ્ટ) ચંદાવરકર રોડ, સ્ટેશન નજીક, એરીયા 500', નવા બિલ્ડીંગમાં 4/ 5/ 6th floor, ઓફિસ વેચાણથી, ક્લાસીસ, CA પ્રોફેશનલ લાયક રાજુ 9820064562 કુમાર 9930467348. (જેપી/૪૯૯૦-સી)

**જોઈએ છે**
(લીઝથી-વેચાણથી) ઈન્ડસ્ટ્રીયલ ગાળા-દુકાનો-ઓફિસો-ફ્લેટો-લોઅરપરેલ/વરલી/ પ્રભાદેવી/દાદર/માહિમ/વડાલા/શિવરી/ લાલબાગ. ૯૮૨૧૨૬૮૬૯૯. (બી-૧૬૦૨૬)

**ભાડેથી ઓફિસ**
450' કારપેટની ઓફિસ, સેલ્ફકન્ટેન, કાર પાર્કિંગ સાથે, લાદીવાલા ભવન એસવી રોડ કાંદીવલી (વેસ્ટ) સંપર્ક ધ્રુવ રૂપાણી-7718024133 નિલેશ રૂપાણી 9892646525. (જેપી/૪૯૯૩-એચ)

**નવજીવન ઓફિસ**
બોમ્બે સેન્ટ્રલ (૧૮૦ કાર્પેટ) (રોડ સાઈડ) (ઓનરશીપ) ૭૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૫૧)

**અંધેરી (ઈસ્ટમાં) તેલી ગલીમાં**
લીવલાયસંસથી ઓફીસો. ગોડાઉનો. ૧૦૦' બિલ્ટઅપ ૩૦,૦૦૦/ ૧૨,૦૦૦ ભાડું. ૧૭૦' (૫૦,૦૦૦/ ૮૦૦૦ ભાડું. લેવા-રાજેશભાઈઃ ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૯૬૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ભાડેથી ઓફિસ - ૧૧૦૦'/ ૨૬૦૦', શોરૂમ - ૪૦૦'/ ૧૩૦૦'/ ૨૦૦૦', પ્રિલીઝ ઓફિસ/ શોરૂમ/ બેંક સંપૂર્ણ મુંબઈમાં લેવા. માર્સ પ્રોપર્ટી - 7208215105. (૧૫૯૬૩-ડી)**

**FOR IMMEDIATE SALE / LEASE**
**COMMERCIAL SPACE**
**AT VERSOVA, ANDHERI (W)**
Vastu Compliant Square Office
**1350 RERA Carpet, 1st Floor,**
Excellent & Strategic Location,
Opp. Kokilaben Hospital with
Main Road Frontage for Display,
Metro Station 5 Minutes Walking.
**IDEAL FOR:** Office/ Clinic / Professional / Finance / Insurance / Government Office
**9930247763 / 7021039785**
(SDB-2620)

**PRELEASED OFFICE**
**મહિને 60,000/= ભાડેથી લાગેલી, ઓફિસ વેંચવાની (1.44 CR) (300'+ 300' LOFT). યુઝેબલ - 600' મહાવીર નગર, (CROMA/D'MART પાસે કાંદિવલી (વેસ્ટ) (2 પાર્કિંગ સાથે) ઓનરઃ 7666644727. (૧૫૯૬૫-સી)**

**લીઝ પ્રોપર્ટી**
પીનકલ બીઝનેસ પાર્ક, 1523' કાર્પેટ, 2600' બીલ્ટઅપ, ફુલ્લી ફર્નિશ્ડ, બે પાર્કિંગ, 50 વર્ક સ્ટેશન રેન્ટ 2,35,000/= વેચાણ 3.71 CR. 8169659550. (૧૫૩૫૪/એ)

**બોરીવલી (વેસ્ટ)**
પ્રાઈમ લોકેશન 600' + 300' + 300' કોરા કેન્દ્ર પાસે, મેઈન રોડ, વેચાણથી/ ભાડેથી. 8169659550. (૧૫૩૫૪/ડી)

**અંધેરી (વેસ્ટ)**
પ્રાઈમ ઓફિસ, ફુલ્લી ફર્નિશ્ડ, બીલ્ટઅપ 1550', કાર્પેટ 775', વેચાણથી 2.95 CR ફન રીપબ્લીક લેન, 850' કાર્પેટ, બીલ્ટઅપ 1290' 3.10 Cr. 8169659550. (૧૫૩૫૪/સી)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2619)

### ૨૩. મનોરંજન

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૧૫૯૩૫-સી)**

**પ્રાર્થના- 6500/-**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૯૨૨/એ)

### ૩૨. જમીન-મિલકત

**મકાન લેવા / વેચવા**
મસ્જીદ બંદર (વેસ્ટ) એરીયા ૨૧૦૦' ખાલી કબ્જો, લેન્ડ સાથે લેવા મળો- મહેશ શાહ- (મો) 9820253026 (ટે) 022-23422261. (એસડીબીજી-૨૬૪૬)

**100+એકર**
ક્લીયર ટાઈટલ પ્રાઈમ લોકેશન વેચાણથી - પુના. 8169659550. (૧૫૩૫૪/બી)

**બોઈસર ઈસ્ટ**
**દહિસર - ચેકનાકાથી ૭૫ કિ.મી. સુર્યા નદી, બરોડા એક્સ. વે, બૂલેટ ટ્રેનથી ૧૦ કિ.મી., ૨૫ ફાર્મ હાઉસની વચ્ચે, ૨ એકર, ફાર્મ હાઉસ વેચાણથી આપવું છે. (૭૦ રાજાપુરી આંબાના વૃક્ષ, ૩ બેડરૂમ હોલ કિચન, ૨૦૦૦ સ્કે. ફીટનો બંગલો, સંપૂર્ણ એમેનિટિસ સાથે, અલગ સર્વન્ટ રૂમ, ૨ બોરવેલ ૨૪ કલાક પાણી, નો પાવરકટ). ફોનઃ ૯૮૨૦૫૪૪૪૦૬. (બ્રોકર આવકાર્ય)* (બી-૧૬૦૩૩)**

### ૩૨. જમીન-મિલકત

**AGRICULTURE PLOT SALE AT KARJAT**
**Agricultural Plot 30000 sq.ft. Rate 300/- per sq. ft. available for Sale, Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner, Ideal for Resort, Farm House, Home Stay, etc. Contact: 98211 14355 / 9321807605. (15948-C)**

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)

**''કેસર કૈરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૦૨૭)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા લંડન ઓસ્ટ્રેલિયા કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047/ 8451015519. (૧૫૯૫૦-એ)

**સ્પેશ્યાલિસ્ટ**
ડાંબરકામ, વોટરપ્રૂફિંગ, કેમિકલ વર્ક્સ, છજ્જા, પેઈન્ટિંગ, બેડરૂમ, કિચન. - 9769888191. - 9930926930. (બી-૧૫૯૯૯)

**શુદ્ધ કેસર**
સ્પેઈન સર્ટિફાઈડ 28.37 ગ્રામ (1 oz) ડિસ્કાઉન્ટમાં 7500/- પરીખ - 98335 24543. (૧૫૯૭૦-એ)

■ " NGO આપે છે એક વિશિષ્ટ તક - સંપૂર્ણ કાયદેસર રીતે અને સંપૂર્ણ ગોપનીયતાથી - 80G હેઠળ ટેક્સ છૂટ" - 9082195296. (૧૫૯૬૭-સી)

**SARTHAK BIRD NET**
**કબુતર જાળી**
**ચૂહા જાળી**
**ઈનવીઝીબલ ગ્રીલ**
**નાયલોન સેફ્ટી નેટ**
**3 વર્ષની વોરંટી**
**Jitu**
**93214 74132**
(બી-૧૬૦૩૨)

STRUCTURAL AUDIT, REpair Consultancy, Thermography, Civil, Waterproofing, Plumbing, Painting. 9222212231. (B-15985)

**WE DO**
**Filing of Income Tax, TDS Return. Home Loan. "Anjali" : 9324521219. (15936-A)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**
ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૪૦)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**
**વોટર પ્રુફીંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફીલિંગ, રીપેરીંગ, પેઈન્ટીંગ. 9892901140/ 9987694771. (૧૫૯૦૨-જી)**

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**
બિલ્ડિંગ રીપેરીંગ, છજીયા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. **7977141377.** (૧૫૩૫૦-બી)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૬૦૨૨)


# વસઈ ગેરકાયદે બાંધકામઃ વસઈ-વિરાર પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગમાંથી ૧૯ કર્મચારીની બદલી

મુંબઈઃ વસઈ-વિરારમાં ગેરકાયદે બાંધકામોનો રાફડો ફાટ્યો છે, તેના માટે પાલિકા અધિકારીઓની મિલિભગત જવાબદાર છે એવા આક્ષેપો કરાઈ રહ્યા છે. હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કરવામાં આવેલી તપાસમાં સરકારી અને ખાનગી જમીન પર મોટા પાયે ગેરકાયદે બાંધકામો હોવાનું બહાર આવતા વસઈ વિરાર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગના ૧૯ કર્મચારીઓને અન્ય વિભાગોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ મહિનાની શરૂઆતમાં (ઈડી)એ ખુલાસો કર્યો હતો કે વસઈ-વિરાર પાલિકાના અધિકારીઓ, ખાસ કરીને ટાઉન પ્લાનિંગના ડેપ્યુટી ડિરેક્ટર વાયએસ રેડ્ડીની મદદથી ૨૦૦૯ થી આ વિસ્તારમાં ૪૧ જેટલી ગેરકાયદેસર ઇમારતો બાંધવામાં આવી હતી. રેડ્ડીની મિલકતો પર દરોડા દરમિયાન, એજન્સીને ₹૮.૬ કરોડની રોકડ અને ₹૨૩.૨૫ કરોડના હીરા જડિત ઘરેણાં અને સોના-ચાંદી મળી આવ્યા હતા.

(ઈડી)ના જણાવ્યા અનુસાર, ૪૧ ગેરકાયદેસર ઇમારતો ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ અને ડમ્પિંગ ગ્રાઉન્ડ માટે અનામત જમીન પર બનાવવામાં આવી હતી. દરોડા બાદ, એજન્સીનું ધ્યાન વસઈ-વિરાર પાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગના કર્મચારીઓ પર ગયું હતું. ■



**સાવચેતીઃ** મુંબઈમાં જોરદાર વરસાદ પડતાં મેટ્રો-થ્રીની એક્વા લાઈનમાં પાણી ભરાઈ ગયા હતા ત્યારે હવે સીએસએમટી ખાતે બની રહેલા મેટ્રો સ્ટેશનને પ્લાસ્ટિકથી ઢાંકી દેવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# પહેલી જૂનથી 30 બસના રૂટ બદલાશે

મુંબઈઃ બેસ્ટે ઘણી બસના રૂટ બદલવાનો નિર્ણય લીધો છે. આ ફેરફાર પહેલી જૂનથી લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત કેટલાક નવા બસ રૂટ શરૂ કરવામાં આવશે અને કેટલાક હાલના બસ રૂટના સંચાલનમાં ફેરફાર કરવામાં આવશે. આમાં બસ નંબર એ-૬, એસી-૧૦, ૧૧, ૨૫, ૪૪, ૫૬, ૭૧ સહિત કુલ ૩૦ બસોનો સમાવેશ થાય છે. બેસ્ટ વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, મુસાફરોના સલાહ સૂચનો અને સંચાલનમાં આવતી મુશ્કેલીઓને ધ્યાનમાં લીધા પછી જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે. આ ફેરફારો રવિવાર પહેલી જૂન ૨૦૨૫ થી લાગુ કરવામાં આવશે.

મંત્રાલય, હુતાત્મા ચોક, શિવાજીનગર ટર્મિનસ વચ્ચે દોડતી બસ નંબર એ-૮ ને એર-કન્ડિશન્ડ બસમાં રૂપાંતરિત કરવામાં આવી છે. બેકવેથી સાયન વચ્ચે ચાલતી બસ એસી ૧૦નો રૂટ (શ્યામ પ્રસાદ મુખરજી ચોક (મ્યુઝિયમ), ડોકયાર્ડ રોડ, આરબીઆઈ, પી. ડેમોલ રોડ) રદ કરવામાં આવ્યો છે અને તેને હુતાત્મા ચોક, મહાત્મા ફૂલે મંડી, ભીંડી બજાર, મહારાણા પ્રતાપ ચોક (મઝગાંવ) કરવામાં આવ્યો છે.

### કુર્લા બસ ડેપોનો રૂટ રદ

ઠાકરે ઉદ્યાન શિવડીથી વિહાર સરોવર સુધી દોડતી બસ નંબર ૨૫ લિમિટેડને બદલીને બસ નંબર ૨૯ લિમિટેડ કરવામાં આવી છે. બેકવેથી કુર્લા બસ ડેપો સુધી ચાલતી એસી બસ નંબર એ-૨૫ નો સાયન હોસ્પિટલ અને કુર્લા બસ ડેપોનો રૂટ રદ કરવામાં આવ્યો છે. હવે આ બસ બેકવેથી રાણી લક્ષ્મીબાઈ ચોક (સાયન) સુધી દોડશે.

- મંત્રાલયથી વરલીઃ બસ નં. એ-૮૯ રવિવારે દોડશે નહીં
- શ્રવણ યશવંત ચોક (કાલા ચોકી) થી વર્લી વચ્ચે દોડતી બસ નં. ૪૪ ને એસીમાં રૂપાંતરિત કરવામાં આવી છે.
- વર્લીથી વેસાવે યારી રોડ સુધી દોડતી બસ નં. ૫૬ ફક્ત રવિવારે એ-૫૬ તરીકે એસી કરાશે.
- માહિમથી મીરા રોડ (પૂર્વ) સુધી ચાલતી સી-૭૧ને માહિમથી મોરી માર્ગ, સેનાપતિ બાપટ માર્ગ, રાહેજા હોસ્પિટલન, બનવારી કમ્પાઉન્ડ ફ્લાયઓવર થઈને કાલા કિલા સુધી લંબાવવામાં આવી હતી.
- મંત્રાલયથી વરલી જતી બસ નંબર એ - ૮૯ રવિવારે દોડશે નહીં. એ જ રીતે બસ નંબરો એ-૧૨૪, એ-૧૨૫, ૧૮૧, ૨૧૨, ૨૪૧, એ-૨૪૩, ૩૪૩, ૩૪૪, ૩૪૭, એ-૩૫૭, એ-૩૯૯, ૪૫૨, ૪૫૬, ૪૫૯ અને એ-૪૮૮ના રૂટ પણ બદલવામાં આવ્યા છે. ■

## મુંબઈમાં આજથી તમાકુમુક્ત અભિયાન

# તમાકુના વ્યસનથી દરરોજ 3,૫00 લોકોના મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતમાં દર વર્ષે તમાકુ અને તમાકુજન્ય પદાર્થના સેવનથી ૧૩ લાખ લોકોનાં મૃત્યુ થતા હોવાનું વર્લ્ડ હેલ્થ ઑર્ગનાઈઝેશનના અહેવાલમાંથી ચોંકાવનારી માહિતી બહાર આવી છે. આજે શનિવાર, ૩૧ મે ના દિવસના 'વર્લ્ડ નો ટૉબેકો ડે' તરીકે ઊજવવામાં આવે છે ત્યારે આ દિવસને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૩૧મેથી તમાકુમુક્ત અભિયાન અમલમાં મૂકવામાં આવવાનું છે.

પાલિકાના આરોગ્ય ખાતાના દ્વારા શુક્રવારે પાલિકાના અધિકારી અને કર્મચારીઓને તમાકુના વ્યસનથી મુક્તિની શપથ લેવાડાવવામાં આવી હતી. એ દરમ્યાન તમાકુ સહિતના અન્ય વ્યસનથી થતી આડઅસરની માહિતી આપવાની સાથે જ સમગ્ર મુંબઈમાં તમાકુમુક્તિ અભિયાન ચલાવવાની જાહેરાત આરોગ્ય ખાતાએ કરી હતી.

ભારતમાં ૧૩થી ૧૫ વર્ષના લોકમાંથી ૮.૫ ટકા કિશોરવયના લોકોને તમાકુનું વ્યસન ભરખી ગયું છે. ભારતમાં દરરોજ ૫,૫૦૦ નવા યુવકો તમાકુના ચક્રવ્યુમાં ફસાતા જાય છે. તો દર દિવસે ૩,૫૦૦ લોકના મૃત્યુ તમાકુના વ્યસનને કારણે થાય છે. ગંભીર બાબત એ છે કે તમાકુ અને તમાકુજન્ય પર્દાથના સેવનને કારણે ભારતમાં દર વર્ષે ૧૩ લાખ લોકોનાના મૃત્ય થતો હોવાનો ચોંકાવનારો અહેવાલ વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશનને જાહેર કર્યો હતો.■

# હગવણે કેસમાં નામ ઊછળતા ટોચના જેલ અધિકારીને વધારાના ચાર્જમાંથી મક્તિ

મુંબઈઃ વૈષ્ણવી હગવણે દહેજ ઉત્પીડન-આત્મહત્યા કેસમાં નામ ઊછળતા મહારાષ્ટ્રના વરિષ્ઠ પોલીસ અધિકારી જાલિંદર સુપેકરને ગુરુવારે નાશિક, છત્રપતિ સંભાજીનગર અને નાગપુર વિભાગના જેલના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ તરીકેની વધારાની જવાબદારીઓથી મુક્ત કરવામાં આવ્યા હતા.

સુપેકર પુણેમાં મુખ્ય મથક ધરાવતા મહારાષ્ટ્ર જેલ વિભાગમાં સ્પેશિયલ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ છે. તેઓ આ ત્રણ વિભાગોના ડીઆઈજી તરીકે વધારાનો ચાર્જ પણ સંભાળી રહ્યા હતા.

મહારાષ્ટ્ર ગૃહ વિભાગના આદેશમાં જણાવાયું છે કે જેલ વિભાગમાં ડીઆઈજીનું પદ 'મહત્વપૂર્ણ' અને 'જવાબદારીઓથી ભરેલું' છે, જેમાં કહેવામાં આવ્યું છે કે સુપેકરને 'આ પદોના મહત્વને ધ્યાનમાં રાખીને' તેમના વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવી રહ્યા છે. એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (અઉત્રક્ષ) પછી બીજા ક્રમના આઈજી રેન્કના અધિકારીને ત્રણ પદનો વધારાનો ચાર્જ આપવો એ વહીવટી જરૂરિયાતો અનુસાર 'યોગ્ય' નહોતું, એમ પણ તેમાં જણાવવામાં આવ્યું હતું.

આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે નાગપુર વિભાગના જેલના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલનો વધારાનો હવાલો સ્વાતિ સાઠેને સોંપવામાં આવ્યો છે, જે પુણેના ડીઆઈજી જેલ છે. સુપેકર વૈષ્ણવીના પતિ શશાંકના કાકા છે.

## વૈષ્ણવી હગવણેના પરિવારજનોને ધમકી આપનાર નેપાળ સરહદ પરથી પકડાયો

પુણેઃ પુણે પોલીસ અધિકારીએ શુક્રવારે એવી માહિતી આપી હતી કે વૈષ્ણવી હગવણેના માતાપિતા અને અન્ય લોકો પિંપરી-ચિંચવડમાં તેના ઘરે બાળકનો કબજો લેવા ગયા ત્યારે તેમને બંદૂક બતાવીને ધમકી આપવાના આરોપમાં એક વ્યક્તિની નેપાળ સરહદ પરથી ધરપકડ કરવામાં આવી છે.

વૈષ્ણવી હગવણે (૨૬)એ ૧૬મી મેના રોજ પુણેના બાવધન વિસ્તારમાં આત્મહત્યા કરી હતી, તેના સસરા અને અન્ય લોકોએ દહેજ માટે તેણી પર ત્રાસ ગુજાર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. આ કેસ રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યા બાદ તેના સસરા રાજેન્દ્ર હગવણેને એનસીપીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

વૈષ્ણવીના સસરા રાજેન્દ્ર હગવણે, પતિ શશાંક હગવણે, સાસુ લતા, ભાભી કરિશ્મા અને સાળા સુશીલની દહેજ ઉત્પીડન-આત્મહત્યા કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, વૈષ્ણવીના મૃત્યુ પછી તેનું નવ મહિનાનું બાળક નિલેશ ચવ્હાણ પાસે હતું, જે હગવણે પરિવારના નજીકના સભ્ય છે.

'જ્યારે વૈષ્ણવીના માતા-પિતા અને અન્ય લોકો બાળકનો કબજો લેવા માટે તેના ઘરે ગયા, ત્યારે તેણે તેમને બંદૂક બતાવીને ધમકી આપી. તે સમયે બંદૂક બતાવવા બદલ વારજે પોલીસ સ્ટેશનમાં તેની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. બાળકની યોગ્ય કાળજી ન લેવા બદલ તેની સામે બાવધન પોલીસ સ્ટેશનમાં કિશોર ન્યાય અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો,' એમ અધિકારીએ જણાવ્યું હતું.

'ત્યારથી તે ફરાર હતો. અમે હવે ચવ્હાણને નેપાળ સરહદથી પકડી લીધો છે. તે ભાગી જવાની યોજના બનાવી રહ્યો હતો. તેને પુણે પાછો લાવવામાં આવી રહ્યો છે,' એમ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ) વિશાલ હિરેએ જણાવ્યું હતું. ■

# ઘાટકોપરમાં મંદિરની દાનપેટીઓમાંથી રૂપિયા ચોરનાર રીઢો આરોપી પકડાયો

### બળાત્કારના કેસમાં સજા ભોગવીને છૂટેલા આરોપીએ ટૂ-વ્હિલર ખરીદવા ગુનો આચર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપરમાં મંદિરની દાનપેટીઓમાંથી રૂપિયા ચોરનારા રીઢા આરોપીને પંતનગર પોલીસે ગુનો દાખલ થયાના ત્રણ કલાકમાં જ પકડી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. અપહરણ અને બળાત્કારના કેસમાં સજા ભોગવીને છૂટેલા આરોપીએ નવી ટૂ-વ્હીલર ખરીદવા માટે ગુનો આચર્યો હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.

પંતનગર પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ દીપક ભાનુદાસ ભુક્તર ઉર્ફે ગણેશ ઉર્ફે ગણ્યા (૩૧) તરીકે થઇ હતી. આરોપી વિરુદ્ધ પંતનગર, પાર્કસાઇટ, વિક્રોલી પોલીસ સ્ટેશનમાં ૧૪ ગુના દાખલ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઘાટકોપર પૂર્વના પંતનગરમાં સહકાર માર્કેટ ખાતે પ્રસિદ્ધ ભવાની માતા મંદિરમાં દાનપેટીઓમાંથી આશરે પચીસથી પચાસ હજાર રૂપિયા ચોરાયા હોવાની ફરિયાદ શુક્રવારે સવારના પંતનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઇ હતી. આ ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરી આરોપીને પકડવા માટે ત્રણ ટીમ તૈયાર કરી હતી. આરોપી મોઢા પર માસ્ક પહેરીને આવ્યો હતો, જેને કારણે સીસીટીવી ફૂટેજમાં તેને ઓળખવાનું મુશ્કેલ બન્યું હતું.

દરમિયાન પોલીસે ગુનાની શૈલી તથા આવા ગુનામાં સંડોવાયેલા આરોપી વિશે માહિતી મેળવવાનું શરૂ કર્યું હતું અને તપાસ કર્યા બાદ આરોપીને ત્રણ કલાકમાં પકડી પાડ્યો હતો. આરોપીના ઘરની તલાશી લેવામાં આવી હતી અને મંદિરની બે દાનપેટીમાંથી ચોરેલા ૧૪,૮૭૮ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ચોરી વખતે આરોપીએ પહેરેલા કપડાં અને હથિયાર પણ હસ્તગત કરાયાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

અંબરનાથના શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ૨૧ માર્ચ, ૨૦૧૮ના રોજ આરોપી વિરુદ્ધ સગીરાનું અપહરણ અને બળાત્કાર બદલ ગુનો દાખલ કરાયો હતો અને તેની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં તેને સજા પણ થઇ હતી. સજા ભોગવાની આરોપી હાલમાં જ બહાર આવ્યો હતો અને નવી ટૂ-વ્હીલર ખરીદવા તેણે ચોરીનો ગુનો આચર્યો હતો. ■

# માલવણીમાં બોગસ નોટો સાથે બે પકડાયા

મુંબઈઃ માલવણી વિસ્તારમાં બોગસ નોટો વિતરીત કરવા કારમાં આવેલા બે જણને પોલીસે પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી નોટ છાપવા માટેની સામગ્રી સહિત ૨૨.૩૦ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી.

માલવણી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સંપત સામવચ્ચા એંજપલ્લી (૪૬) અને રહીમપાશા યાકુબ શેખ (૩૦) તરીકે થઇ હતી. બંને તેલંગણાના રહેવાસી છે. માલવણી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ૨૯ મેના રોજ પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે તેમને માહિતી મળી હતી કે માલવણીમાં માર્વે રોડ પર મંદિર નજીક કારમાં બે જણ બોગસ નોટો વિતરીત કરવા આવ્યા છે. આથી પોલીસની ટીમ તાત્કાલિક ત્યાં પહોંચી ગઇ હતી અને કારમાં હાજર બે જણને તાબામાં લીધા હતા. પોલીસે કારની તલાશી લેતાં પાંચસો રૂપિયાના દરની ૧,૭૪૦ બોગસ નોટ મળી આવી હતી. એ સિવાય નોટ છાપવા માટેની સામગ્રી પણ કારમાંથી જપ્ત કરવામાં આવી હતી. ■

# થાણેમાં ટોરેસ કૌભાંડ અત્યાર સુધી ૧૧ કરોડ પર પહોંચ્યું

### રોકાણકારોને આગળ આવીને ફરિયાદ નોંધાવવા પોલીસનો અનુરોધ

થાણેઃ થાણે પોલીસે કરોડો રૂપિયાના ટોરેસ ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં નાણાં ગુમાવનારા રોકાણકારોને આગળ આવીને તેમની ફરિયાદ નોંધાવવા અનુરોધ કર્યો છે.

થાણે પોલીસની ઇકોનોમિક ઓફેન્સ વિંગ (ઇઓડબ્લ્યુ) ટોરેસ કૌભાંડની તપાસ કરી રહી છે, જે જાન્યુઆરીમાં પ્રકાશમાં આવ્યું હતું. મુંબઈ સહિત અન્ય શહેરોમાં ફેલાયેલા આ કૌભાંડમાં અત્યાર સુધી થાણેના ૧,૪૦૦ જેટલા રોકાણકારો ફરિયાદ લઇ આગળ આવ્યા છે, જેમની સાથે ૧૧.૧૨ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવામાં આવી છે.

આસિસન્ટ પોલીસ કમિશનર (ઇઓડબ્લ્યુ) દત્તા ફાબળેએ જણાવ્યું હતું કે કલ્યાણના ખડકપાડા ખાતે જ્વેલરની દુકાન વિરુદ્ધ રાબોડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે ટોરેસ બ્રાન્ડ હેઠળ કાર્યરત હતી અને ગ્રાહકો તથા રોકાણકારો સાથે છેતરપિંડી આચરી હતી. આરોપીઓએ પોતાની પાસેથી અમુક ખરીદીઓ કરવા અને આકર્ષક વળતરો માટે તેમની યોજનામાં રોકાણ કરવા રોકાણકારોને આકર્ષિક કર્યા હતા, પરંતુ ખરીદી અને રોકાણ બાદ આરોપીઓએ પૈસા આપવાનું ટાળ્યું હતું.

થાણેના રહેવાસીએ પોતાની સાથે ૪,૨૪૦ રૂપિયાની છેતરપિંડી થઇ હોવાની ફરિયાદ જાન્યુઆરીમાં નોંધાવ્યા બાદ રાબોડી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા તથા મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (એમપીઆઇડી) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

એફઆઇઆરમાં ટોરેસ જ્વેલરી શોપની સ્થાપના કરના પ્લેટિનમ હર્ન પ્રા.લિ.ના સીઇઓ તૌસીફ રિયાઝ, વિક્ટોરિયા કોવેલાંકો, સર્વેશ સુર્વે, અભિજિત ગુપ્તા વિગેરેના નામ આરોપી તરીકે છે. પાંચ મહિના પૂર્વે મુંબઈમાં સૌપ્રથમ આ કૌભાંડ બહાર આવ્યું હતું. હવે મુંબઇ અને થાણે પોલીસની ઇઓડબ્લ્યુ દ્વારા અલગ અલગ રીતે તપાસ કરવામાં આવી રહી છે. વિદેશી નાગરિકો સહિત અનેક લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અનેક ફરાર છે. ફાબળેએ જણાવ્યું હતું કે થાણેમાં અત્યાર સુધી ૧,૪૩૧ રોકાણકારો ફરિયાદ લઇને આગળ આવ્યા છે. હજી વધુ લોકો સાથે ઠગાઇ થઇ છે. આથી અમે છેતરાયેલા લોકોને આગળ આવીને ફરિયાદ નોંધાવવા માટે અનુરોધ કર્યો છે. (પીટીઆઇ)■

# એશિયન બજારોમાં નરમાઈ, આઈટી અને મેટલ શૅરોમાં વેચવાલીએ સેન્સેક્સ ૧૮૨ પૉઈન્ટ ઘટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી અપીલ કોર્ટે કામચલાઉ ધોરણે પ્રેસિડેન્ટ ડૉનલ્ડ ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅરિફને પુનઃસ્થાપિત કરતાં વૈશ્વિક સ્તરે વેપાર અંગેની અનિશ્ચિતતા સપાટી પર આવતા એશિયન બજારોમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાથી આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને મેટલ અને આઈટી શૅરોમાં વેચવાલીનું દબાણ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૮૨.૦૧ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૮૨.૯૦ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. એકંદરે આજે કોઈ નવા ટ્રીગરના અભાવ અને મોડી સાંજે જાહેર થનારા ગત નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકગાળાના જીડીપીનાં ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી બજાર સાંકડી વધઘટે અથડાઈ ગયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એકંદરે સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૩૩ ટકાનો અથવા તો ૨૭૦.૦૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૪૧ ટકા અથવા તો ૧૦૨.૪૫ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૧,૬૩૩.૦૨ના બંધ સામે નરમાઈનાં વલણ સાથે ૮૧,૪૬૫.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૧,૨૮૬.૪૫ અને ઉપરમાં ૮૧,૬૯૮.૨૧ની રેન્જમાં રહ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૨૨ ટકા અથવા તો ૧૮૨.૦૧ પૉઈન્ટ ઘટીને ૮૧,૪૫૧.૦૧ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૮૩૩.૬૦ના બંધ સામે ૨૪,૮૧૨.૬૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૭૧૭.૪૦ અને ઉપરમાં ૨૪,૮૬૩.૯૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા અથવા તો ૮૨.૯૦ પૉઈન્ટ ઘટીને ૨૪,૭૫૦.૭૦ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે અમેરિકી કોર્ટે રેસિપ્રોકલ ટૅરિફ પુનઃસ્થાપિત કરી હોવાના નિર્દેશો સાથે રોકાણકારો બજારથી દૂર રહ્યા હતા. વધુમાં વિશ્વ બજારમાં પણ આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર હોવાથી કોન્સોલિડેશન જોવા મળ્યું હતું. જોકે, હાલ અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડમાં ભારે બેતરફી વધઘટ રહેતી હોવાથી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી, ગત નાણાકીય વર્ષનાં ચોથા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટા મજબૂત આવશે અને રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં ઘટાડો કરે તેવા આશાવાદને કારણે બજારમાં મોટો ઘટાડો અટક્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં મેહતા ઈક્વિટીઝ લિ.ના રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું કે એશિયન બજારોમાં નરમાઈ તથા આઈટી, મેટલ અને ઑઈલ તથા ગૅસ ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોએ પોઝિશન હળવી કરી હોવાથી બજાર વધુ દબાણ હેઠળ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે બીએસઈ ખાતે કુલ ૪૧૧૯ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૧૮૨૬ શૅરના ભાવ વધીને, ૨૧૬૦ શૅરના ભાવ ઘટીને અને ૧૩૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૦૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૪૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે રહ્યા હતા. આ સિવાય ૧૨ શૅરમાં ઉપલી અને ચાર શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે બીએસઈનાં બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર છ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૪.૫૮ ટકાનો વધારો ઈટર્નલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૧.૮૯ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૮૧ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૦.૬૪ ટકાનો, રિલાયન્સમાં ૦.૨૪ ટકાનો અને બજાજ ફિનસર્વમાં ૦.૦૧ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. આ સિવાય અન્ય તમામ ૨૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં ટેક મહિન્દ્રામાં ૧.૭૩ ટકાનો, એચસીએલ ટૅક્નોલૉજીસમાં ૧.૬૪ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૧.૬૨ ટકાનો, એનટીપીસીમાં ૧.૪૯ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૪૩ ટકાનો અને નેસ્લેમાં ૧.૨૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકાનો ઘટાડો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧૭ ટકાનો સુધારો આવ્યો હતો. બીએસઈ ખાતેનાં સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં સૌથી વધુ ૧.૬૮ ટકાનો ઘટાડો મેટલ ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બીએસઈ ફોકસ્ડ આઈટી અને કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૧.૧૪ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૦૯ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૯૯ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૦.૯૧ ટકાનો અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ફાઈનાન્સિયલ સર્વિસીસ, બૅન્કેક્સ અને કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

હાઈ ક્વોલિટી પ્લાસ્ટિક પેકેજિંગ ફિલ્મ્સની મેન્યૂફેક્ચરર કંપની, ૩બી ફિલ્મ્સ લિમિટેડે રૂ. ૩૩ ૭૫ કરોડના જાહેર ભરણા સાથે ૩૦ મેના રોજ મૂડી બજારમાં પ્રવેશ કર્યો છે. ઑફર સાઇઝ ૬૭.૫૦ લાખ ઇક્વિટી શેરની છે, જેની ઑફર પ્રાઇઝ પ્રતિ શેર રૂ. ૫૦ છે. લોટ સાઈઝ ૩,૦૦૦ ઇક્વિટી શેર છે. આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ મૂડી ખર્ચ, કાર્યકારી મૂડી જરૂરિયાતોને પૂર્ણ કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. આ ઓફર ત્રીજી જૂનના રોજ બંધ થશે.

# ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બેતરફી વધઘટ, ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો અને માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આઠ પૈસાના ઘટાડા સાથે ૮૫.૫૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૮૮૪.૦૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૪૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૪ અને ઉપરમાં ૮૫.૨૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે આઠ પૈસાનાં ઘટાડા સાથે ૮૫.૫૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો અને આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની નીચેની સપાટી આસપાસ રહેતો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીનો અમુક અંશે રૂપિયાને ટેકો મળી રહ્યો છે. જોકે, આજે બજાર વર્તુળોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના એપ્રિલ મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર અને સ્થાનિકમાં જાહેર થનારા ગત નાણાકીય વર્ષનાં ચોથા ત્રિમાસિકગાળાના જીડીપીના ડેટા પર હોવાથી અમુક અંશે સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હતું.

આજે નેશનલ સ્ટેટેસ્ટિક ઑફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષનાં ચોથા ત્રિમાસિકગાળામાં દેશનો જીડીપી વૃદ્દિદર આગલા નાણાકીય વર્ષના સમાનગાળાના ૮.૪ ટકા સામે ઘટીને ૭.૪ ટકાના સ્તરે રહેતાં વર્ષ દરમિયાનનો જીડીપી વૃદ્ધિદર આગલા વર્ષના ૯.૨ ટકા સામે ૬.૫ ટકાના સ્તરે રહ્યો છે.

જોકે, એનએસઓએ પણ તેનાં દ્વીતિય આગોતરા અંદાજમાં પણ વર્ષ દરમિયાન ૬.૫ ટકા વૃદ્ધિદર રહેવાનો અંદાજ મૂક્યો હતો. નોંધનીય બાબત એ છે કે જાન્યુઆરીથી માર્ચ, ૨૦૨૫નાં ત્રિમાસિકગાળામાં ચીનનો જીડીપી વૃદ્ધિદર ૫.૪ ટકાના સ્તરે રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૮ ટકા વધીને ૯૯.૪૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૧ ટકા વધીને બેરલદીઠ ૬૪.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આ સિવાય સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૮૨.૦૧ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૮૨.૯૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનામાં નરમાઈ

# સ્થાનિક સોનામાં ₹ ૧૭૦નો અને ચાંદીમાં ₹ ૬૪૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સાવચેતીના અભિગમ વચ્ચે હાજર અને વાયદાના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું.

તેમ જ ચાંદીના ભાવ પણ ઘટી આવ્યા હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હતી, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૪૨નો ઘટાડો આગળ ધપ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તેમ જ ભાવઘટાડાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૬૪૨ના ઘટાડા સાથે રૂ. ૯૭,૪૫૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટો અને રોકાણકારોએ અપનાવેલા સાવચેતીના અભિગમ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૦ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૪,૯૭૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૩૫૫ના મથાળે રહ્યા હતા. ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સાધારણ સુધારો જોવા મળ્યો હોવા છતાં આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોનો સોના અને ચાંદીમાં નવી લેવાલીમાં નિરુત્સાહ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૯૨.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અત્રે નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. તેમ જ વાયદામાં પણ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ૩૨૯૦.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે હાલના તબક્કે સોનાના વૈશ્વિક ભાવમાં કોન્સોલિડેશન જોવા મળી રહ્યું હોવાનું સિંગાપોર સ્થિત ગોલ્ડસિલ્વર સેન્ટ્રલનાં મેનેજિંગ ડિરેક્ટર બ્રિઆન લાને જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં ધીમો સુધારો આવી રહ્યો હોવાથી સોનાના ભાવમાં રેન્જબાઉન્ડ વધઘટ જોવા મળી રહી છે. વધુમાં આજે મોડી સાંજે અમેરિકાનાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર રોકાણકારોની નજર હોવાથી રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હતું. જોકે એપ્રિલ મહિનાના ફુગાવામાં આગલા માર્ચ મહિનાના ૨.૩ ટકાના વધારા સામે ૨.૨ ટકાનો વધારો જોવા મળે તેવી ધારણા રૉઈટર્સ દ્વારા મૂકવામાં આવી છે. વધુમાં ગઈકાલે સાન ફ્રાન્સિસ્કો ફેડનાં પ્રમુખ મેરી ડેલેએ જણાવ્યું હતું કે ફેડરલના નીતિઘડવૈયાઓ આ વર્ષમાં બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા છે, પરંતુ ફુગાવો જ્યાં સુધી બે ટકાની લક્ષ્યાંકિત સપાટી સુધી ન પહોંચે ત્યાં સુધી વ્યાજદર સ્થિર રહેશે. જોકે, ગત બુધવારે અમેરિકી ટ્રેડ કોર્ટે ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅરિફને રોક લગાવ્યા બાદ અપીલ કોર્ટે ગઈકાલે કામચલાઉ ધોરણે ટ્રમ્પનાં ટૅરિફ લાદવાનો નિર્દેશ આપ્યો હોવાથી અમુક અંશે વેપારો માટેની અનિશ્ચિતતા સપાટી પર આવી હોવા છતાં રોકાણકારોનાં સાવચેતીના અભિગમને કારણે સોનામાં સુધારો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીન, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૩, રૂ. સાત અને રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. તેમ જ કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો અને વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૩ ઘટીને રૂ. ૨૭૪૦, રૂ. સાત ઘટીને રૂ. ૮૮૭ અને રૂ. ચાર ઘટીને રૂ. ૨૫૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નબળી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૧ અને રૂ. ૨૪૧, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૨૯ અને કોપર આર્મિચર તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૧૬ અને રૂ. ૫૮૫ના મથાળે રહ્યા હતા.જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩ના ઉછાળા સાથે રૂ. ૧૩૪૦ના મથાળે અને છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે અનુક્રમે રૂ. ૭૫૩ અને રૂ. ૫૪૯ના મથાળે રહ્યા હતા.

આ સિવાય છૂટીછવાઈ માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦૨ અને રૂ. ૧૮૨ની સપાટીએ ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગને ટેકે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, પરંતુ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૨થી ૩૯૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૮૬માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં થયાના અહેવાલ હતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૫માં પેપર અને પેપર બોર્ડની આયાત ૨૦ લાખ ટનની પાર, સ્થાનિક ખેલાડીઓ સામે વધેલા પડકારઃ આઈપીએમએ

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં પેપર અને પેપર બોર્ડની આયાત વધીને ૨૦.૫ લાખ ટનની વિક્રમ સપાટીએ પહોંચી છે અને તેમાં ચીનથી થતી આયાતમાં ૩૩ ટકાનો ઉછાળો આવ્યો છે. આમ આયાતમાં નોંધપાત્ર વધારો થવાથી સ્થાનિક ઉત્પાદકો સામે પડકાર ઊભા થયાની ચિંતા ઈન્ડિયન પેપર મેન્યુફેક્ચરર્સ એસોસિયેશને વ્યક્ત કરી છે.

આયાતમાં થયેલા વધારાને કારણે સ્થાનિક પેપર ઉદ્યોગ સામે નોંધપાત્ર માત્રામાં પડકારો ઊભા થયા છે, વૃદ્ધિ રૂંધાઈ રહી છે અને ક્ષમતા વિસ્તરણ માટે કરવામાં રોકાણ સામે પણ જોખમો ઊભા થયા હોવાનું એસોસિયેશને એક યાદીમાં જણાવ્યું હતું.

વાણિજ્ય મંત્રાલયને આંકડાકીય માહિતી આપતા એસોસિયેશને જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૧માં પેપર અને પેપર બોર્ડની આયાત જે ૧૦.૮ લાખ ટનની હતી તે વર્ષ ૨૦૨૫માં બમણી થઈને ૨૦.૫ લાખ ટનની સપાટીએ પહોંચી છે. તેમ જ ગત સાલમાં થયેલી કુલ આયાતમાં ચીનથી થતી આયાતનો હિસ્સો ૨૭ ટકા રહ્યો હતો અને આસિયન દેશોથી થતી આયાતનો હિસ્સો ૨૦ ટકા જેટલો રહ્યો છે. મૂલ્યની દૃષ્ટિએ ગત નાણાકીય વર્ષમાં પેપર અને પેપર બોર્ડની આયાત અંદાજે રૂ. ૧૫,૦૦૦ કરોડ સુધીના સ્તરે પહોંચી છે. એકંદરે પેપરની આયાતમાં ઉછાળો થવાથી ખાસ કરીને સ્થાનિક પેપર ઉદ્યોગમાં જેણે મોટી માત્રામાં ક્ષમતા વિસ્તરણ માટે રોકાણ કર્યું છે તેઓ સામે મોટા પડકાર ઊભા થયા હોવાનું એસોસિયેશનના પ્રમુખ પવન અગરવાલે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે પેપરની વધુ પડતી આયાતે ખાસ કરીને નાની અને મધ્યમ કદની પેપર મિલોને બિનપોસાણક્ષમ સ્થિતિમાં મૂકી દીધી છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)ની આંકડાકીય માહિતી અનુસાર દેશની અંદાજે ૮૫૦થી ૯૦૦ પેપર મિલો પૈકી માત્ર ૫૫૦ મિલો કાર્યાન્વિત હોવાનું અગરવાલે ઉમેર્યું હતું.

અમે સરકારને ગુણવત્તા અંગે કડક પગલાં લેવા, દેશમાં ડ્યૂટીમુક્ત અથવા તો ઓછી ડ્યૂટીથી થતી આયાત માટેના કરારોની ફેર સમીક્ષા કરવા અને ભારતીય પેપર ઉદ્યોગને લેવલ પ્લેઈંગ ફિલ્ડ મળે તે માટે પગલાં લેવા અનુરોધ કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**સંકેતોનું સપ્લાય અને ઈન્સ્ટોલેશન**

Sr. ડિવિઝનલ મટેરિઅલ્સ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: ૮૧૨૫૫૨૫૯ તા. ૨૬/૦૫/૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ બ્રેલ્લે સંકેતોનું વર્ણનનું વિવિધ પ્રકારનું સપ્લાય અને ઈન્સ્ટોલેશન. કામની અંદા. કિંમતઃ રૂ. ૮૬,૩૯,૬૨૫.૫૫. બારડીઃ રૂ. ૧,૭૨,૭૯૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ & સમયઃ ૦૪.૦૭.૨૦૨૫, ૧૧.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ & સમયઃ ૦૪.૦૭.૨૦૨૫ના ૧૧.૦૦ ક. ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0206

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ કામ**

Sr. DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮ ઈ-ટેન્ડર નં.: SG_૨૧૬_૨_૧૨૬_WA તારીખઃ ૨૬.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ ડિવિઝનના ઉકાઈ સોનગઢ-જલગાંવ સેક્શનના અધિકારક્ષેત્ર ADEN અમલનેર હેઠળ ધરનગાંવ અને પડસે યાર્ડનું અપગ્રેડેશન & સુધારણા સાથેના સંબંધમાં સિગ્નલિંગ કામ. કામની અંદા. કિંમતઃ રૂ. ૮૦,૧૧,૨૬૬.૮૨. બારડીઃ રૂ. ૧,૬૦,૨૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ & સમયઃ ૨૩.૦૬.૨૦૨૫ ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરની ખોલવાની તારીખ & સમયઃ ૨૩.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0201

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**યાર્ડસમાં ડ્રેઈન્સની જોગવાઈ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮ મંગાવે છે ક્ર.નં.: ૧ ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૭૫ તા. ૨૬/૦૫/૨૦૨૫. કામ અને સ્થળઃ ADEN/નંદુરબાર અધિકારક્ષેત્ર હેઠળ યાર્ડમાં ડ્રેઈન્સની જોગવાઈ. કામની અંદા. કિંમતઃ રૂ. ૧,૯૭,૪૩,૧૪૫.૪૮. બારડીઃ રૂ. ૨,૪૮,૭૦૦/-. ક્ર.નં.: ૨ ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૭૬ તા. ૨૬/૦૫/૨૦૨૫. કામ અને સ્થળઃ ADEN/અમલનેર અધિકારક્ષેત્ર હેઠળ યાર્ડમાં ડ્રેઈન્સની જોગવાઈ. કામની અંદા. કિંમતઃ રૂ. ૧,૦૦,૭૩,૭૯૮.૩૩. બારડીઃ રૂ. ૨,૦૦,૪૦૦/-. બંને ટેન્ડરોની સુપ્રતિની તા. અને સ.: ૨૦.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. બંને ટેન્ડરોની ખોલવાની તા. અને સ.: ૨૦.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0199

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮ મંગાવે છે ઈ-ટેન્ડર નોટિસ નં.: BCT/૨૫-૨૬/૭૪ તા. ૨૬/૦૫/૨૦૨૫. કામ અને સ્થળઃ ચર્ની રોડ સ્ટેશનઃ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સાથે ઈન્ડોર & આઉટડોર સિગ્નલિંગ ગિયર્સની બદલીકરણ સાથેના સંબંધમાં ચર્ની રોડ સ્ટેશન ખાતે આઉટડોર સિગ્નલિંગ કામ સાથે ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમની ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, પ્રોગ્રામિંગ, ટેસ્ટિંગ અને કમિશનિંગ (સંયુક્ત ટેન્ડર). કામની અંદા. કિંમતઃ રૂ. ૧,૫૩,૬૧,૯૫૦.૩૪. બારડીઃ રૂ. ૨,૨૬,૮૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૨૦.૦૬.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૨૦.૦૬.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0200

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# વિશ્વ બજાર પાછળ દેશી-આયાતી તેલના ભાવ દબાણ હેઠળ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૫૪ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૫૪ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર સરસવના ભાવ ટકેલા રહ્યા હતા.

વર્તમાન મે મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા એપ્રિલ મહિનાના ૧૧,૨૦,૭૪૭ ટન સામે ૧૬.૯૨ ટકા વધીને ૧૩,૧૦,૩૩૪ ટન આસપાસની સપાટીએ રહે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ભારત ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૫, સંજય સોયાના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૫ અને મહેશ ઓઈલ તથા ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૭૦ અને રૂ. ૧૧૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૨,૦૦૦ ગૂણીની આવક ગઈકાલની શેષ ૧૦૦૦ ગૂણી મળી કુલ ૧૩,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૧૦માં થયા હતા, જ્યારે રાજકોટની મંડીમાં ૨૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતમાં સ્થાનિક તેમ જ દેશાવરોની અને સ્ટોકિસ્ટોની માગ નિરસ રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૪૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# એમએસએમઈને ધિરાણ ઉપલબ્ધિ વધારવા સરકાર તત્પર

નવી દિલ્હીઃ સરકાર માઈક્રો, સ્મોલ ઍન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમએસએમઈ)ને ધિરાણ વધે અને તેઓની ટૅક્નોલૉજીમાં પણ સુધારો લાવે તેવું ઈચ્છે છે, એમ એક અધિકારીએ આજે જણાવ્યું હતું.

અત્રે કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝની વાર્ષિક સામાન્ય સભાને સંબોધતા એમએસએમઈ મંત્રાલયના અતિરિક્ત સચિવ અને ડેવલોપમેન્ટ કમિશનર રજનીશે જણાવ્યું હતું કે આજે ભારત વિશ્વનું ચોથા ક્રમાંકનું સૌથી મોટું અર્થતંત્ર છે અને ટૂંક સમયમાં જ ત્રીજા ક્રમાંકે પહોંચશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે કોવિડ-૧૯ મહામારીમાં એમએસએમઈ પર અત્યંત માઠી અસર પડી હતી, પરંતુ ઝડપભેર બેઠું થનાર પણ એમએસએમઈ જ હતા.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે એમએસએમઈ દેશમાં ૨૭ કરોડ લોકોને રોજગાર પૂરા પાડે છે આથી જ મંત્રાલય નીતિ ઘડતી વખતે તેનું વિશેષ ધ્યાન રાખે છે. અમે એમએસએમઈની ધિરાણ ઉપલબ્ધતા વધારવા માગીએ છીએ. આ વર્ષે અંદાજપત્રમાં માઈક્રો એન્ટરપ્રાઈઝીસને ક્રેડિટ કાર્ડ આપ્યા છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર છેલ્લાં પાંચ વર્ષમાં એમએસએમઈની બિનઉપજાઉ અસ્ક્યામત (એનપીએ) પાંચ ટકા કરતા ઓછી રહી છે. એમએસએમઈમાં સુધારા માટે ટેક્નોલૉજીની ભૂમિકાનું મહત્ત્વ સમજાવતા તેમણે ટેક્નોલૉજીના ઉપયોગથી પર્યાવરણ અને વૃદ્ધિની ચિંતા હળવી થઈ શકે છે, એવી ભલામણ આપી હતી.

સિમન્સ લિ.ના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર અને મેનેજિંગ ડિરેક્ટર સુનીલ માથુરે જણાવ્યું હતું કે આજે ભારતમાં ઉત્પાદકતાનું સરેરાશ સ્તર ૭૫ ટકા આસપાસ છે, જ્યારે યુરોપમાં ઉત્પાદકતાનું સ્તર ૯૦ ટકા જેટલું છે. આ ખાંચરો ટેક્નોલૉજીનાં વપરાશથી ઓછો થઈ શકે છે. તેમણે નિર્દેશ આપ્યો હતો કે ભારતીય એમએસએમઈ બજાર એક્સેસ અને નાણાકીય પડકારોનો સામનો કરી રહ્યા છે. વધુમાં સોમાણી સિરામિક્સનાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રીકાંત સોમાણીએ જણાવ્યું હતું કે ડિજિટાઈઝેશન મારફતે એમએસએમઈ ખર્ચ ઘટાડી શકે છે અને કાર્યકારી ક્ષમતા વધારી શકે છે. આથી તેમણે એમએસએમઈને પોતાની રીતે આકારણી કરવા જણાવ્યું હતું જેથી તેઓને જરૂરી નાણાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય.

પ્રાર્થના સભા




શ્રી કલ્યાણજી શામજી ગાલા
૨/૨/૧૯૪૬ – ૨૯/૫/૨૦૨૫

માતા–પિતા : ગંગાબેન શામજી ગાલા
પત્ની : શોભના કલ્યાણજી ગાલા
પુત્ર–પુત્રવધુ : ભાવિન-કોમલ
પૌત્ર : કિહાન
ભાઈ–ભાભી : ગિરીશ-કલ્પના
બેન–બનેવી : રેખા-હિરેન છેડા, મીતા-ભરત મારૂ
સાસુ–સસરા: દમયંતીબેન-ગુણવંતરાય મેહતા
સાળા–સાળાવેલી: રોહિત-નીતા, હરીશ-ભાવના

પ્રાર્થના સભા
તારીખ: ૩૧/૫/૨૦૨૫, શનીવાર,
સમય: ૪.૦૦ થી ૬.૦૦

સ્થળ
હિરાવતી સ્ત્રી મંડળ હોલ, ટાગોર રોડ,
સાંતાક્રુઝ વેસ્ટ,મુંબઇ-૪૦૦૦૫૪





પાલનપુર દેરાવાસી જૈન-નિવાસી
હાલ ચર્ચગેટ મુંબઈ-
જગદીશભાઈ લહેરચંદ પરીખ.
ઉમ્મર વર્ષ 93
ગુરુવાર તા. 29-5-2025 ને રોજ
અરિહંત શરણ થેયલ છે.
પૂર્ણિમા બેન ના પતિ,
નિમિલા તથા નિલય ના પિતા
અસિત તથા અંજલિ ના સસરા,
અર્ણવ, ઈશિતા ના દાદા,
અન્વી, અનંત , અનુજ ના નાના .
પ્રાર્થના સભા તથા લૌકિક
વ્યવહાર રાખેલ નથી.
17/18 નાગીન મહાલ, પાંચમે માળે, 82 વીર
નરીમાન રોડ ચર્ચગેટ મુંબઈ 400020


# રવિ વર્માએ ૧૪ જહાજ-સબમરીનના ડેટા શૅર કર્યા

## પાકિસ્તાની એજન્ટે વર્માના બૅંક ખાતામાં રૂપિયા પણ ટ્રાન્સફર કર્યા હતા

પાકિસ્તાન માટે જાસૂસી



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) દ્વારા ધરપકડ કરાયેલા થાણેના જુનિયર એન્જિનિયર રવિ વર્માની પૂછપરછમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે. હની-ટ્રેપમાં ફસાયેલા રવિ વર્માએ ૧૪ અલગ અલગ ભારતીય યુદ્ધ જહાજો તેમ જ સબમરીન સંબંધી સંવેદનશીલ ડેટા પાકિસ્તાની એજન્ટોને શૅર કર્યા હતા.

૨૭ વર્ષનો રવિ વર્મા ડિફેન્સ ટેક્નોલોજી કંપનીમાં જુનિયર એન્જિનિયર તરીકે કામ કરતો હતો અને કંપનીના કર્મચારી તરીકે તે દક્ષિણ મુંબઇના નેવલ ડોકયાર્ડમાં પ્રવેશી શકતો હતો. વર્મા નૌકાદળના જહાજો પર કામ કરતો હતો. નેવલ ડોકયાર્ડમાં મોબાઇલ પર પ્રતિબંધ છે એ જાણતો હોવા છતાં વર્મા યુદ્ધ જહાજો અને સબમરીન પર કામ કરતી વખતે કામગીરી તથા અન્ય તકનીકી વિગતો યાદ રાખતો હતો. ડોક છોડ્યા બાદ અને મોબાઇલમાં એક્સેસ મેળવ્યા બાદ વર્મા વ્હૉટ્સઍપ દ્વારા પાકિસ્તાની ઇન્ટેલિજન્સ ઓપરેટિવને લેખિત સ્વરૂપમાં (જુઓ પાનું ૪) ▶▶

### મારો પુત્ર નિર્દોષ છે, તેને મુક્ત કરવો જોઈએ: રેખા વર્મા

મુંબઈ: પાકિસ્તાની ઇન્ટેલિજન્સ ઓપરેટિવને સંવદેનશીલ માહિતી પૂરી પાડવાના આરોપસર રવિ વર્માની એટીએસે ધરપકડ કર્યા બાદ તેની માતા રેખા વર્મા પુત્રની વહારે આવી છે. રેખાએ જણાવ્યું હતું કે મારો પુત્ર નિર્દોષ છે. તેને મુક્ત કરવો જોઇએ. મારા પુત્રએ કશું ખોટું કર્યુ નથી, તેણે ફેસબૂક બંધ કરવાનું મને વચન આપ્યું હતું. પાકિસ્તાની એજન્ટોની દબાણ અને ધાકધમકીને કારણે તેણે આવું કૃત્ય કર્યું હતું. રેખાએ કહ્યું હતું કે મારા પુત્રને પોલીસ પૂછપરછ માટે લઇ ગઇ ત્યારે મને કહેવાયું હતું કે પાસપોર્ટ સંબંધી કામ માટે તેને લઇ જવામાં આવી રહ્યો છે. જોકે મારા પુત્રને આખો દિવસ અટકાયતમાં રખાયો હતો અને સવારથી સાંજ સુધી તેનું નિવેદન નોંધવામાં આવ્યું. અમને કહેવામાં આવ્યું કે તેની પૂછપરછ ચાલી રહી છે. બાદમાં અમને જાણવા મળ્યું હતું કે તેને એટીએસ પોતાની સાથે લઇ ગઇ હતી અને બાદમાં તેની ધરપકડ કરાઇ હતી. ■


પાંચમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



સ્વ. મહેશભાઈ મનહરકાંત ઉદાણી
(૨૫/૦૭/૧૯૫૨ – ૩૧/૦૫/૨૦૨૦)
જીવન મળવું એ નસીબની વાત છે,
મૃત્યુ મળવું એ સમયની વાત છે,
પણ મૃત્યુ પછી પણ સૌના હૃદયમાં
જીવંત રહેવું એ જીવનમાં કરેલા
સત્કર્મોની વાત છે.
આપની મધુર સ્મૃતિમાં
ઉદાણી અને મોદી પરિવાર તથા
PACK-O-MATIC Family


# ઉદ્ધવ-રાજ ઠાકરેની વધી રહેલી નજદિકીથી ભાજપનું ટેન્શન વધ્યું

## રાજ ઠાકરેને મળવા જશે ચંદ્રશેખર બાવનકુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી પહેલા કોઈ મોટી રમત થવાની અટકળો ચાલી રહી છે ત્યારે ઠાકરે બંધુઓ એકસાથે આવવાની વાતોએ પણ ભાજપની અકળામણમાં વધારો કર્યો છે. આ જ કારણ છે કે ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળે કહી રહ્યા છે કે તેઓ ટૂંક સમયમાં રાજ ઠાકરેના ઘરે ચા પીવા માટે જશે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ ફાયદો થયો હતો, ત્યારે શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપી સાથે ભગવા પક્ષનો પણ સારો સમય રહ્યો હતો, પરંતુ હવે જ્યારે મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીનું બ્યુગલ ટૂંક સમયમાં ફૂંકાય તેવી અપેક્ષા છે, ત્યારે તમામ પક્ષો પ્રાદેશિક મુદ્દાઓ સાથે મરાઠી મતો પર નજર રાખી રહ્યા છે. આ જ કારણ છે કે કેન્દ્ર અને રાજ્યમાં સત્તામાં રહેલી ભાજપ ડબલ એન્જિન સરકાર હોવા છતાં અત્યારે બેચેન છે.

તાજેતરમાં મહાયુતિ સરકારમાં પ્રધાન બનેલા છગન ભુજબળે એમ પણ કહ્યું છે કે ઠાકરે અને પવાર પરિવારોએ એક થવું જોઈએ. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એક સાથે આવવાની અટકળો ચાલી રહી છે, કારણ કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે બંને મરાઠી મતોનું વિભાજન રોકવા માંગે છે. તાજેતરમાં, રાજ ઠાકરેએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે પવાર અને ઠાકરે બ્રાન્ડ હંમેશા મહારાષ્ટ્રમાં રહેશે. તેને ખતમ કરી શકાશે નહીં.

આ પછી, સંજય રાઉતે ઉદ્ધવ ઠાકરે વતી સારો પ્રતિભાવ આપ્યો હતો. સૂત્રો કહે છે કે ઉદ્ધવની આગેવાની હેઠળની શિવસેના યુબીટી હવે કોઈપણ કિંમતે મરાઠી મતોનું વિભાજન રોકવા માગે છે. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી 'શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની પાર્ટી 'મહારાષ્ટ્ર નવનિર્માણ સેના'ને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામોમાં મોટો ફટકો પડ્યો. ઉદ્ધવ ૨૦ બેઠકો જીતવામાં સફળ રહ્યા હતા, જ્યારે રાજ ઠાકરે તેમના (જુઓ પાનું ૪) ▶▶

# આવતા અઠવાડિયે કાંદિવલીમાં ૧૮ કલાકનો પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ ઉપનગરના કાંદિવલીમાં પાઈપલાઈનના જોડાણ અને પાઈપલાઈનમાં વાલ્વ બેસાડવાનું કામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી આવતા અઠવાડિયામાં સોમવારથી મંગળવાર સુધી ૧૮ કલાક માટે કાંદિવલીમાં પાણીપુરવઠો બંધ રહેશે.

કાંદિવલી (પૂર્વ)માં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પાસે ઠાકુર કૉમ્પ્લેક્સમના ગેટ નજીક ૯૦૦ મિલીમીટર વ્યાસની (જુઓ પાનું ૪) ▶▶


FLAMINGO transworld pvt. ltd.
not just a business, but a philosophy



દુનિયા ના વિવિધ રંગ, માણો ફ્લેમિંગો સંગ...
VIETNAM WITH SAPA TOUR WITH CHEF
Ex.Mumbai
10N | 11D
June 22, July 27, Aug 10, Sep 7 2025
BALI SAVER TOUR
Land Package
6N | 7D
June 14, July 5,26, Aug 9, 30, Sep 13, 27 2025
અન્ય ટુરો : •યુરોપ •અમેરીકા •સાઉથ આફ્રીકા •આઈસલેન્ડ•યુકે •સ્કોટલેન્ડ •કેનેડા •સિંગાપોર - મલેશિયા •સ્પેઈન અને પોર્ટુગલ •દુબઈ •થાઈલેન્ડ •ઓસ્ટ્રેલીયા •ન્યુઝીલેન્ડ
28 વર્ષોથી 2,10,000 કરતા પણ વધુ ફેમેલી વેકેશનના સફળ આયોજક
ટુર્સની વિશેષતાઓ: શુધ્ધ શાકાહારી / જૈન તેમજ ફ્લેમિંગો સ્પેશ્યલ ભોજન | આયોજન બધ્ધ પ્રવાસ અને સારા લોકેશનની હોટલો | પ્રોફેશનલ ગુજરાતી ટુર મેનેજર | બધાજ મુખ્ય સાઈટ સીન સહીત
OPERA HOUSE, KANDIVALI, GHATKOPAR, ANDHERI, KHARGHAR, THANE, MULUND, MIRA ROAD, VIRAR, GOREGAON
+91 92740 02968
+91 92744 15253
www.flamingotravels.co.in


# કેળવેના રિસોર્ટમાં ગોળી વાગતા સગીરા ઘાયલ: બોયફ્રેન્ડને તાબામાં લેવાયો

પાલઘર: પાલઘર જિલ્લાના કેળવે ખાતેના રિસોર્ટમાં બોયફ્રેન્ડ સાથે આવેલી ૧૭ વર્ષની સગીરાને ગોળી વાગતાં તે ઘાયલ થઇ હતી. આ પ્રકરણે સગીરાના બોયફ્રેન્ડને તાબામાં લેવામાં આવ્યો હોઇ પોલીસે રિસોર્ટની રૂમમાંથી બંદૂક જપ્ત કરી હતી. બોયફ્રેન્ડે રોષે ભરાઇને સગીરાને ગોળી મારી હોવાનું કહેવાય છે.

કેળવેના રિસોર્ટમાં શુક્રવારે બપોરે એક વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં ઘવાયેલી સગીરાની ઓળખ તેજલ શિવરામ ભીંડે તરીકે થઇ હતી. તેજલને સારવારાર્થે નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી અને ત્યાર બાદ તેને સુપર સ્પેશિયલિટી હોસ્પિટલમાં ખસેડાઇ હતી, જ્યાં ગોળી કાઢવા માટે સર્જરી કરવામાં આવી હતી, એમ પાલઘરના એડિશનલ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ વી.એસ. નરાલેએ જણાવ્યું હતું.

પોલીસ અધિકારીએ કહ્યું (જુઓ પાનું ૪) ▶▶

# પશ્ચિમ રેલવેમાં આજે બપોરથી ૩૬ કલાકનો બ્લોક ૧૬૨ લોકલ રદ કરાશે

મુંબઈ: પશ્ચિમ રેલવેના કાંદિવલી યાર્ડ ખાતે એલિવેટેડ બુકિંગ ઓફિસને તોડવા માટે ૩૧ મે, ૨૦૨૫, શનિવારના બપોરે ૧૩:૦૦ વાગ્યાથી રવિવાર/સોમવારની મધ્યરાત્રિએ એટલે કે ૧/૨ જૂન, ૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ વાગ્યા સુધી પાંચમી લાઇન અને યાર્ડ લાઇન પર ૩૬ કલાકનો મોટો બ્લોક લેવામાં આવશે. આ દરમ્યાન પશ્ચિમ રેલવે પર અપ અને ડાઉન લાઈન પર લગભગ ૧૬૨ ગાડીઓ રદ રહેશે. બ્લોક દરમ્યાન લોકલ તેમજ મેલ,એક્સપ્રેસ (જુઓ પાનું ૪) ▶▶

### ટૂંકાવવામાં આવેલી/ઉપડતી /આંશિક રીતે રદ કરાયેલી બહારગામની ટ્રેનો:

- ૩૦ અને ૩૧ મે, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૪૧૮ અમદાવાદ - બોરીવલી એક્સપ્રેસને વસઈ રોડ પર ટુંકાવવામાં આવશે. તેથી આ ટ્રેન વસઈ રોડ અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે.
- ૧ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૯૪૧૭ બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડથી ઉપડશે. તેથી આ ટ્રેન બોરીવલી અને વસઈ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૩૧ મે અને ૧ જૂને ગાડી નંબર ૧૯૪૨૫ બોરીવલી-નંદુરબાર એક્સપ્રેસ ભાયંદરથી ઉપડશે. તેથી બોરીવલી અને ભાયંદર વચ્ચે રદ રહેશે.
- ૩૧ મે રોજ ગાડી નંબર ૧૯૪૨૬ નંદુરબાર-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ સુધી ટુંકાવવામાં આવી છે. તેથી વસઈ અને બોરીવલી દરમ્યાન રદ રહેશે. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"





09 DAYS
SCENIC Georgia
DEP DATES 07th JUN | 16th JUN
PACKAGE INCLUSIONS
• Helium Ballon Ride, Diamond Bridge, Dashbashi Canyon, Monument Of Chronicles, Alphabetic Tower,Ferris Wheel, અને Ali and Nino Statue નો અદભુત અનુભવ.
• વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• Luxurious Hotels
• તમામ એન્ટ્રન્સ ફી ટૂર કોસ્ટ માં સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



RAV GROUP OF SCHOOL
NO FEAR WITH THEE
MDBHS, RAVHS, HVKT, PRHS
જીવન એક શાળા જ છે
• આપણા જીવન જીવવા બારાખડી અને જ્ઞાન નો ભંડાર લૂટાવ્યો છે, એ શાળાએ જ આપણને ફરી યાદ કર્યા છે.
• અનેરા રોમાંચ સાથે RAV ALUMNI GROUP એ તમને સર્વને ફરી બાળક બની ભેગા થવાનો અવસર ઉભો કર્યો છે.
• "ભુતપૂર્વ વિધાર્થીઓ મીટ ૨૦૨૫" કાર્યક્રમ નુ આયોજન કરેલ છે.
• એક સાંજ, જે જુના સહપાઠીઓ અને શિક્ષકો સાથે ફરી જોડાઈએ અને અમુલ્ય, અવિસ્મરણીય યાદગાર ક્ષણો નો ભંડાર ભેગો કરીએ.



31 May SATURDAY | Alumni Meet | 06 pm SATURDAY
સ્થળ: RAV કેમ્પસ
• ચાલો ફરીથી જોડાઇએ, સારા જૂના દિવસોને ફરીથી જીવવા અને સાથે મળીને નવી યાદો બનાવીએ!
• હમણાં જ નોંધણી કરાવો!
• સમય ના તાલ થી તાલ મીલાવતી આપણી આ શાળા કેટલી બદલાઈ ગઈ છે આ જોવા ને ફરી જુના દિવસો ને માણવા જરૂર થી પધારો.
LIVE MUSIC
FUN & GAMES
FOOD
CONTACT : 8591113122


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**